
શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર
જ્ઞાન




# ચાર સાધન

# ચાર સાધન



પ્રવચનકાર :

પૂ૦ મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજી મહારાજ
' ચિત્રભાનુ '

પ્રકાશક :
દિવ્ય-જ્ઞાન સંઘ
૧૩૭, નેતાજી સુભાષ રોડ
મુંબઇ-૧

*

પ્રથમ આવૃત્તિ
નકલ ૧૦૦૦
ફાલ્ગુન-પૂર્ણિમા
તા૦ ૧૭-૩-૬૫

*

સપ્રેમ ભેટ

*

મુદ્રક :
સાધના મુદ્રણાલય
દાણાપીઠ
ભાવનગર

# વંદના

જેમનાં અમૃતતુલ્ય વચનોએ
અમને સંસ્કારસંપન્ન કર્યાં!
જેમનાં ત્યાગમય સંયમી જીવને
અમારામાં સંયમની ભાવના જગાડી,
જેમના ત્યાગે રાગને પરાસ્ત કરી
અમને સ્વ-સ્વભાવનું દર્શન કરાવ્યું,

તે

પરમોપકારી....જન્મદાતા....ધર્મદાતા....
**પૂજ્ય ગુરુવર્ય શ્રી રંજનવિજયજી મહારાજના**
પવિત્ર સ્મરણમાં આ પુસ્તક
શતશત વંદનાપૂર્વક અંજલિરૂપે ધરીએ છીએ.

—સાધ્વી લાવણ્યશ્રી
—સાધ્વી વસંતશ્રી

# અનુક્રમ

• • •


| | | |
|---|---|---|
| * | પરિચય-પરાગ | ૫ |
| ૧ | લક્ષ્મીનાં ભાગ્ય દાનથી ખીલે છે | ૧ |
| ૨ | વિદ્યા સુકૃતથી ધન્ય બને | ૧૫ |
| ૩ | ચિન્તન એ પરમ તત્ત્વના વિનિશ્ચય માટે છે | ૨૫ |
| ૪ | વાણી પરોપકાર માટે છે | ૪૦ |
| ૫ | માનવધર્મ | ૫૦ |
| ૬ | ભક્તિનું માધુર્ય | ૬૦ |
| ૭ | યોગ પ્રાપ્તિ માટે | ૬૯ |
| ૮ | પ્રભુ મહાવીર | ૮૩ |
| ૯ | સિદ્ધાંતો ભૂલીને માત્ર પૂજા જ કરતા રહીશું ? | ૯૪ |
| ૧૦ | આજના યુગમાં માનવીનું સ્થાન | ૧૦૩ |
| ૧૧ | વેશને વફાદાર રહે તે જ સાચો સાધુ | ૧૨૨ |
| ૧૨ | સિંહણના પુત્ર છો, સિંહ બનજો | ૧૩૬ |
| ૧૩ | ગણેશ-ઉત્સવનું રહસ્ય | ૧૪૦ |
| ૧૪ | મૈત્રીની મંગળ ભાવના | ૧૪૫ |


• • •

# પરિચય–પરાગ

આત્મામાં અનંત શક્તિઓ છે એમ આપણે સાંભળીએ છીએ. પણ આત્મા અરૂપી હોઈ એને આપણે ચર્મચક્ષુથી જોઈ શકતા નથી કે દર્શન કરી શકતા નથી. પણ જ્યારે વિવિધ શક્તિઓથી ભરેલી કોઈ વિશિષ્ટ વ્યક્તિનાં દર્શન થાય છે ત્યારે આપણને પ્રતીતિ થાય છે કે આત્મા અનંત શક્તિઓનો સ્વામી છે.

એવી જ અનુભૂતિ મને પૂ૦ મુનિરાજશ્રી ચંદ્રપ્રભસાગરજી(ચિત્રભાનુ)મહારાજનાં દર્શને થઇ. વિદ્વત્તા, પ્રતિભા, વક્તૃત્વ, ચિન્તન, લેખન અને આધ્યાત્મિક સાધનાથી નીતરતું માધુર્ય—આ બધી શક્તિઓને સંપથી એકસાથે પૂજ્ય મુનિશ્રીમાં વસેલી જોઈ મારું મસ્તક શક્તિઓના આ સ્વામીને નમી પડયું.

એમણે પોતાના પ્રભાવશાળી વ્યક્તિત્વથી અમારા જેવા લાખો યુવક–યુવતીઓને પ્રેરણા આપી જાગૃતિના પ્રભાતમાં ખેંચ્યા છે. મુંબઇની વિદ્યાપીઠો, કૉલેજો, મહાવિદ્યાલયો અને શાળાઓમાં એમના શબ્દો ગુંજી રહ્યા છે. એમને સાંભળવા યુવકવર્ગ આતુરતાથી રાહ જુએ છે.

મુંબઇની પચરંગી પ્રજાના આચારમાં અહિંસા અને વિચારમાં અનેકાન્તની ઉજ્જવળતા લાવવા એમણે જે ગૌરવભર્યું કાર્ય કર્યું છે તેનું આલેખન આજ નહિ પણ આવતી કાલનો ઇતિહાસ જ કરી શકશે.

મુંબઇની શેરીએ શેરીએ કરુણામય વીતરાગની વાણીને વહાવી એમણે કલ્પી પણ ન શકાય એ રીતે લોકહૃદયનું પરિવર્તન કર્યું. અહિંસાની ભાવનાને ઉત્કટ બનાવી, મુંબઇની નગરપાલિકા સુધી પહોંચાડી, અહિંસારૂપી જે એક સ્વપ્ન હતું તેને સાક્ષાત્ કર્યું; જેના પડઘા દેશના ખૂણે ખૂણે આજે પડી રહ્યા છે.

એમની આર્ષદૃષ્ટિને સમાજ ધીરે ધીરે અનુસરી રહ્યો છે. અને સમાજ–જીવનમાં આવતા પરિવર્તનનું ઉષાદર્શન આપણે કરી શકીએ છીએ.

એમણે સ્થાપેલ દિવ્ય-જ્ઞાન સંઘની અનેકવિધ પ્રવૃત્તિઓ અને એ સંસ્થા દ્વારા પ્રગટ થતાં વિચાર-પ્રચૂર કલાત્મક પુસ્તકોને પરદેશમાં પણ અદ્ભુત આવકાર મળ્યો છે. એ પુસ્તકો વાંચી દૂર દૂરથી પ્રવાસીઓ એમને મળવા આવે છે, એમના ઊંડા ચિંતનનો લાભ લે છે અને પાછા સ્વસ્થાને જઈ પોતે જે મેળવ્યું છે તે લેવા બીજાને મોકલે છે. આમ દીવાથી દીવો પ્રગટે એ પદ્ધતિએ આજે જૈન ધર્મનું તત્ત્વજ્ઞાન ભારતના સીમાડા વટાવી દૂર દૂર સુધી પહોંચી રહ્યું છે.

આ મૌન એકાદશીના દિવસે લંડનથી B.B C.ના નિષ્ણાતો અહીં આવી, એમનાં પ્રવચન અને જીવનચર્યાને ટેલિવિઝન માટે રેકોર્ડ કરી ગયા એ પ્રસંગ કોને પ્રેરણા સાથે આહ્લાદ ન આપે? આ બધું બતાવે છે કે ભૌતિકવાદથી થાકેલા પશ્ચિમના માનવીઓને આત્મજ્ઞાનની તીવ્ર ક્ષુધા જાગી છે!

એમની વાણીની એક વિશિષ્ટતા છે. આગમનાં કઠિનમાં કઠિન તત્ત્વોને એઓશ્રી એકદમ સરળ

અને સાદી ભાષામાં મૂકે છે. એમના વિચારોમાં ગહનતા છે અને ભાષામાં સરળતા છે; અને એવું કંઈક એ વાણીમાં છે જે માણસના હૃદયને સ્પર્શી જાય છે. આ વાણીની અસર વિદ્વાનો પર પણ પડી રહી છે. આજે આપણે ત્યાં ભાગ્યે જ એવો કોઈ વક્તા કે ચિન્તક હશે જે એમનાં વિચારો અને પુસ્તકોથી પરિચિત નહિ હોય. આગળ વધીને કહું તો કેટલાકનાં વક્તવ્ય અને લખાણોમાં પણ એમની સ્પષ્ટ છાપ જણાઇ આવે છે.

આ પ્રવચનો 'દિવ્યદીપ'માં છપાયેલ હતાં. વાચકોની માગણી વધતા અને 'દિવ્યદીપ'ના અંકો અત્યારે અપ્રાપ્ય થતા એમાં પ્રગટ થયેલા પૂજ્યશ્રીનાં પ્રવચનોને આ સંગ્રહરૂપે બહાર પાડવામાં આવે છે. મારા જેવા કેટલાય વાચકોને આ પુસ્તક એક સ્મરણનોંધના સંગ્રહરૂપે ગમી જશે તેમાં મને શંકા નથી.

પૂ૦ મુનિશ્રી યુગયુગ જીવો અને અહિંસાનો સંદેશ વિશ્વના ખૂણે ખૂણે પહોંચાડો એવી હું પ્રભુ-ચરણે પ્રાર્થના કરું છું.

O Lord ! Let my head bow unto him;
Who hath kindled the flame of religion
in my heart !

**ડૉ૦ વીરેન્દ્ર પી. શાહ**
M.Com. Ph.D.


## પૂ૦ તપોમૂર્તિ રંજનવિજય મહારાજની

# જીવનઝરમર

કાદવમાંથી કમળ પાકે તેમ સંસારમાંથી સંતો પાકે છે. મુનિરાજશ્રી રંજનવિજયજી મહારાજનું જીવન પણ એવું જ એક કમળજીવન છે.

પાટડીમાં ન્યાય અને નીતિથી વ્યવહાર અને વ્યવસાય ચલાવતા જાણીતા શેઠ કેવળચંદ અને માતા ઝબકબેનને ખોળે વિક્રમ સંવત ૧૯૪૩નાં સુપ્રભાતે એક તેજસ્વી બાળકનો જન્મ થયો. સુંદર આકૃતિ અને શાંત પ્રકૃતિવાળા એ બાળકનું નામ પાડયું રૂગનાથ. ફૂલની જેમ ખીલતા એકના એક એ લાડકવાયા બાળકે જ્યારે નવ વર્ષની ઉમ્મરે નવપદની ઓળી કરી ત્યારથી સૌ એને 'ભગત' કહી હુલામણા નામે બોલાવવા લાગ્યા. લોકોએ તો એ નામ સહજ આપ્યું, પણ રૂગનાથે એ નામને સફળ અને સાર્થક કર્યું.

રૂગનાથભાઈનાં લગ્ન ઝીંઝુવાડાના સંસ્કારમૂર્તિ શેઠ પોપટલાલનાં સુપુત્રી કેવળીબેન સાથે થયાં. કેવળીબેન તો એક નારીરત્ન હતું. એમની વાણીમાં અમૃત અને વર્તનમાં મર્યાદા હતી. આવી ગુણસંપન્ન નારીના સંગે ભગતના જીવનમાં ધર્મનો રંગ ઓર ખીલ્યો. મુક્તિનગર જતાં રથનાં બે ચક્ર જેવાં આ બંને નરનારી સંસારમાં રહ્યાં છતાં પોતાથી થાય તેટલી ધર્માંરાધના કરવા લાગ્યાં. કેવળીબેનનાં પગલે કમળા તો આવી જ હતી, પણ ભગત એનો સદુપયોગ કરવા લાગ્યા.



પૂ. તપસ્વી મુનિરાજશ્રી રંજનવિજયજી મહારાજ

જન્મ : વિક્રમ સંવત ૧૯૪૬ ★ દીક્ષા : ૧૯૮૩ ના અષાઢ સુદ ૧૪

સ્વર્ગવાસ : ૧૯૯૨ આસો વદ ૩

છૂટે હાથે સારા ક્ષેત્રમાં લક્ષ્મીને વાવવા લાગ્યા. ત્રણવાર પોતે ઉપધાન કરાવ્યાં, ઉજમણું કર્યું.

ભગતે સાધર્મિક ભક્તિ આદરી. સ્વામિવાત્સલ્ય કર્યાં, અને ત્રણસો જેટલાં ભાઈ-બહેનોને લઈ સિદ્ધાચલનો સંઘ કાઢ્યો. એમની ઉદારતા જોઈ લોકો પ્રશંસાના પુષ્પો વેરવા લાગ્યા. ભગતના જીવનનું આશ્ચર્ય લોકો જોઈ જ રહ્યા. ભગત લક્ષ્મી વાપરતાં ન થાકે અને લક્ષ્મી એમને ત્યાં ઊભરાતાં ન થાકે.

ભગત જેમ ધનનો વ્યય સુકૃત માટે કરતા હતા તેમ તનથી તપશ્ચર્યા અને આરાધના પણ અજબ રીતે કરતા હતા. વર્ષીતપ, માસક્ષમણ, ઉપધાન, સત્તર ઉપવાસ, સોળ ઉપવાસ, અઠ્ઠાઈઓ, વર્ધમાન તપની ૫૫ ઓળી અને છટ્ઠ–અઠ્ઠમનો તો પાર નહિ. જાણે કે એમને તપનું પણ વરદાન મળ્યું હતું!

આચાર અને વિચારની અસર આસપાસનાં વાતાવરણ પર પડ્યા વિના રહેતી નથી. ભગતના જીવનની અસર એમની બે સુંદર ફૂલ જેવી પુત્રીઓ પર પણ પડી. એમના કોમળ અને નિર્દોષ હૃદય પર ત્યાગનો રંગ ચઢતો જ ગયો. ભગત શાન્તિની પળોમાં પુત્રીઓને સમજાવતા: 'બેટા! સંસારના કીચડમાં ખૂંચી દેડકાં કે પશુ બનવાનું નથી; તરીને તમારે કમળ બનવાનું છે, અને તમારી જીવનસુવાસ જગતને આપવાની છે.'

આમ ધર્મ અર્થની સાધના કરતાં રૂગનાથભાઈ મોક્ષના માર્ગ તરફ વળ્યા. પોતાની બંને પુત્રીઓને દીક્ષાને માર્ગે વાળી અને પોતે પણ સિદ્ધાચલની પવિત્ર ભૂમિમાં ૧૯૮૬ના અષાડ સુદ ૧૪ના દિવસે ભાગવતી દીક્ષા અંગીકાર કરી, અને રૂગનાથ ભગતમાંથી મુનિશ્રી રંજનવિજયજી મહારાજ થયા.

જેમની આરાધના સંસારી અવસ્થામાં પણ આવી ઉત્કટ હોય તેના ત્યાગી જીવનનું તો પૂછવું જ શું ? એમના તપ-ત્યાગની છાયા અદ્‌ભુત હતી. એમની પ્રેરણા અને પ્રયત્નથી સુપ્રસિદ્ધ સિદ્ધક્ષેત્ર ભોજનશાળા નામની સંસ્થાની સ્થાપના થઈ. એ વખતે એ સંસ્થાનો વિરોધ કરનારા આજ એમની ભૂરી ભૂરી પ્રશંસા કરી રહ્યા છે. એવી જ રીતે શ્રી શંખેશ્વરમાં પણ ભોજનશાળાની સ્થાપના કરવામાં આવી. આ બંને સંસ્થાઓ આજે યાત્રિકો અને ભાવિકો માટે આશીર્વાદ સમી ઊભી છે.

એમના ઉપદેશ અને પ્રેરણાથી કચ્છ, કાઠિયાવાડ અને ગુજરાતનાં કેટલાંય ગામોમાં આયંબિલ ખાતાની સ્થાપના થઈ જેમાં આજ હજારો તપસ્વીઓ આયંબિલની તપશ્ચર્યાનો લાભ લઈ રહ્યા છે.

એમનું સંયમી જીવન કેટકેટલાય આત્માઓના ઉદ્ધારમાં પ્રેરણાદાયી બન્યું છે. જે જે એમના સમાગમમાં આવ્યા તેમને સંયમનો રંગ લાગ્યો. *એમના સાઢુભાઈ અને તેમના પુત્ર એમની જ પ્રેરણાથી સંયમના રંગે રંગાયા અને દીક્ષા લીધી. તેમ જ ભગતના ×સાળા અને તેમના પુત્રને પણ એમણે પ્રભુ મહાવીરના પંથે વાળ્યા.

ભગતનાં ધર્મપત્નીનાં મોટાં બહેન સાધ્વી-સમાજમાં સાધ્વીશ્રી લાભશ્રીનાં નામે તપસ્વિની અને સંયમી આત્મા તરીકે પ્રખ્યાત હતાં, એમનાં જ શિષ્યા કેવળીબેન થયાં

---

*સ્વ૦ પૂ૦ મુનિરાજશ્રી ભુવનવિજયજી મહારાજ તથા વિદ્વાન તાર્કિક નયચક્રના સંશોધક મુનિરાજશ્રી જમ્બૂવિજયજી મહારાજ.

×સ્વ૦ મુનિરાજશ્રી વિલાસવિજયજી મહારાજ તથા આચાર્યશ્રી ૐકારસૂરિજી મહારાજ.

જેમનું નામ પાડ્યું સાધ્વીશ્રી કંચનશ્રી. અને એમના જ શિષ્યા થયાં ભગતનાં બંને પુત્રીઓ જે આજે સા૦ શ્રી લાવણ્યશ્રીજી અને સા૦ શ્રી વસંતશ્રીજીના નામે આરાધક અને તપસ્વિની તરીકે સર્વત્ર જાણીતાં છે.

પુત્રી તો પિતાથી પણ એક પગલું આગળ વધે એ કહેવત આ પુત્રીઓએ સાચી પાડી છે.

પૂ૦ સાધ્વીજી વસંતશ્રીજીને મુંબઇ જેવી આ નગરીમાં અત્યારે વર્ધમાનતપની ૬૨મી ઓળી ચાલે છે. અને આ પહેલાં તો એક ઉપવાસથી વર્ષીતપ, છઠ્ઠ છઠ્ઠથી વર્ષીતપ, માસક્ષમણ, વીશ ઉપવાસ, સોળ ઉપવાસ, ચત્તારી અઠ્ઠ, સિદ્ધિતપ, મોટો પખવાસો, કલ્યાણુક, બાવન જિનાલય, ૧થી ચઢતા ૧૦ ઉપવાસ, છમાસી, દોમાસી, વીશ સ્થાનક અને ૫૦૦ સળંગ આયંબિલ—આ બધી તપશ્ચર્યા કરનાર આ મહાન સાધ્વીને જોતાં મસ્તક ભાવથી એમના ચરણોમાં નમી પડે છે.

આજના કાળમાં થતી આવી તપશ્ચર્યા જોઈને ભૂતકાળમાં થતાં મહાન તપો વિશે કોઇના મનમાં શંકા હોય તો તે શંકા ઊડી જાય છે.


વિશિષ્ટતા તો એ છે કે આવી ઉગ્ર તપશ્ચર્યા કરતાં હોવા છતાં એમના મુખ પર પ્રસન્નતા છે, મનમાં શાન્તિ છે, ચિત્તમાં સમજણ છે, જીવનમાં જ્ઞાનની આરાધના છે અને પોતાના વિશાળ સાધ્વી–સમુદાયને જ્ઞાનદાન આપવા સદા તત્પર છે.

બાલ્યકાળથી સંયમમાં મગ્ન અને બ્રહ્મતેજથી ઓપતાં સાધ્વીઓનાં દર્શન કરતાં આપણને બ્રાહ્મી અને સુંદરી સાંભરી આવે છે.

ફૂલનું આયુષ્ય જાણે થોડું જ હોય છે! એવું પૂ૦ મુનિશ્રી રંજનવિજયજીના જીવન અને સંયમનું બન્યું. દીક્ષાના છ વર્ષના કાળમાં તો એ ઘણી ઘણી સાધના કરી ગયા. પાટણના છેલ્લા ચાતુર્માસમાં તો એમણે કર્મોને બાળવા તપની ભઠ્ઠી પ્રગટાવી.

તેમણે ૧૦૮ આયંબિલ કરી ઉપર ૨૧ ઉપવાસની તપશ્ચર્યા કરી. શાન્તિપૂર્વક પારણું કર્યું. એ પછી મન સ્વસ્થ હતું, પણ શરીર ક્ષીણ થઈ ગયું હતું. એમને પોતાનો અન્તિમ સમય નજીક જણાયો, એટલે ૧૯૯૨ના આસો વદ ૬ની વહેલી પરોઢથી જ નમસ્કારમંત્રની આરાધનામાં લાગી ગયા. હાથમાં માળા છે, મુખમાં અરિહંતનું અખંડ રટણ છે, મનમાં દેવાધિદેવનું સ્મરણ છે. એ રીતે એમણે આ ક્ષણભંગુર દેહનો ત્યાગ કર્યો અને સ્વર્ગવાસ પામ્યા.

ધન્ય ધન્ય હો આવા તપસ્વીને.



ભદ્રબાળા નાગરદાસ ગોવિંદજીના પુણ્ય સ્મરણાર્થે

| | |
|---|---|
| જન્મ : | સ્વર્ગવાસ : |
| ૧૯૯૩ના | ૨૦૨૦ના |
| મહા વદ ૧૦ | જેઠ વદ ૭ |

दानाय लक्ष्मी सुकृताय विद्या चिंता परब्रह्म विनिश्चयाय ।
परोपकाराय वचांसि यस्य वंद्यः त्रिलोकीत्तिलकः स एव ॥

# લક્ષ્મીનાં ભાગ્ય દાનથી ખીલે છે!

**આજથી** આપણી પ્રવચનમાળા શરૂ થાય છે. આ પ્રવચનમાળામાં, મનુષ્યને મળેલાં સાધનોનો વિચાર કરવાનો છે. સાધનોનો સદુપયોગ થાય, તો એ માનવ જાત માટે આશીર્વાદ રૂપ બની જાય છે; એનો દુરુપયોગ થાય તો એ અભિશાપ બની જાય છે.

માનવીએ સાધનોનો સદુપયોગ ન કર્યો, તેથી એ ભવોભવ ભટકતો આવ્યો છે. એને સાધન મળ્યાં, પણ એ સાધક ન બન્યો. જેનાથી તરવું જોઇએ, શક્તિ મેળવવી જોઇએ, તેને બદલે તેનાથી એણે વિનાશ સર્જ્યો. જે સાધનોથી એણે તરવાનું હતું, તેનાથી જ એ ડૂબ્યો.

આ સાધનોનો ઉપયોગ કેમ કરવો, તેની ખબર હોવી જોઇએ. ખેતરની સુરક્ષા માટે ચોતરફ વાડ બાંધો, એમાં જો

કપડું ભરાઈ જાય ને તમે ખેંચો તો કાં તો કપડું ફાટે, કાં તો વાડ તૂટી પડે; પણ સંભાળીને કાઢશો તો કપડું પણ નહીં ફાટે ને વાડ પણ રહેશે. તેમ જિંદગી–જીવન કાંટામાં ફસાય નહીં ને સુરક્ષિત સ્થાને પહોંચે, એ માટે આ સાધનો બતાવવામાં આવ્યાં છે.

આ શ્લોકમાં માનવને ચાર શક્તિઓની ભેટ મળી છે, એમ કહેવામાં આવ્યું છે. એ શક્તિઓનો–સાધનોનો જે સદુપયોગ કરે છે એ માનવી ત્રણે લોકમાં, જગતરૂપી કપાળમાં તિલક સમાન શોભે છે. એ ચાર ભેટો છેઃ લક્ષ્મી, વિદ્યા, મન અને વચન.

આજે આપણે લક્ષ્મીનો વિચાર કરીએ. સંસારમાં પૈસાની ઘણી જરૂરીઆત છે. માનવી પાસે પૈસા ન હોય, તો તેની સમાજમાં કિંમત નથી. જ્યારે સાધુ–સંતો પાસે પૈસા હોય તો એની કિંમત કંઈ નથી! સાધુપણામાં અર્થના ત્યાગની ભાવના મુખ્ય ભાગ ભજવે છે. સંતો કહે છે કે આ લક્ષ્મી ભોગ માટે, વિલાસ માટે, વિનાશ માટે કે વ્યભિચાર માટે નથી. આવા દુરુપયોગથી તો માનવ, માનવ મટી પશુ જેવો બને છે. પણ એનો જો સદુપયોગ થાય, તો એ આશીર્વાદ રૂપ થઇ જાય.

જેને લક્ષ્મી મળી છે, તે પુણ્યશાળી છે–પણ કોણ? જે પવિત્ર માર્ગે પોતાની પ્રવૃત્તિ ચલાવે છે તે. જો એ પ્રવૃત્તિ ચાલુ ન રહે, તો લક્ષ્મી સ્થગિત બને છે. અર્થાત્ આવેલી લક્ષ્મી, લોકોની દરિદ્રતા દૂર કરવાને બદલે શાપ કે મુસીબત રૂપ બની જાય છે.

જીવનમાં લક્ષ્મીની ઘણી ઉપયોગિતા છે, એ સત્ય છે. દિવાળીના શુભ દિવસોમાં, તેરસને દિવસે તમે કોની પૂજા કરો છો? લક્ષ્મીની, ધનની; ચૌદસને દહાડે શક્તિની અને દિવાળીના દિવસે વિદ્યાદેવીની પૂજા થાય છે ને? આમ ત્રણે વરદા છે; ધનદા, શક્તિદા ને વિદ્યાદા છે.

અહીં પણ બધી શક્તિમાં પહેલું સ્થાન 'લક્ષ્મી'ને મળ્યું છે. તેને માન્ય ગણવામાં આવી છે. ત્યારે તે લક્ષ્મીને, વખોડવા લાયક ને હલકી છે, એમ કેમ કહેવાય? એનો ઉપયોગ બરાબર ન થાય તો એમ કહેવાય.

લક્ષ્મી દાન માટે વપરાય, તો તે પ્રશંસનીય બને છે; સંગ્રહ માટે બને તો તે શાપ રૂપ બને છે. એટલે જ આજે આપણે વિચાર કરવાનો છે, કે એ લક્ષ્મીને કેવી રીતે વાપરવી. દાનમાં વાપરશો, તો દાન વડે એ તમારી, તમારા ઘરની, તમારા દેશની શોભા વધારશે અને પરિગ્રહમાંથી મુક્ત કરશે; ચિંતાના ભારથી હલકા કરશે.

શાસ્ત્રમાં પરિગ્રહ–પરિમાણવ્રત જે બતાવવામાં આવ્યું છે, તેમાં તમારી શોભા છૂપાઈ છે. માનવી પાસે મર્યાદિત ધન હોય, તો તેને કોઈ હેરાન ન કરે. તેનાં સંતાનો પણ કુસંસ્કારી ન થાય. જેમ વધારે પડતો ખોરાક મળે, તો શરીરમાં રોગો ઉત્પન્ન થાય ને પ્રમાણસર મળે, તો તેનું જીવન તંદુરસ્ત અને સ્વસ્થ થાય. તેમ ધન માટે પણ સમજવું.

માથા ઉપરના વાળની જ વાત યાદ કરો ને! વધારે રાખો તો એ ગરમી કરે, તેલ વધારે ખાય ને આંખની આડા પણ આવે. એટલા માટે જ તો તમે પૈસા આપીને

પણ વાળને કપાવો છો. ધન પણ વાળ જેવું છે. તે તમારી પાસે વાળની જેમ પ્રમાણ પૂરતું હોય તો જ સારું, નહિતર નુકસાન કરવાનું.

લક્ષ્મી આવ્યા પછી, માણસ ત્રણ જાતના બની જાય છે. લક્ષ્મીદાસ, લક્ષ્મીનંદન અને લક્ષ્મીપતિ. કેટલાક, ધન આવતા તેના દાસ બની જાય છે; તેના તાબેદાર તરીકે રહે છે. જીવન સુધી તેની સેવા જ કર્યા કરે. બીજા, લક્ષ્મીના દીકરા હોય છે. લક્ષ્મી જેમ આજ્ઞા કરે, તેમ તે આચરે. નન્દન એટલે પુત્ર. એ આજ્ઞા બહાર કેમ જાય? પણ ત્રીજો, જે લક્ષ્મીનો સ્વામી હોય છે, એ જીવનભર એને છૂટે હાથે વાપર્યા જ કરે છે. અંત સમયે એને એમ ન થાય કે હું બધું જ વાપર્યા વિના મૂકીને જાઉં છું. એનો આત્મા તો સાક્ષી પૂરે કે મેં જીવનને જીવી જાણ્યું છે, લક્ષ્મીને વાપરી જાણી છે, પતિ બની લક્ષ્મીને સદુપયોગમાં ખરચી લહાવો લીધો છે.

તમે લક્ષ્મીને વાપરો નહીં, સારા માર્ગે ખર્ચો નહીં, તમારા ઘરમાં પ્રસંગો આવે ત્યારે પણ દિલના ઉદાર બનો નહિ, તો છેવટે યાદ રાખજો કે જતાં જતાં હાથ ઘસવા પડશે.

વિશ્વનો એ અફર નિયમ છે કે માનવી બધું જ ભેગું કરે છે, પણ અંતે એ બધું અહીં જ મૂકીને જાય છે. જો બધું સાથે લઈ જવાતું હોત તો માણસ પોતાના પ્રાણથી પ્યારાં, પુત્ર-પુત્રીઓને અને પ્રાણપ્રિયાઓને મૂકીને જાત?

સંસારમાં અર્થની જરૂર છે, એ વાત સત્ય છે. પણ તેની મર્યાદા તો જોઈએ. તમારા બૂટની જ વાત વિચારોને! બૂટ પગના માપથી મોટા હોય તો ગબડી જવાય; નાનો હોય તો પગ છોલાઈ જાય; બરાબર હોય તો જ મુસાફરી

થાય. તેમ લક્ષ્મી પણ વધારે હોય તો માણસને ગબડાવી મૂકે છે, અને સાવ અલ્પ હોય તો કંગાલ કરી મૂકે છે. એ મર્યાદિત જ જોઇએ.

ઘણા માણસોને તો છેલ્લી ઘડી સુધી વીલની વ્યવસ્થા કેમ કરવી, તેનો જ વિચાર ચાલતો હોય છે. આ શું બતાવે છે? ધનની પકડ, માણસના મન પર કેવી તીવ્ર છે! જેને વસુંધરાના તિલક સમાન બનવું છે, તે તો લક્ષ્મીને દેતો જાય છે; એ જેમ જેમ દેતો જાય છે તેમ તેમ એ સંપત્તિ પણ વધતી જાય છે. ધન સન્માર્ગે વાપરવાથી કદી ખૂટતું નથી.

*લક્ષ્મીને છૂટે હાથે વાપરો, તો લક્ષ્મીની વૃદ્ધિ થાય છે,* અને જો ન વાપરો તો એ ક્ષીણ થાય છે. લોકો વસ્તુપાળ–તેજપાળને યાદ કરે છે. ઇતિહાસ પણ આ નામોને જતનથી જાળવી રાખે છે. એ કયા દેશના હતા તે સાથે કાંઈ સંબંધ નથી, પણ તેની ઔદાર્યભરી દાનવૃત્તિ સાથે, તે સંબંધ છે. એ પુણ્યશાળીના ઘરમાં અનુપમાદેવી એક આદર્શ નારી હતી. તેને લીધે જ આ વસ્તુપાળ–તેજપાળને આપણે યાદ કરીએ છીએ.

તકદીર–ભાગ્ય એક જુદી જ વસ્તુ છે. એક દિવસ વસ્તુપાલ ધન દાટવા માટે જમીનમાં ખાડો ખોદે છે. ત્યાંથી પણ પુણ્યયોગે ચરુ મળે છે. ત્યારે અનુપમાદેવીએ કહ્યું: 'જેને નીચે જવું હોય તે ધનને નીચે દાટે અને જેને ઊંચે જવું હોય તે ઊંચે સ્થળે–સન્માર્ગમાં વાપરે!'

આ ટૂંકું પણ મર્માળું વચન વસ્તુપાળને ગમ્યું, અને એણે આબૂના શિખર પર ઊંચે ભવ્ય મંદિરો બંધાવ્યાં.

આજે વસ્તુપાળ કે તેજપાળ નથી, પણ તેઓનાં નામને શોભાવનાર સ્થાપત્યો ઊભાં છે. સંપત્તિને કોઈ યાદ કરતું નથી, પણ તેનાં સુકૃત્યોને સૌ યાદ કરે છે. જિનમંદિરોની કારીગરી જોઈ, પ્રેક્ષકોનાં મન અને મસ્તક નમી પડે છે. જોનારનું મન સ્થાપત્યના સર્જનહારને અભિનંદન આપવા દોડી જાય છે. આ છે, સુકૃતમાં વપરાયેલી લક્ષ્મીનો પ્રતાપ.

જેમ વર્ષો પહેલાંનું એમનું સર્જન, આજે આપણને યાદ આવે છે, તેમ આપણે પણ કાંઈક એવું સર્જન કરી જવું જોઇએ, કે જેથી આપણા ગયા પછી પણ લોકો યાદ કરે. દીકરાઓ નામ રાખે કે ડૂબાડે, તેના કરતાં આવું સર્જન કરી, તમારું કામ જ નામ રાખે એવું કરી જવું શું ખોટું છે?

લક્ષ્મીના ત્રણ પ્રકાર છે: દાન, ભોગ અને નાશ. એક ઘીનો ડબ્બો હોય તે કોઈને ખવડાવશો તો ખાનાર બધા રાજી થશે. ઘરમાં રોટલા ઉપર ચોપડો, તો તમે રાજી થાવ પણ એ આગમાં બળી જાય તો દુઃખ થાય. પહેલામાં આત્માની પ્રીતિ છે; બીજામાં દેહતૃપ્તિ છે; ત્રીજામાં વ્યથા છે.

લક્ષ્મી ઘરમાં આવ્યા પછી એને નિયમિત વહેતી રાખવા સારુ, ગંગાનાં પાણી જુઓ. એ સતત વહે છે ને કિનારાઓને લીલા રાખે છે. એક જગ્યાએ જ એ રહે અથવા એનો સંગ્રહ થાય તો એ બંધાય અને ગંધાય. લક્ષ્મી પણ બંધાય અને સંગ્રહિત થાય તો ચિંતા-ભય, વૈમનસ્ય ઊભાં કર્યાં વિના રહે જ નહિ.

જેને લક્ષ્મી મળી નથી, એવાઓ એની સેવા કરે. જ્યારે લક્ષ્મીવાન વિચારે કે મારે શું કરવું? ખરી રીતે તો એવા માણસોએ છૂટા હાથે દાન જ આપવું જોઇએ.

લક્ષ્મી કેમ મળે છે તેનો વિચાર કર્યો છે? મહેનતથી જ મળે છે કે પુણ્યથી? તમારા ઘરમાં ઘાટી–નોકર છે. ૨૪ કલાક મજૂરી કરે છે. તમે રાજી થઈ કેટલા પૈસા આપવાના? પાંચ કે પચ્ચીસ. તે બિચારો જીવનભર શ્રમ કરે તો ય શ્રીમન્ત ન થાય, અને તમે ગાદી પર પડ્યા હો તો ય લક્ષ્મી ચાલી આવે છે, કારણ કે ત્યાં તમારું પુણ્ય રળે છે.

પુણ્યના દિવસો જ્યાં સુધી હોય ત્યાં સુધી સુખ; પછી તો દુઃખ જ આવવાનું. એ ન આવે એના માટે લક્ષ્મીને ચિરસ્થાયી બનાવવા દાન આપો. બેટરીનો પાવર વાપર્યા પછી ખલાસ થાય તો તમે શું કરો છો? બીજો નાખો છો. તેમ નવું શ્રેય; દાન આપી ઉપાર્જન કરવું જોઇએ.

દાન આપવાનાં સાત ક્ષેત્રો છે. જિનમૂર્તિ, જિનમંદિર, જિનાગમ, સાધુ–સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા. આ સાત ક્ષેત્રમાં માનવીથી માંડી દેવ સુધીનો, સૌનો સમાવેશ થઈ જાય છે. આમાં સમાજને ભૂલાતો નથી, ને પ્રભુભક્તિ ચૂકાતી નથી. આવાં આ સાત ક્ષેત્રો બીજે ક્યાંય નહીં મળે.

ખેતરમાં ખેડૂત એક દાણો રોપે છે, તો ચાર મહિને તેના સો દાણા થાય છે. બીજા વર્ષે હજારો થાય. આમ એક બીમાંથી અનેકગણું થાય. યોગ્ય ભૂમિમાં વાવવાથી એકનું અનેકગણું ફળ મળે છે. માટે આ સાત સર્વોત્તમ ક્ષેત્રમાંથી, જે કાળે જેની આવશ્યકતા હોય તેમાં લક્ષ્મી વાપરવી.

એક બગીચો હોય, તેમાં સાત ક્યારા હોય; કોઈમાં ગુલાબ હોય, કોઈમાં મોગરો હોય; કોઈમાં જાસુદ હોય; વળી કોઈમાં સારાં શાકભાજી પણ હોય; પણ બગીચાનો કુશળ માળી સાત ક્યારામાંથી જે ક્યારાનું પાણી સૂકાઈ ગયું હોય

ત્યાં તે રેડે. તેના મનમાં કોઈ ક્યારા પ્રત્યે ભેદભાવ નથી, પણ જરૂરિયાત જ્યાં હોય ત્યાં રેડવાની ભાવના છે. પ્રભુના શાસનમાં સાત ક્ષેત્રો છે. ક્યારામાં પાણી ન હોય, એ ક્યારો પાણી વગર બળીને ભસ્મ થાય છે. તેમ જે ક્ષેત્ર શોષાઈ જતું હોય, સૂકાઈ ગયું હોય ત્યાં દાનનાં પાણી રેડવાં જોઈએ. તો જ સાતે ક્ષેત્રો લીલાંછમ રહેશે, અને પ્રભુના શાસનની વાડી હરિયાળી બનીને શોભશે.

યાદ રાખજો; સાતે ક્ષેત્રો કામનાં છે; માત્ર વિવેકદૃષ્ટિની જ આવશ્યકતા છે. જે ક્યારામાં પાણી નાખવાની જરૂરિયાત છે તેમાં પાણી ન રેડો અને જ્યાં જરૂરિયાત નથી ત્યાં રેડો, તો બંને બળે: એક સૂકા દુષ્કાળથી અને બીજું અતિવૃષ્ટિથી. માટે દાનમાં પણ દૃષ્ટિની આવશ્યકતા છે.

દાન પછી આવે છે, ભોગ. સંસારમાં રહો તો ગૃહસ્થાઈથી, સાદાઈથી રહો. જાણીતાને શરબત આપવું અને અજાણ્યાને પાણી પણ નહીં, એવો તુચ્છતાભર્યો ભેદભાવ મનુષ્યને ન શોભે. આજે તમારે ત્યાં સુખના દિવસ આવ્યા છે તેથી તમે બીજાની પરવા ન કરો, એ તમારી કમનસીબી છે. તમે કોઇને બોલાવતા નથી, તમારું પુણ્ય બોલાવે છે. તમારા પુણ્યનો પ્રભાવ જોઈ, લોકો તમારે ત્યાં લેવા આવે છે.

પુણ્ય પરવારી જશે ત્યારે સૌ કહેશે કે ત્યાં જવું ઠીક નથી; ત્યાં કંઈ નથી. જે માણસ તમારા બારણે આવીને ઊભો છે, તેને તમારા જેવી જ આંખો છે. તમારા જેવાં જ સ્વપ્નો અને ભાવનાની ઊર્મિઓ છે. આવેલાને તરછોડો નહિ. ભોગ એટલે તમે એકલા જ ખાઓ એમ નહિ, પણ આવેલાને આપી, વહેંચીને ખાઓ.

જ્યાં દિલ છે, દિલદારપણું છે, ત્યાં સંપત્તિ વધ્યા જ કરે છે. કોઈ અતિથિ થઈ તમારે દ્વારે આવે ત્યારે તમે તેને પ્રેમથી સૂકો રોટલો ખવડાવશો, તો ય એને એ મીઠો લાગશે. પણ કમનથી શ્રીખંડ–પુરી ખવડાવશો, તો એ ઝેર રૂપે પરિણમશે. માટે દાન આપો, લક્ષ્મી વાપરો તો મનથી વાપરજો. આમ, પ્રેમથી વાવેલી લક્ષ્મી, જ્યાં જશો ત્યાં એ તમારી આગળ હશે.

એક ગરીબ માણસ રોજ ચોળા અને તેલ ખાઈ કંટાળી ગયો હતો. એને થયું, લાવ બનેવીને ત્યાં જાઉં. કારણ કે એના બનેવી મોટા શ્રીમંત હતા. તે શહેરમાં રહેતા હતા, એટલે બનેવીને ત્યાં એ આવ્યો. એ દિવસે બનેવીને થયું: રોજ બદામની કતરી અને મીઠાઈ ખાઈ થાકી ગયા છીએ! આજે ફરસાણ બનાવીએ. અને ખેતરથી તાજા ચોળા મંગાવી, તેલ ને ચોળા ખાવાનો પ્રોગ્રામ ગોઠવ્યો.

બેનને ત્યાં ભાઈ આ જ સમયે પહોંચ્યો. બેનને ખબર નહીં કે ભાઈ મિઠાઈ ખાવા આવ્યો છે. બેને તો ખૂબ પ્રેમથી આગ્રહપૂર્વક ભાઇને જમવા બેસાડ્યો. ભાણામાં ચોળા આવેલા જોઈ, ભાઇએ પૂછયું: 'અરે, તમે અહીં કયાંથી?'

પડખે એક ડાહ્યો માણસ બેઠો હતો, એ સમજી ગયો. તેણે ધીરેથી કહ્યું: 'ભાઈ! માણસ ટ્રેનમાં આવે છે. પણ તગદીર તારથી આવે છે. મૂંઝાયા વિના, જે છે તે ચૂપચાપ ખાઈ લે........'

સામા માણસના તકદીર એવા હોય છે ત્યારે રોજ મીઠાઈ ખાનારા પણ એ દિવસે ચોળા ખાવાનું વિચારે છે. જ્યારે ભાગ્યહીન મીઠાઈ ખાવાને ઈચ્છે છે, ત્યારે તેને ત્યાં પણ ચોળા જ ખાવા મળે છે.

આ ભાગ્ય લક્ષ્મીનાં દાનથી ખીલે છે.

તમારો સારો દિવસ છે, તો દાન વડે. હાથને શુદ્ધ કરતાં શીખો. લેવું ખૂબ અને દેવામાં કાંઈ નહીં; જમવું બધાનું અને જમાડવું કોઇને નહીં; તો એવો વ્યવહાર ક્યાં સુધી ચાલશે ?

ખેતરમાંથી ખેડૂત માલ ઉતારે છે. જરૂર હોય તેટલો પોતાના માટે રાખે છે, પણ ખેતરમાં હોય ત્યારે એનું ધાન્ય ઢોર ખાય, મોર ખાય અને થોડું ચોર ખાય. વધે તે સમાજને ચરણે ધરી દે. એ અનાજ શ્રમ–પરસેવાવાળું છે, છતાં એનામાં દાનની ભાવના ઊંડે ઊંડે પડી છે. જો દાન ન કરે, ભોગ ન કરે, તો એ નાશ થવા માટે બેઠું જ છે.

માણસ વાપરે નહિ અને સદુપયોગ ન કરે તો એનાં સંતાનો ઊડાવે. બાપને રૂપિયાની પણ કિંમત હોય છે, જ્યારે દીકરાને મન દસ રૂપિયા પણ કંઇ નથી. એક શ્રીમંતના છોકરાને મેં કહ્યું: ‘ તું માસિક ત્રણસો રૂપિયાનો હાથખર્ચ કેમ રાખે છે ?’ તે કહે: ‘ત્રણસો તો મને ઓછા પડે છે. શું કરું, વધારે મને મળતા નથી !’ મને થયું, હવે આને સમજાવવાનું વ્યર્થ છે. એને શ્રમ શું છે તે જ ખબર નથી. પછી પૈસાની કિંમત એને કેમ સમજાય ?

આ રીતે ‘ નાશ ’નો સવાલ નજર સન્મુખ આવવાનો જ છે. તો સુખી થવા માટે યોગ્ય ક્ષેત્રોમાં લક્ષ્મીને વાપરી જીવનને સફળ કરવું શું ખોટું છે ?

આજ સુધી તો ઘરની ચિંતા સ્વાર્થી બની સહુએ કરી છે, પણ સમાજની કોણે કરી છે ? સમાજ હશે તો તમે કે ધર્મ ટકશે, એટલું ખાસ યાદ રાખજો.

આ પ્રસંગે મને નદી ને તળાવની વાત યાદ આવે છે. એક દિવસ તળાવે નદીને કહ્યું: 'હે નદી, તું ઉનાળાના દિવસોમાં સાવ સુકાઈ જાય છે, કારણ કે તું આઠ મહિના વહીને તારું જળ વહેંચી નાખે છે! પછી તારી પાસે તે વખતે કોરી ધગધગતી રેતી જ દેખાય છે. જ્યારે હું પાણી કેવું સંગ્રહ કરીને રાખું છું ! તું તો ખળખળ કરતી પૂરમાં વહી જાય છે; હું તો અહીં જ છું.'

નદીએ કહ્યું: 'તારી વાત સાચી. તું ગમે તેટલું સંગ્રહે પણ ઉનાળામાં તો તારું પાણી પણ સુકાઇ જ જાય છે: રહે છે, તો નાનાં નાનાં ખાબોચિયાં ભરાઇ રહે છે. જેમાં જીવ-જંતુઓ જ ઉત્પન્ન થાય છે. વધારામાં તેમાં પગ મૂકનારા બિચારા તારા કાદવમાં ખૂંચી જાય છે ! જ્યારે ગ્રીષ્મમાં પણ મારી પાસે આવનારને હું કંઈ નહીં તો છેવટે નિરાશ તો નથી કરતી. જો થોડો ખાડો ખોદે તો હું વીરડીનું મીઠું પાણી આપીને તેને તૃપ્ત કરું છું !'

નદી ને તળાવની આ વાત યાદ રાખવા જેવી છે. તમારું પુણ્ય ન હોય તો તે તમે ભોગવી નહીં શકો. કુદરતે ઘણું આપ્યું હોય પણ દાનમાં વાપરો નહીં, પોતે ભોગવો નહીં તો તે શા કામનું ? દાન કરવામાં પણ પુણ્ય જોઇએ. માટે સરોવર નહિ, સરિતા બનો.

એક દિવસ હેમચંદ્રાચાર્ય મહારાજ પાટણ પધાર્યા. રાજા કુમારપાળે ખૂબ શ્રદ્ધા અને ભક્તિથી ગુરુવર્યનું સામૈયું કર્યું. આચાર્યશ્રીના શરીર પર થીગડાવાળું ખાદીનું વસ્ત્ર હતું. ઉપાશ્રયમાં પ્રસંગોપાત વિનમ્રભાવે કુમારપાળે ગુરુવર્યને કહ્યું. 'આપને મારા જેવા અનેકાનેક ભક્તો છે. સમાજના ઉપર આપનો અનન્ય ઉપકાર છે છતાં આપના શરીર ઉપર

આવું જાડું થીગડાંવાળું વસ્ત્ર જોઇ અમને શરમ આવે છે. મને આજ્ઞા આપો, હું આપની સેવાનો લાભ ઉઠાવું.'

આચાર્ય મહારાજે જવાબ આપ્યો....'હે રાજન, હું થીગડાંવાળા કપડાં પહેરું એ તને ખટકે છે, પણ તારા સમાજના કેટલાક સાધર્મિક બંધુ, અન્ન અને વસ્ત્ર વગર ટળવળે છે, તેનો તેં વિચાર કર્યો?

જેમ શરીરમાં આત્મા બેઠો છે, ને આત્મા શરીરની સંભાળ રાખે છે, તેમ સમાજમાં આવા આત્મવાન માણસો જોઇએ, જે દાન ને ધર્મથી સમાજને સુખી રાખે. આજે સમાજ અને માણસો વચ્ચે અસમાનતાની દીવાલ ઊભી થઈ છે, જેને દૂર કરવાની જરૂર છે.

આજે મુંબઇ જેવાં શહેરોમાં પચાસ રૂપિયા લઈ સુખ સગવડ સાથે ખાવાનું આપનારી હોટલો મળશે, પણ તમને પ્રેમ-ભક્તિ કે સાધર્મિક બંધુનું સગપણ જોવાનું નહિ મળે. એક રોટલામાંથી અડધો રોટલો બીજાને ખવડાવવાની ભાવનાવાળાને જ, સ્વાભાવિક સુખ-શાંતિ ને આનંદનો અનુભવ થશે.

શાલિભદ્રજીએ પૂર્વના રબારીના ભવમાં શું શું કર્યું હતું, એ વાત તમને ખબર જ હશે.

દિવાળીનો દિવસ છે. ગામમાં સર્વત્ર આનંદ છે. છોકરાંઓ આનંદથી રમી રહ્યાં છે. સૌ ખાધેલી મીઠાઈ ગણાવી જાય છે. ત્યારે પેલો રબારીનો પુત્ર ખીર માટે રડી રહ્યો છે. એની મા બિચારી પુત્રનાં આંસુ જોઇને બે બાકળી થઈ જાય છે.

આંસુ તો પત્થરને પણ પિગળાવે. એટલે માતાનું હ્રદય દ્રવી જાય તેમાં નવાઈ શું ? આડોશી પાડોશીઓ માતાને સીધું આપી, રડતા બાળકને શાંત કરવા અને ખીર બનાવી આપવાનું કહે છે. પડોસમાંથી આવેલા આ ચોખા અને દૂધની ખીર બનાવી, માટીના વાસણમાં પીરસી, મા પાણીભરવા જાય છે.

માટીનું વાસણ છે, તેમાં ચોખા–સાકરથી બનેલી ખીર ઠંડી થાય છે. ગરમ ખીર જલદી ઠંડી થાય તો પેટમાં જાય, એ જ વિચાર બાળકના મનમાં ઘોળાયા કરે છે. ત્યાં એને એક દ્રશ્ય યાદ આવે છે. એના એક ભાઈબંધે એક દિવસ ગુરુ મહારાજને ઘરે આગ્રહ કરી લઈ જઈ, સુપાત્રમાં દાન આપી, આખો દિવસ અનુમોદનાના આનંદમાં વીતાવેલો. તે પ્રસંગ એને સાંભરી આવે છે. એને થાય છે: 'મને પણ આજે એવા મુનિ મળે તો! પણ મારું એવું ભાગ્ય ક્યાં છે?' એના દિલમાં આમ દાનનો ઝરો ખળભળી ઊઠે છે, તે જ ક્ષણે એક ત્યાગી તપસ્વી મુનિરાજ માર્ગ ઉપરથી પસાર થયા છે. ભાવનાની કેવી પ્રબળ અસર!

એ રબારી બાળક ખીરને પડતી મૂકી, ભાવનાના આવેગમાં ઊભો થઇ એમની પાસે જાય છે અને એ ત્યાગી મુનિવર્યને ઘરે બોલાવી લાવે છે. ઉચ્ચ ભાવનાથી મુનિના પાત્રમાં ખીર રેડી દે છે, અને આનંદથી એનું મન ભરાઇ જાય છે. તેનું મન આજે દિવાળી સફળ કર્યાનું મધુર ગીત ગાતું થઈ જાય છે.

ત્યાં તો કામ પૂર્ણ કરી મા પાછી ઘરે આવે છે. ખીર બધી ખલાસ થયેલી જોઇ એને નવાઈ લાગે છે. બાળક પણ કેવું ગંભીર! એના દાનની બડાઈ ન મારી.

આ રબારી મરીને શાળિભદ્ર થાય છે!

દાન જેટલું ગુપ્ત થયેલું હશે, જેટલું સુયોગ્ય પાત્રે પડેલું હશે, જેટલું શુદ્ધ હશે, એટલું એ ચેતનાને ઊર્ધ્વગામી બનાવવામાં મદદરૂપ થશે.

અત્તરની બાટલીનું વિચારો. બાટલીનું ઢાકણું બંધ હોય ત્યાં સુધી એની સુવાસ દીર્ઘજીવી રહે છે, તેમ જ આ દાનનું ઝરણું જેટલું ગુપ્ત હશે તેટલું જ એ દીર્ઘ ફળ આપનારું બનશે.

આજે તમે શાળિભદ્રજીની રિદ્ધિ માગો છો, અભયકુમારની બુદ્ધિ ઇચ્છો છો પણ શાળિભદ્રના દાનની ભાવનાને માગતા નથી. દાન આપ્યા વગર રિદ્ધિ કયાંથી મળવાની ?

સ્ટીમના જોરથી સેંકડો ટન વજનની ગાડી ખેંચી જવાય છે ને? ભાવનામાં આવી શક્તિ નથી એમ કોણ કહે છે? પણ તે ભાવના, બળવાન સંકલ્પમય હોવી જોઇએ.

લક્ષ્મી તમારા ઘરે આવી છે. તે દાનને માટે છે. દાનની સાથે અવાંતર રીતે ભોગ પણ આવી જાય છે; અને જો તમે એ બેઉમાં નહીં વાપરો તો એ લક્ષ્મીનો ત્રીજો માર્ગ–નાશ તો થવાનો જ છે.

રબારી પાસે જેવી દાન આપવાની ભાવના હતી તેવી ભાવના માનવ પાંસે આવે, તો બીજા અનેક શાળિભદ્રો આ ધરતી ઉપર અવશ્ય ઉત્પન્ન થાય જ અને તે પોતાના કુળને અને શાસનને ઉજાળનારા બને.

★

# વિદ્યા સુકૃતથી ધન્ય બને

ગઈ કાલે આપણે 'દાનાય લક્ષ્મી' એ વિષય ઉપર વિચાર કર્યો. આજે ' સુકૃતાય વિદ્યા ' ઉપર વિચાર કરવાનો છે.

કેળવણી શા માટે, ભણવાનો હેતુ શો છે, તેનો મુખ્યત્વે આજે વિચાર કરીશું. વિદ્યા સુકૃત માટે હોવી જોઇએ. અર્થાત્, જીવન કેમ જીવવું એ એના દ્વારા જાણવાનું મળે. કેળવણી એટલે પાઠશાળા કે સ્કૂલમાં જઇ શિક્ષણ લેવું એટલું જ નહીં, પણ આત્મા અને શરીરનો વિવેક–તેનું નામ કેળવણી.

સામાન્યતઃ આજે વ્યાવહારિક કેળવણીનો પ્રચાર એટલો થયો છે કે બી.એ. તો કંઇ હિસાબમાં જ નથી. મને યાદ છે કે ૨૦-૨૫ વર્ષ પૂર્વે, મેટ્રિક પાસ થયેલાઓનું પણ સ્થાન હતું અને બી.એ. થએલો તો સમાજમાં બહુ વિદ્વાન કહેવાતો. જ્યારે આજે તો એમ.એ. વાળાને ય નોકરી શોધવી પડે છે અને ધંધામાં કોઈ સ્થાન નથી. આમાં મેટ્રિકવાળાની તો ગણતરી જ શી ?

માતાપિતાને એક અમર આશા હોય છે કે મારો પુત્ર વિદ્યા સંપાદન કરશે, તો તેનું જીવન સુંદર બનશે; એ સંસ્કારી અને સુખી બનશે, અને કુળ અજવાળશે. એક

પિતાએ એના પુત્રને ઇંગ્લેંડ બેરિસ્ટર થવા મોકલ્યો ત્યારે તેના બીજા મિત્રે કહ્યું: 'કમાઇને એ બહુ પૈસા લાવશે.'

તેના પિતા લક્ષ્મીના પૂજારી ન હતા; સંસ્કારી જીવનમાં માનતા હતા. તેમણે મિત્રને કહ્યું: 'મારો પુત્ર હિન્દુસ્થાનના એક જ નિર્દોષ માણસનેય પણ છોડાવશે તો મારા વીશ હજારના ખર્ચને હું સફળ માનીશ. પૈસા તો વેશ્યા પણ મેળવી શકે. મારો પુત્ર એ માટે નહિ, પણ વિદ્યા માટે જાય છે. વિદ્યા ધનસંચય માટે નહિ, પણ મુક્તિ માટે હોવી જોઇએ.'

જે સુકૃતને માર્ગે લઈ જાય, તેનું નામ વિદ્યા. જે વિદ્યા વિચારોમાં શુદ્ધિ ઊભી ન કરે, વિચારોને શુદ્ધ અને નિર્મળ ન બનાવે તે વિદ્યા નહીં, પણ માનવીના મગજ ઉપર લદાએલી ડીગ્રીઓ છે. જેમ દાન વગરની લક્ષ્મી આનંદ આપતી નથી, તેમ માનવીને સુકૃત વગરની વિદ્યા, સુખ–આનંદ કે શાંતિ આપતાં નથી.

તમે જાણો છો ને કે દૂધની અંદર એકાદ તેજાબનું ટીપું પડી જાય તો તે દૂધ ફાટી જવાનું. પરંતુ ગુલાબના એસેન્સનું એક ટીપું નાખવાથી તે કોલ્ડ્રીંક બની જવાનું. એવા દૂધનું નામ પણ પલટાઈ જાય છે! વધુ સુંદર બની જાય છે.

કેળવણી પામ્યા પછી માનવીના મનમાં આ રીતે જો વિચારોની સુવાસ ન આવે, તો તેની મહત્તા કંઈ નથી. ભણેલો તો એ કે જેના મનમાં ખરાબ વાત ન આવે. શિક્ષિત એ કે જેના મુખમાંથી અસભ્ય, અસંસ્કારી શબ્દ ન નીકળે.

જેમ જેમ વિદ્યા સંપાદન કરે તેમ તેમ સારા વિચારોનો જીવનમાં સંગ્રહ થતો જાય. જેની પાસે સત્ય ને સ્વાશ્રયી જીવન હોય, શુચિ ભાવના હોય, તેની પાસે ભણતર છે એમ કહેવાય.


With best Compliments
from
LALIT BROTHERS
BOMBAY 1

દરેક માબાપ ઈચ્છે છે કે અમારો પુત્ર કેળવાયેલો હોય. તેથી આગળ વધીને ચિંતકો કહે છે કે સંતાનોને અવશ્ય શિક્ષણ આપવું, પરંતુ તે ધ્યાન રાખવાનું છે કે ભણતર સાથે તેને બીજું પણ કંઈક આપવાનું હોય છે: તેનામાં સંયમ, સદાચાર, શિયળ ન હોય તો કેળવણી કંઈ કામની નથી.

સુકૃતની કેળવણી પામેલ વિદ્યાર્થી, પોતાના ગુણો વડે માબાપની ગેરહાજરીમાં, તેને યાદ કરાવે તેવાં કામ કરે છે. ભગવાન મહાવીર સ્વામીને જ્યારે આપણે યાદ કરીએ છીએ ત્યારે, તેમના માતા-પિતા કોણ હતા, એ પણ સહેજે યાદ આવી જાય છે.

મા-બાપો સંતાનને ધનનો વારસો આપે છે, પરંતુ પૈસાનો વારસો આપવો કે ન આપવો તેની બહુ મહત્તા નથી. મહત્તા છે-સંસ્કારનો વારસો આપવામાં. કારણ કેળવણી વિનાનો કે અધ્યાત્મજ્ઞાન વિનાનો માનવી ક્યાં જઈ અટકશે એ કલ્પી શકાતું નથી.

પહેલાના જમાનાના માણસો થોડું ખપ પૂરતું ભણેલા હતા, છતાં એમનામાં છળ-પ્રપંચ જેવા દુર્ગુણો અલ્પ હતા. શાંતિથી જીવનરાજ્ય ચાલતું. પણ આજે જ્યારે શિક્ષણ વધ્યું છે, ત્યારે સુકૃતોનો, શાંતિનો તેમાં અભાવ છે. એટલાં માટે જ કહું છું કે આજના શિક્ષણથી, ઘણું મળવા છતાં દુનિયાને ઓછું મળ્યું છે.

ગાંધીજી યુરોપ જતા હતા. જતાં પહેલાં તેઓ મા પાસે આશીર્વાદ લેવા ગયા. પૂતળી બા એક સંસ્કારી માતા હતી. પુત્રને આશીર્વાદ આપતાં કહ્યું: 'તું પરદેશ ભણવા

જાય તેમાં હું રાજી છું. પરંતુ પરદેશમાં ધર્મને કેમ પાળીશ એ મને સમજાવ.'

આ સંસ્કારી માતા બાજુમાં રહેલા ઉપાશ્રયમાં ગાંધીજીને ગુરુમહારાજ પાસે લઈ ગઈ. એ જાણતી હતી કે વ્રતધારી– ત્યાગી ગુરુઓ જે હિતશિક્ષા આપશે, તે ઘણી ઉપયોગી અને પ્રેરણાદાયી થશે. વ્રતધારી પાસે લીધેલી પ્રતિજ્ઞા, ધ્રુવ-તારકની જેમ એના જીવનમાં માર્ગદર્શક બની રહેશે.

ગુરુ મહારાજે, દારુ ન પીવો, માંસ ન ખાવું અને પરદારાગમન ન કરવું–આ ત્રણ પ્રતિજ્ઞા આપી, મોટા મનથી શુભાશીર્વાદ આપ્યા. ગાંધીજીએ આ વાત પોતાની આત્મ-કથામાં પણ લખી છે.

જૈન મુનિ પાસે લીધેલી આ પ્રતિજ્ઞા ગાંધીજીને વારંવાર યાદ આવતી, એટલું જ નહીં પણ ઘણી વાર એવાં પ્રલોભનો પણ જીવનમાં આવ્યાં હતાં. એનાથી જો એ ચલિત થઈ ગયા હોત તો હું ધારું છું કે એ મહાત્મા ગાંધી ન હોત, માત્ર મોહનદાસ જ હોત. આ બધો પ્રતાપ માતાએ આપેલા સંસ્કારનો છે.

ધનની ધમાલમાં ને ધમાલમાં મા–બાપો આજે સંતાન માટે સંસ્કૃતિનો વિચાર કરતા અટકી ગયા છે. પરંતુ તેથી નુકશાન તમારા જ ઘરમાં છે.

જે મહાપુરુષો થાય છે, જે સુપ્રસિદ્ધ થયા છે, તે બધા વિદ્યાના પ્રતાપે થયા છે. વિદ્યા મેળવ્યા બાદ તેઓએ જીવનમાં એને ઉતારી છે, પચાવી જાણી છે.

લાખ રૂપિયા મળવા જેટલા સરળ છે, તેટલા એ પચા-વવા કે વાપરવા સહેલ નથી. તમે મેળવેલા રૂપિયાનો પણ તમારે સરકારને જવાબ આપવો પડે છે ને? તમે એને ગમે તેમ વાપરી ન શકો. વિદ્યાનું પણ એમ જ છે.

જેટલું ભણ્યા હો તેટલું સારા માર્ગે કામ લાગે, તો સમજો કે એ સુકૃતનું છે. હાથમાં પેન લેતાં તમારો આત્મા જો સાક્ષીપૂર્વક કહી શકે કે હું આ પેન વડે એવો અક્ષર નહીં લખું કે જેથી મારી સરસ્વતી લાજે; અક્ષર લખતાં લખતાં તો મારા જીવનને અ-ક્ષર એટલે કે શાશ્વત બનાવીશ, તો એ વિદ્યા સુંદર છે.

બંગાળમાં ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર નામે એક વિદ્વાન થઈ ગયા. કારણવશાત્ સ્ટેશન ઉપર કોઈની રાહ જોતા એ ઊભા હતા. એ જ વખતે ગાડીમાંથી એક યુવાન બનારસથી ભણીને ઘરે પાછો જવા ઊતર્યો. પાસે એક બૅગ હતી. પેલાએ ખાદીનાં જાડાં વસ્ત્રધારી ઈશ્વરચંદ્રજીને પૂછ્યું: 'તમે મજૂર છો?' જવાબ આપ્યા વગર તેમણે મૂંગા મોઢે બૅગ ઉપાડી લીધી.'

માર્ગો અને ગલીઓ વટાવતાં, એ યુવાનનું ઘર આવ્યું. યુવાને ઘરમાં બૅગ મુકાવી પૂછ્યું: 'ભાઈ, કેટલા પૈસા આપું?' જવાબમાં વિદ્યાસાગરે કહ્યું: 'હું આપના માત-પિતાનાં દર્શન કરવા ઈચ્છું છું.' એટલામાં તો એના મોટાભાઈ અંદરથી દોડી આવ્યા. એમણે એમને ઓળખી લીધા અને વિનમ્રભાવે વિદ્યાસાગરને પગે પડી ક્ષમા માગી; પધારવાનું કારણ પૂછ્યું. મર્મમાં હસીને વિદ્યાસાગરે કહ્યું, "તમારા નાનાભાઈ એટલું બધું ભણીને આવ્યા છે કે તેના ભારના

લીધે આ બેગ પણ તે ઉપાડી ન શક્યા. જ્યારે મારી પાસે કંઈ નહીં એટલે હું એનો ભાર ઉપાડું તો એમને મદદરૂપ બનું ને?"

યુવાન આ વાક્ય સાંભળી ખૂબ શરમાઈ ગયો! એ તરત સમજી ગયો કે આ વ્યક્તિ બીજી કોઈ નહિ પણ બંગાળને કેળવણીથી ભરનાર ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર છે.

શરમાયેલ યુવાનની પીઠ ઉપર હાથ થાબડતાં વિદ્યાસાગરે કહ્યું....'તારે શરમાવાની જરૂર નથી. મારું મહેનતાણું એ જ કે આજથી તું સ્વાશ્રયી બનીશ તો હું માનીશ કે મને મારી મજૂરી મળી ગઈ છે.'

આજે જગતમાં સારા વિચારો ઓછા થયા છે; વિજ્ઞાન વધ્યું છે; એરોપ્લેન ને જેટ વિમાનો શોધાયાં છે; પણ માણસમાં માણસાઈ ઓછી થતી જાય છે. આજે અમેરિકાના પ્રમુખ કેનેડીને એક ઝનૂની માનવીએ, પળવારમાં હતો ન હતો કરી દીધો. જો એ માનવીમાં સુકૃતપૂર્ણ વિદ્યા હોત તો આવું અઘટિત કામ એ કદી કરત?

કેનેડી હંમેશાં કહેતા હતા કે હું નમ્ર છું; પરંતુ સત્યની લડત માટે તો હું અડોલ અને અફર છું. એની પાસે વિદ્યા હતી, સત્તા હતી, સાથોસાથ માનવતા પણ હતી. એણે આખી દુનિયા ઉપર અદ્વિતીય અસર ઊભી કરી હતી. આમ દેશનું ભલું કરવા જતાં આજે એ ખપી ગયા. એ ગયા પણ માનવતાનો અમર પમરાટ એ પાછળ મૂકતા ગયા!

આજે સંશોધન અને શોધખોળમાં જગત ઘણું આગળ વધી ગયું છે. પણ માનવી સદ્‌વિચારોમાં કેટલો આગળ

વધ્યો છે? દશ વર્ષ પૂર્વે એ જ્યાં હતો, ત્યાંથી એ પાછળ છે; આગળ નહીં. એટલા જ માટે કહેવા દો કે આજનો માનવી સારા માણસોને જગતમાં રહેવા દેવા માગતો નથી.

વિચારોમાં જ્યાં સુધી પશુતા છે ત્યાં સુધી તમે યાદ રાખજો, કે દુનિયાના સંશોધકોએ મહેનત કરી સર્જેલું કાર્ય, એક ગાંડો માનવી એક ક્ષણમાં ધૂળ ભેગું કરી નાખશે. આજે દુનિયામાં સારા માણસને પેદા કરવા કરતાં, તેવા માણસને ખોઈ નાખવા રમત રૂપ બની ગયું છે.

ભણીને અશાંતિ ઊભી કરવી, કલહ ઊભો કરવો એ વિદ્યા નથી. શ્રી ઝીણા જેવા કેટલાક બેરિસ્ટરો બુદ્ધિના ખા હતા, પણ તેણે હિંદના બે ભાગ કર્યા. આમ એ જ બુદ્ધિ માનવજાતને અભિશાપ રૂપ બની ગઈ, અને એક ભૂમિનાં સંતાનો બે ભાગમાં વહેંચાઈને આજે લડી રહ્યા છે!

વિદ્યાવાળો આત્મા નમ્ર હોય, ગુણવાન હોય. તેને થાય કે મને વિદ્યા મળી તો તેના પ્રકાશ વડે હું મારો રસ્તો કેમ શોધી લઉં! આ પ્રકાશના પુંજથી લોકોને અંધકાર માંથી પ્રકાશ તરફ કેમ દોરું? નાનકડું કિરણ બની મારું જીવન ધન્ય કેમ બનાવું?

જ્યાં સુધી સૌ સારા નહીં થાય, ત્યાં સુધી જગત સારું નહીં થાય. જ્યાં સુધી આપણી ભાવનાઓ–વૃત્તિઓ–ઇચ્છાઓ ખરાબ હશે, ત્યાં સુધી સારાને જીવવા દેવાનું આપણને નહીં ગમે.

વિદ્યાની પ્રાપ્તિ પાછળ સુકૃતની ભાવના હોય, તો આપો-આપ અધ્યાત્મની ભાવના જીવનમાં આવતી જાય. મારામાં

આવી ભાવના છે. હું આમ ઇચ્છું છું, આમ જીવવા માગું છું, એ રીતની પ્રાર્થના અને કામના કરો. જ્યાં સુધી આવા ઉચ્ચ કોટિના સદ્‌વિચાર જીવનમાં ન આવે ત્યાં સુધી પથ્થર ઉપર પાણી જ સમજજો.

એક મોટું બિલ્ડીંગ હોય; એમાં તમે બાજુ બાજુમાં રહેતા હો. તમે શાકાહારી ભોજન કરો, પેલો પાડોશી માંસાહારી હોય તો ગાળો દીધે કંઇ નહિ વળે. તે માટે તમારે તેનામાં સારો વિચારપ્રવાહ રેડવો પડશે, પ્રેમથી સમજાવવો પડશે, યુક્તિઓથી એને ગળે એ વાત ઉતારવા પ્રયત્ન કરવો પડશે અને ધીરજ રાખી, તમારે આ કાર્યમાં આગળ વધવું પડશે. તો એક દિવસ એના પર તમારી અસર જરૂર થશે. પણ તમે કહો કે મારે શી પડી છે, મરશે. તો એની દુર્ગંધ રોજ તમને મળશે અને જતે દિવસે તમે નહિ તો તમારા છોકરાઓ પર, એના આહારની અસર પડશે અને તમારા ઘરમાં એ પાપ પ્રવેશશે; માટે આંખમિંચામણાં કર્યે નહિ ચાલે. તમારે જગતમાં રહેવું છે તો આ પરિસ્થિતિ સમજવી પડશે.

સારો વિચારક ને સારો લેખક, દુનિયાના પ્રવાહને પલટાવી શકે છે; સમાજને એ સારા વિચારો આપી મગજને ભરી નાખે છે. હું તો વિચારને સહી ( હસ્તાક્ષર ) સાથે સરખાવું છું.

લાખ રૂપિયાનો ચેક લખેલો હોય, પણ તેમાં સહી કરી ન હોય તો ? એ કાગળની કિંમત કંઇ જ નથી. જે પેનથી એ અક્ષરો લખ્યા, એ પેનની પણ કિંમત કંઇ નથી. કિમ્મત તો એ ચેકમાં જે સહી કરે છે, તેની છે. એ સહી ન હોય તો બેન્કવાળો ઊભા પણ રહેવા ન દે.

આજે વિચારોની જરૂર છે. વિચારો સારા થાય તો માનવી સારું કામ કર્યા વગર રહેતો નથી. એક સારો વિચાર, હજારો માણસોનું મંથન કરે છે, અને અનેક શુભ ભાવનાઓ ઊભી કરે છે.

શ્રી તિલક વકિલાત કરતા હતા ત્યારની આ વાત છે. એક નવયૌવના તેમની પાસે અરજી લખાવવા આવી. અરજી લખાઈ ગઈ ને યૌવનાને આપી પણ દીધી. પરંતુ એમણે ન જોયું એ નવયૌવનાનું રૂપ કે સૌંદર્ય. પાસે બેઠેલા આસિસ્ટન્ટે પૂછ્યું: 'આપે એ નવયૌવનાની સામે ઊંચું સરખું પણ કેમ ન જોયું? શું શરમ આવી?' તિલકે જવાબ આપ્યો: 'એ મારી પુત્રી સમાન હતી. હું તેનું રૂપ જોવા માટે આ નથી ભણ્યો.' આનું નામ તે સુકૃતવિદ્યા.

આજે સડક ઉપર માણસો ગાંડાની જેમ જતા હોય છે. એ માને છે કે સારાં કપડાં પહેરવાથી સમાજ અમને સુસંસ્કારી કહેશે. પરંતુ શર્ટ, પાટલૂન કે નેકટાઈમાં કાંઈ પડ્યું નથી. સદ્‌ગુણ–સદ્‌વિચાર અને સુસંસ્કાર જ માનવીનાં ખરાં ભૂષણ છે.

બહારના દેખાવ ઉપરથી માણસનું માપ ન નીકળે. એકવાર હું ચાલ્યો જતો હતો. એક માણસ પક્ષીઓને દાણા નાખતો હતો અને સાથેસાથે વટેમાર્ગુઓને શાંતિથી જવા વિનંતી પણ કરતો હતો. મને થયું કે કેવો ભલો માણસ છે! પણ પછી ખબર પડી કે એ પારધી હતો. એ માનવી ખરી રીતે પક્ષીઓને દાણા નાખવાની સાથે, પોતાની જાળમાં ફસાવવાની પણ ભાવના સેવતો હતો.

તમને દુકાનમાં કોઈ ઘરાક મળવા આવે. તમે તેનો ભાવથી આદર સત્કાર કરો; પરંતુ આ બધું ઘરાકના જ માટે ને? પરોપકાર માટે તો નહિ ને?

માણસ સમાજની લોકકલ્યાણની પ્રવૃત્તિ કરે છે ત્યારે એક મિનિટ પણ સર્વ પ્રથમ પોતાના આત્માને એકાંતમાં લઈ જઈને પૂછે છે કે મારી પ્રવૃત્તિ પાછળ કઇ ભાવના છે? કારણ, આપણે જ આપણા ન્યાયાધીશ બનવાનું છે; તે પછી બીજાના. આપણે આપણા વિચારના સંશોધક થવાનું છે, ક્રિયાના ચોકીદાર બનવાનું છે. એમ કરશું તો જ જાગૃતિ આવવાની.

વ્યાખ્યાન કે સદ્‌વિચાર તમને પલટાવતાં નથી પણ પલટાવવાના વિચાર આપે છે. જ્ઞાન કે વિદ્યા તમને તારતાં નથી, પણ તરવાની કળા શિખવાડે છે. તરવાનું તો છેવટ તમારે જ છે.

બુદ્ધિ દ્વારા, સમજણ દ્વારા જીવમાત્ર સાથે મૈત્રી કરવાની છે. આપણી આંખ, મિત્રની આંખ જેવી હોવી જોઇએ. મિત્રના દોષ, મિત્ર ન કાઢે તો કોણ કાઢશે? મિત્ર તો મા જેવો હોય; તેને મારો તો ય મધુર લાગે. મિત્ર ભૂલ કરે તો આપણું હૈયું બળે. એ સુખી થાય તો આપણે સુખી થઈએ. આવી વિશાળ દ્રષ્ટિ કેળવવા માટે જ સુકૃત વિદ્યાનું મહત્વ છે.

પ્રભુ વીર પાસે એવી અદ્‌ભુત આંખ હતી. એટલે જ તો પ્રભુએ ઈન્દ્રને કહીને, પોતાના પર આવતા ઉપસર્ગને દૂર કરાવ્યા નહીં કે પોતાને પરેશાન કરનારને શિક્ષા અપાવી નહીં. આવી કરુણાદ્રષ્ટિ હતી, એટલે જ ચંડકૌશિક જેવો સર્પ સુધર્યો.

અર્જુનમાળી સાત માનવીની હત્યા કરનારો દુષ્ટ હતો; છતાં ભગવંત પાસે જ્યારે એ ગયો ત્યારે પ્રભુએ એ જ કહ્યું: 'અર્જુન! તેં તારી ઈન્દ્રિયોને બહેકાવી મૂકી છે. તેનું આ પરિણામ છે! ઈન્દ્રિયોનો અતિ વ્યાપાર, વિનાશ સિવાય બીજું શું સર્જે? માટે ઇન્દ્રિયોને ગોપવી, આત્મવિદ્યા પ્રાપ્ત કર.'

વિદ્યા આમ આવાં સુંદર કાર્યો અર્થે જ છે.

# ચિન્તન એ પરમ તત્ત્વના વિનિશ્ચય માટે છે

ગયા બે દિવસમાં આપણે દાન અને વિદ્યાનો વિચાર કર્યો. આજનો વિચાર ચિંતન–મનનનો છે.

મહાપુરુષો કહે છે કે મનન કરે એ મનુષ્ય; પણ મનન શાનું કરવું? આજે એ શોધવાનું છે. માણસ દરેક વસ્તુને ઇન્દ્રિયોથી જૂએ છે, વિવેકની આંખવાળા મનથી નહીં. પણ વસ્તુને ચિન્તનના ચીપિયાથી જો પકડવામાં આવે તો જ એ બરાબર પકડાય.

ઇન્દ્રિયો કેટલું અલ્પ જૂએ છે? પાણીના પ્યાલામાં આંખથી જૂઓ તો શું દેખાય? એકે જીવ દેખાય? પણ મેગ્નિ-ફાઇંગ ગ્લાસથી જોશો તો હજારો જીવ દેખાશે. જે આંખ સાધન વિના જોઈ શકતી નથી, એ સાધનથી એને દેખાય; અને સાધનથી પણ જે ન દેખાય, તે જ્ઞાનીને જ્ઞાનથી દેખાય. મહાપુરુષો કહે છે: ઇન્દ્રિયોથી મન સૂક્ષ્મ છે; પણ મનથી ય સૂક્ષ્મ જ્ઞાન છે.

આજે મનુષ્યને પરમ તત્ત્વ પ્રાપ્ત કરવાનો અવસર પ્રાપ્ત થયો છે. આવો સુઅવસર બીજે ક્યાંય નથી. પશુગતિમાં

અજ્ઞાનતા છે, નર્કગતિમાં જીવોને દુ:ખ સહેવાનું છે, દેવ-ગતિમાં વૈભવ-વિલાસ છે, જ્યારે મનુષ્યગતિમાં જ સાચી સમજણ દ્વારા વિકાસ કરવાનો છે.

આ ચાર ગતિમાં મનુષ્યને વિચાર કરવાની તક છે: એણે પરબ્રહ્મની ચિંતા કરવાની છે, એને બદલે મનુષ્ય આજે પરમનિમ્નની જ ચિંતા કરવામાં પડી ગયો છે. જે લિફ્ટ ઊંચે મહેલમાં લઈ જાય છે, તેના દ્વારા એ નીચે ખાડામાં જવા પ્રયત્ન કરે છે.

જે પરબ્રહ્મ છે તે આખા વિશ્વના અણુએ અણુમાં છે. આત્મા ગયો, એટલે શરીર મડદું છે. માટે જ શરીરમાં જે ચૈતન્યનું તત્ત્વ છુપાયેલું છે, તેની ચિંતા કરો.

આજનો મનુષ્ય ચાર વસ્તુની ચિંતા કરે છે : (૧) પૈસો, (૨) પ્યાર, (૩) પુત્ર-પુત્રીઓ અને (૪) પ્રસિદ્ધિ–આ ચારમાં જ તેનું મન રોકાયેલું છે. બીજું કોઈ ઉદાત્ત તત્ત્વ એની પાસે ન હોવાથી એ વધુ દુ:ખી થાય છે; ચિંતાના બોજથી એ વધુ ને વધુ દબાતો જાય છે.

ભગવાન પાસે, ગુરુ પાસે, જ્યાં એ જશે ત્યાં એ એની જ ચિંતા કરશે. આ મનની ટાંકીમાં જ્યાં સુધી સારા વિચારો નહીં પહોંચે, ત્યાં સુધી આવી ખોટી ચિંતા કરવાનું ય નહીં મટે.

સાતમા નર્કે અહીંથી સીધી રીતે જનારા જો કોઈ જીવ હોય, તો તે એક મનુષ્ય અને બીજો તંદુલિકમચ્છ. અર્થાત્ મનુષ્ય જેમ ઊર્ધ્વગતિ પામવા ભાગ્યશાળી છે, તેમ અધોગતિ પામવા પણ કમનસીબ છે. જેવી મતિ તેવી ગતિ.

જ્ઞાની પુરુષો કહે છે કે તમે તમારી જાતને એકાંતમાં બેસી ત્રણ પ્રશ્ન પૂછો. હું કોણ? હું કયાંથી આવ્યો? હું અહીંથી કયાં જવાનો? આ ત્રણ પ્રશ્નોના વિચાર-મંથનથી તમને નવું જ માખણ મળશે. મનમાં ચિન્તનનો રવૈયો ચાલશે તો જીવનનું નવનીત મળ્યું સમજો.

આજે કોઈ પોતાને પૂછતું નથી કે હું શું કરવા આ પ્રવૃત્તિ કરું છું? શા માટે પ્રભુની પૂજા કરું છું? હું શા માટે પ્રેમ કરું છું? કોને પ્રેમ કરું છું? શા માટે અતિથિ જમાડું છું?

વસ્તુપાલને સાધર્મિકો માટે કેટલો ભાવ હતો! માટે જ તેને ત્યાં અનેક પવિત્ર આત્માઓ આવતા. જેની પાસે પવિત્ર ભાવના છે, ઉચ્ચ વિચારણા છે, જેના રોમેરોમમાં ઉલ્લાસ છે, તેની ક્રિયાઓ અને કાર્યો જીવંત અને ફળવંત બને છે.

પૂજા કર્યા પછી, તમને કોઇ દિવસ એમ થયું છે કે હે પ્રભુ! આપની દ્રષ્ટિ કેવી સમાન છે! ફૂલ જેમ ડાબા કે જમણા હાથનો ભેદ રાખ્યા વિના, બંનેને સુવાસિત કરે છે, તેવી સમાન દ્રષ્ટિ અમારામાં કયારે જાગશે? પૂજા પાછળ આવું કોઇ મનન છે?

તમે કોઇને મળવા જાઓ. એને મળવાનું ન બને તો તમે કહો: "ફેરો નિષ્ફળ ગયો." એમ સામાયિક કર્યા પછી, થોડી પણ જીવનમાં સમતાની ઝાંખી ન થાય તો તમને લાગે છે કે સમય ગુમાવ્યો? સામાયિકમાં આપણે રાગ-દ્વેષને સમતુલામાં મૂકવાના છે.

સામાયિક પરબ્રહ્મની શોધ માટે છે; ઊંડાણમાં ઊતરવા માટે છે. તમે કહેશો: એકની એક વાત વારંવાર વિચારવાથી શું મળે? પણ એ ન ભૂલતા કે મેંદીનાં પાન જરાક પીસવાથી તેનો રંગ ન આવે. એને તો શ્રમ લઈ જેમ પીસો તેમ રંગ આવે છે.

દૂધમાં હાથ નાખો તો તમારા હાથમાં માખણ ન આવે. એ મેળવવા ખૂબ વલોણું કરવું પડે છે. પિપરને પણ ૬૪ પહોર સુધી પીસવામાં આવે તો જ તેમાં રહેલ ગુણધર્મ બહાર આવે છે. તો જ એ માત્રા અને રસૌષધિ બને.

રંગ લાવવા માટે મેંદી પીસવી પડે; પિપરમાંથી સત્ત્વ કાઢવા ૬૪ પહોર સુધી ઘૂંટવી પડે; છાશમાંથી માખણ કાઢવા એ વલોવવી પડે; તો અમર આત્માની શોધ માટે કંઈ નહીં? એ માટે ચિન્તન, મનન, કંઈ જ નહીં?

શંકરના લિંગ ઉપર સતત જળધારા પડે છે, તેમ માણસના મગજ પર જ્ઞાનરૂપી જળધારા ન પડે, તો અગ્નિશિખા પ્રજ્વલિત રહે. પછી એ જ્વાળા આંખ ને વચન, બધાં સાધનોને નુકસાન પહોંચાડે. માનવીમાં પશુતા લાવનાર, કષાય અને અજ્ઞાન છે; એટલે જેમ જેમ સારું સાંભળીએ, તેમ તેમ જીવનનું અજ્ઞાન અને અશુભ વૃત્તિઓ દૂર થાય છે.

સાધના વિના, ખાઈ પીને જો મોક્ષ મળતો હોય તો બધાંને આનંદ થાય. ન સાધના, ન મૌન, ન સ્વાધ્યાય, ન એકાંતમાં ધ્યાન, ન તપ, ન ત્યાગ; આવો સસ્તો ધર્મ મળે તો કોને ન ગમે? ભોગી જીવોએ તો ધર્મને પણ ભોગપ્રધાન બનાવવા પ્રયત્ન આદર્યો છે.

તમને થતું હશે કે ટેલિફોન ઉપર વાતો કરતાં લાખો રૂપિયા ક્યાં નથી મળતા ? તો શું મોક્ષ પણ એમ ન મળે? પણ લક્ષ્મી પૂર્વકૃત પુણ્યાનુબંધી પુણ્યના ઉદયથી મળે છે, જ્યારે મોક્ષ મેળવવા તમારે સર્વ કર્મનો ક્ષય કરવો પડશે. આ કર્મક્ષય માટે ધ્યાન અને ચિંતનની જરૂર છે.

આજે વિસ્તાર વધ્યો છે, પણ ઊંડાણ નથી. ધર્મક્રિયાનો વિસ્તાર છે, પણ ચિન્તનનું ઊંડાણ નથી. પ્રવૃત્તિની પાછળ ખરી રીતે વિચારસરણી જ ભાગ ભજવે છે.

મેંદીનાં પાન પહેલાં લીલાં હોય છે. પીસો પછી લાલ બને છે. દૂધમાં આમ જૂઓ તો કંઈ ન દેખાય, પણ વલોણા પછીનું માખણ હાથે એવું ચોંટે કે સાબુથી પણ જાય નહીં. પિપર ખાઓ તો તમને કાંઈ ન થાય. પણ ચોસઠ પ્રહર ઘૂંટેલી ખાઓ, તો ગરમી ગરમી થઈ જાય. આ છે ચિન્તન અને મનનનો મહિમા.

સામાયિક એક આસન છે; એક આસને બેસીને જ થાય. એ સમય દરમિયાન, સામાયિકમાં શાંતપણે વિચારવાનું છે કે હું મુક્ત, બંધનમાં કેમ પડ્યો? હું મુક્તિનો પ્રવાસી, અહીંનો વાસી કેમ થયો ? હું ક્યાં છું ? અહીં હું શું કરવા આવ્યો હતો અને શું કરી રહ્યો છું ?

આ રીતે એકાંતમાં પરબ્રહ્મનો વિચાર કરવાનો છે. સંકુચિતતામાંથી વિશાળતામાં જવું, એનું જ નામ પરબ્રહ્મ. 'મારી પત્ની' ને 'મારા પુત્ર'ને બદલે વિશ્વ આખું મારું છે. આ વિચાર વિશાળતા વિના ક્યાંથી આવે ?

જે માણસ બંધનથી બંધાયો છે, તે છૂટો થવા માટે સર્વ પ્રથમ બંધનને ઢીલાં કરશે. પછી તેનો ત્યાગ કરી,

તોડીને મુક્ત થશે. તેમ માણસ, વિષયકષાયનાં બંધનમાં બંધાયો છે. તેને શિથિલ કરવાને બદલે, એ તેને વધારે દૃઢ બનાવે છે! ગમે છે બંધનો, અને વાતો મુક્ત થવાની કરીએ, તે કેમ ચાલે? માટે વિચારો કે મુક્ત કેમ થઇશું?

એક માણસે એક પોપટને પાંજરામાં પૂરી રાખ્યો હતો. મેં તેના માલિકને પૂછ્યું: 'તમે શા માટે આને પૂરી રાખ્યો છે?' તેણે જવાબ ન આપતાં બારણું ખોલ્યું. પોપટ મુક્ત થયો. એ ઊડ્યો, પણ બંધનમાં જ સુખ માનનારો એ, ગગનમાં ચક્કર મારી, ફરી પાછો પાંજરામાં આવીને ભરાઇ બેઠો.

મને થયું: આપણે પણ એમાંના જ છીએ. આપણને પણ બંધનનાં પાંજરાં ગમે છે. એ પોપટ જન્મથી એવો ટેવાયો હતો કે ઉડાડો તો પણ પાછો પાંજરામાં જ બેસે. અનંતનો સ્વાભાવિક આનંદ માણવાનો એ ભૂલી ગયો છે. અહીં જ એણે પોતાનું સુખ માન્યું છે.

આજે આપણા આત્માની દશા પણ આવી જ છે. જાત્રામાં જાય તો પણ ઘરનાં બંધન વગર એ રહી ન શકે. ઉપધાન કરે, પૌષધ કરે અથવા સામાયિક કરે, તો પણ ઘરનું વાતાવરણ એનાથી ન છૂટે. જે સ્થળે છૂટવાનું છે, છૂટવા માટે જઇએ છીએ, ત્યાં પણ બંધન! તો પછી છૂટશો ક્યાં? છૂટશો કેમ?

અનુકૂળ પુત્ર હોય, અનુકૂળ પત્ની હોય, અનુકૂળ શરીર હોય, અનુકૂળ મકાન હોય અને અનુકૂળ સંપત્તિ હોય તો એ તમારો મોક્ષ. પણ જ્ઞાનીઓ કહે છે; 'એ મોક્ષ નથી, પણ સુખનો ભ્રમ છે. સાધનનો ટેકો છે. સાધન

ખસતાં, જ્યાં સુખ દેખાય છે, ત્યાં જ દુઃખ દેખાશે. ઊંડાણથી વિચારશો તો જણાશે કે આ બહારનું સુખ જ દુઃખનો જનક છે.'

પાણીની ટાંકી જેટલી ઊંચી હોય, એટલું ઊંચે પાણી ચઢે છે, એ તમે અનુભવ્યું છે. તેમ મનને, ઊંચા વિચારો વડે ઊંચું બનાવીએ તો મગજ સુધી સદ્‌વિચાર પહોંચે. તન માટે નળનાં પાણી છે, જ્યારે મન માટે જ્ઞાનનાં પાણી છે. વાણી અને પાણી વિના કોઈ દિવસ પવિત્ર થવાતું નથી.

દરેક ગામમાં જવા માટે રાજમાર્ગ-સડકો હોય છે. તેમ મોક્ષની સડક કઈ? મોક્ષની સડક છે–સમ્યગ–દર્શન, –જ્ઞાન ને ચારિત્ર.

દર્શન એટલે તત્ત્વનો પ્રથમ દ્રષ્ટિએ સ્પર્શ. સ્પર્શની સાથે આત્મામાં દિવ્ય ઝણઝણાટી થાય છે. એવા આનંદનો અનુભવ થાય. એ પછી જ્ઞાન. જ્ઞાન એટલે તત્ત્વનું આન્તર દર્શન. વસ્તુના બધા પાસાઓનું જ્ઞાન. એ જ્ઞાનના આનંદના અનુભવ પછી, એ તત્ત્વનું આનંદ–સ્વરૂપે વ્યક્તિમાં સંક્રમણ થવું, તેનું નામ ચારિત્ર.

નયસારની વાત ખૂબ પ્રસિદ્ધ છે. એ જંગલમાં લાકડાં કાપવાને ગયો હતો. બાર વાગ્યાના સમયે ખાવા માટે રોટલો કાઢે છે. ભૂખ તો એવી લાગી છે કે પથ્થર પણ પચી જાય.

ખાવાની વાત કરો તો બધાને ખાતાં આવડે છે. પણ એ જમાનાના માણસો ખાતાં પહેલા કંઈક વિચારતા હતા. શું વિચારતા હતા તે જુઓ. નયસારે વિચાર્યું–' આ

જંગલમાં જો મને કોઈ અતિથિ મળે તો કેવું સારું? એકલો ખાઉં, તેના કરતાં આ રોટલાને ભાંગવામાં બીજો કોઈ ભાગીદાર હોય તો?' પહેલાંના માણસો માનતા કે ખાવું ખરું પણ થોડું બીજાને આપીને, ભાગ પાડીને ખાવું.

નયસાર એ અવસ્થામાં **જૈન** નથી, પણ માનવ છે. માનવને છાજે એવો એ વિચાર કરે છે.

બધી ઈમારતો આ માનવતાના પાયા ઉપર ઊભી થાય છે. ભલે પછી એને કોઈ ધર્મ કે સદ્‌ગુણ ન કહે! આવા માનવમાં પછી આપોઆપ શ્રદ્ધા, શ્રવણ ને સંયમ આવે છે.

કોને આપવું? એ વખતે નયસારને જાતિ–દેશ કે ધર્મનું બંધન નહોતું. એની નજર એક મુનિવર ઉપર પડી. મુનિ સાર્થવાહથી છૂટા–ભૂલા પડી ગયા છે. એ સંતને જોતાં જ, એની ચેતનામાં આનંદની ઝણઝણાટી થઈ. આમ તેને એ પ્રથમ ક્ષણે જ દર્શનનો સ્પર્શ થયો.

જાણો છો, સભ્યતા શું છે? નમન. મુનિને એ જૂએ છે ને ભક્તિભાવથી નમન કરે છે. ગુરુજનોને નમનારો, ભવિષ્યમાં આખા જગતને પોતાને ચરણે નમાવી શકે છે. જૂઓને, વૃક્ષો નમે છે એટલે એ ખીલે છે. શું એકેન્દ્રિય એવા વૃક્ષનો ગુણ પણ માણસમાં નહિ રહે?

સન્મુખ જઈ તેણે કહ્યું, 'મહારાજ, મને લાભ આપો.' આહાર, પાણી પતાવી શાંત થયા પછી પૂછ્યું: 'મહારાજ, તમે આ અટવીમાં ક્યાંથી?

મહારાજે જવાબ આપ્યો : 'હું સાથીઓથી છૂટો-ભૂલો પડ્યો છું.'

નયસારે કહ્યું : "મહારાજ, આ અટવી ભયંકર છે. આમાં જે ભૂલ્યા, તે જીવના ગયા. આ જંગલ વાઘ-સિંહ-હાથીઓથી ભરેલું છે. ચાલો, હું આપને આપના સાથી સાથે મેળવી આપું."

નયસાર ને મુનિ જંગલ વટાવતા જાય છે. મુનિએ જંગલના અંતે, પર્વતની ધારે એક નાનકડી કેડી ઉપર ઊભા રહી પૂછ્યું-'આ જંગલમાં ભૂલા પડેલાનું શું થાય ? ભૂલા પડેલાનો ભોગ વાઘ અને વરુ લે ને ? તેમ જીવનરૂપી જંગલમાં ભૂલા પડેલાઓને પણ ક્રોધ-માન-માયા-લોભરૂપી પશુઓ ચીરી ખાય છે.'

જંગલમાં પડેલાને તો પંથ મળી પણ જાય, પણ જે જીવનમાં ભૂલા પડ્યા છે, તેમનું તો પૂછવું જ શું ? એમને કોણ સત્ય પંથ સમજાવે ?

જીવનમાં ભૂલા પડેલાને તારવાની-ઉગારવાની આજે ખૂબ જરૂર છે. ધન ને મદની સત્તા પાછળ જે ભૂલા પડ્યા છે, તેઓને સત્ય કેડી બતાવવાની જરૂર છે.

ધર્મની કોને જરૂર છે ? તે વાત પણ આ ઉપરના સમવાદથી સમજાશે. કારણ ગરીબ તો દુઃખથી પણ કહેવાનો : 'હે ભગવાન, હવે મને છોડાવ.' પણ શ્રીમંત ?

મહારાજે કહ્યું-'હે નયસાર ! તેં મને જંગલમાંથી રસ્તો બતાવ્યો, પણ તને જીવનનો રસ્તો કોણ બતાવશે ?

ભાઈ, જીવનનો માર્ગ દર્શન, જ્ઞાન અને ચારિત્ર છે.' એક સારો વિચાર મનમાં આવે તો એમાંથી અનેક સારા વિચાર જન્મે. પણ આજે સાચા વિચારનો જ દુકાળ છે. તેથી વિચારશૂન્ય પ્રવૃત્તિઓ વધતી જાય છે.

આ ભારતદેશ, જે અહિંસા-ધર્મનો પૂજારી છે ત્યાં આજે કતલખાનાં ને મત્સ્યઉદ્યોગો વધી રહ્યા છે. આજે એવો સમય આવતો જાય છે કે માનવી દેડકાંઓનો પરદેશ નિકાસ કરી હુંડિયામણ ઊભું કરવાની ધમાલમાં પડ્યો છે.

જ્યાં મધરથ અને શીબિરાજ જેવા રાજા હતા, જેમણે પારેવા માટે પોતાના પ્રાણ આપવાની તૈયારી બતાવી હતી, કુમારપાળ જેવો જીવદયાપાલક રાજા હતો, જે મંકોડા માટે પોતાની સુંવાળી ચામડી કાપી દેવા તૈયાર થયો હતો. આવા અનેક આદર્શ રાજા જ્યાં વસ્યા હતા, તેની પ્રજા તો કેવી આદર્શ હોવી જોઈએ ! પણ આજે શી દશા છે !

એસેમ્બ્લીમાં આજે અદ્યતન કતલખાનાં ખોલવાની વિચારણા થાય છે. ખાદી પહેરેલાઓ એવી સભામાં જઈને તાળીઓ વગાડે છે; પણ યાદ રાખજો, તેમાંયે અહિંસાનું ખૂન થાય છે. જે સિદ્ધાંત ઉપર દેશ આઝાદ થયો તેની એમાં મશ્કરી છે, ઉપહાસ છે.

પશ્ચિમના દેશોમાં વેજીટેરિયન સોસાયટીઓ સ્થપાય છે. વનસ્પતિ-આહાર એ શુદ્ધ-સ્વચ્છ ને શાંતિદા છે, એમ તેઓ માને છે. જ્યારે અહીં ઉચ્ચ વિચારસરણી ધોવાતી-ભૂંસાતી જાય છે.

આજે અન્યાય અને ભૌતિકવાદનો પવન ફુંકાય છે. તે વાદમાં પ્રવેશેલો માનવી, એક સ્થળે બેસી મનન કે ચિંતન

કરવા તૈયાર નથી. ચિંતન વિનાના નેતાઓના નેતૃત્વમાં રહેલી આવતી કાલની પેઢીને, ભયંકર નુકસાન છે.

સસલું ખૂબ સુંદર, ચપળ ને નાજુક પ્રાણી છે. એ ખૂબ દોડે છે, પણ જ્યારે એ નિર્ભય થવાની કક્ષાએ પહોંચે છે ત્યારે જ એ આંખ બંધ કરીને બેસી જાય છે. એ માને છે કે મને હવે કોઈ જોતું નથી. પછી એવાને છેવટે શિકારી પકડી લે છે. માણસને પણ એ રીતે મોહનીય કર્મ ઝડપી લે છે. એના પંજામાંથી છૂટવા માટે સતત ચિંતન-મનનની આંખ ખુલ્લી રાખવી જોઇએ.

ચિંતન કરવાથી એકની અસર બીજા ઉપર થાય છે. રેલ્વેના એક ડબ્બાને જો ધક્કો લાગશે, તો બધા ડબ્બાને લાગ્યા વગર નહીં રહે. મનને ધક્કો લાગ્યો એટલે સમજજો પાંચે ઇન્દ્રિયો ઉપર એની અસર થવાની જ.

એટલા માટે મુનિએ નયસારને કહ્યું-'તમે શાંતિથી વિચારો, જીવનની અટવીમાં ભૂલા પડેલાનું શું થાય?' પછી મુનિ તેને 'નમો અરિહંતાણં' પદનું મહત્ત્વ સમજાવે છે. આમ એ જીવને, તત્ત્વના સ્પર્શ સાથે અનુભવનો પરમ આનંદ થાય છે.

તે વધારે કાંઈ જાણતો નથી, પણ કાંઈક સારું છે, તેટલું તો જાણે જ છે. સૂર્યોદયની પહેલા અરુણોદય થાય, તેમ જ્ઞાન પહેલાં દર્શન થાય છે. દિવ્ય જીવનની આવી ઝાંખી થયા પછી આત્માને બીજું જીવન જ નહીં ગમે.

આજે સમાજમાં કોઇને બ્લડ પ્રેશર છે; કોઇને હાઈ પ્રેશર, તો કોઈને લો પ્રેશર આવ્યાં છે. રહેવા માટે જગ્યા

ને પહેરવા માટે વસ્ત્ર જોઇએ. તે માટે માણસ આટલો હેરાન થાય છે. આ બધું શા માટે છે, તેનો સાચો ખ્યાલ કોઇને નથી.

થોડીક વાર શાંત થઇને વિચાર કરો તો તમને જીવનનું સાચું મૂલ્યાંકન સમજાશે. મનમાં મંથન કરો, તો સાધના વિના, તન પણ તત્ત્વહીન લાગશે.

મન ઘણું ચંચળ છે. એ ફાવે તેમ વિચાર્યા કરે છે. એક રાજા ફરવા માટે બગીચામાં ગયો. ત્યાં જઈ એણે આરામ કર્યો, પરંતુ સામેથી કોઈ રાજા સૈન્ય લઈ આવી રહ્યો છે, તેમ તેને જણાયું, અને એના મનમાં તરત એવો વિચાર ઉદ્ભવ્યો : 'એ મારા પર ચઢાઈ કરે તે પહેલાં હું જ તેને મારી નાખું !' અને પછી તો પૂછવું જ શું ! એનું મન મારવા અને કાપવાના કામે લાગી ગયું. એણે મનથી યુદ્ધ આદર્યું. આમ મનમાં ને મનમાં એણે બધી પાપની ઘટમાળ ઘડી કાઢી.

જેનું મન હાથમાં છે, તેના હાથમાં આખું જગત છે. મહાવીર પ્રભુ મનને જીતવા નીકળ્યા. સાડા બાર વર્ષ સુધી તપસ્યા કરી તેમણે મનને સાધ્યું.

સામેથી આવી રહેલા રાજાએ જોયું તો ગામનો રાજા બગીચામાં બેઠો છે, એટલે તેણે વિનયથી પ્રણામ કરી કહ્યું : 'હું દૂરની જાત્રાએ નીકળ્યો છું. આપ અહીં જ મળ્યા એ સારું થયું. 'હું આપને વિનંતી કરવા જ આવતો હતો. આપ પણ મારી સાથે જાત્રા કરવા પધારી મને લાભ આપો.'

આ રાજાને થયું : હાશ ! આ શત્રુ નથી, જાત્રાળુ છે. પણ જોવાની ખૂબી તો એ છે કે એક જાત્રા કરવા જાય છે,

તો બીજો એને મારવાનો વિચાર કરે છે! જગતમાં માણસો આમ વગર વિચારે જ, મગજમાં શાંતિ લાવવાને બદલે અશાંતિ સ્થાપે છે.

ચિંતકો કહે છે: હે માનવી! શત્રુ છે તે પણ તું જ છે; મિત્ર છે તે પણ તું જ છે. જેવાં ચશ્માં પહેરશો તેવું તમને દેખાશે. દૃષ્ટિ તેવી સૃષ્ટિ. “ तत्त्वमसि ”.

મને આ પ્રસંગે કવિ દલપતરામ ને નાટ્યકાર ડાહ્યાભાઈનો પ્રસંગ યાદ આવે છે. એક કવિ છે, તો બીજા નાટ્યકાર. બન્ને સ્વતંત્ર છાપામાં લખતા. માણસ જાત ઘણી ઈર્ષાળુ. ઈર્ષાથી ડાહ્યાભાઈ પોતાના છાપામાં લખે છે: દલપતરામ તો ‘એકલી સ્ત્રીઓ ગાય તેવાં જોડકણાં જ લખે છે. તેમાં શું તત્ત્વ છે?’ જ્યારે કવિ દલપતે એ લખ્યું–‘ડાહ્યાભાઈ તો આખો દિવસ ભવની ભવાઈ જ લખે છે! એ નાટક નહિ, ભવાઈ છે!’

એક દિવસની વાત છે. અમદાવાદમાં પર્યુષણના દિવસો હતા. સ્થળે સ્થળે સાધુમહારાજો પ્રવચનો આપતા હતા. અચાનક એક ત્યાગી મુનિરાજનું પ્રવચન સાંભળવા, ડાહ્યાભાઈ જઈ ચડ્યા.

ત્યાગીઓ પાસે શું હોય? ત્યાગની વાતો. એ દિવસે ‘मित्ति मे सव्व भूएसु’ એ વિષય ઉપર વ્યાખ્યાન આપતાં મુનિવર્યે કહ્યું–‘મનના વસ્ત્ર ઉપર મૈત્રીનો રંગ ન લાગે તો આ જીવન ગંદું–મેલું–અપવિત્ર બની રહે. પછી ભલે એ માનવ, મહા વિદ્વાન પણ કેમ ન હોય!’

નાટ્યકાર ડાહ્યાભાઈ, એ જમાનામાં એક શ્રેષ્ઠ ગણાતા સ્નાતક ને નાટ્યકાર. તેમને થયું, હું નાટક લખું છું, સંસ્કારી

વાતો કરું છું, પણ મારા પત્રમાં સરસ્વતીને શરમ આવે તેવાં લખાણ, કવિ દલપતભાઈ માટે લખાય છે! મારા મનના પડદા ઉપર એના માટે કેટલાં વેરઝેર ભર્યાં છે? મારે મારું મન ધોવું જોઈએ.

વ્યાખ્યાન પૂરું થયું, પણ પેલો વિચાર ન અટક્યો. એ ગયા સીધા કવિના ઘર તરફ. કવિ હીંચકા પર બેઠા બેઠા સોપારી ખાતા હતા. તેમણે દૂરથી જોયું તો ડાહ્યાભાઈ ગલીમાં આવી રહ્યા છે! થોડીવારમાં તો ડાહ્યાભાઈ, કવિ દલપતભાઈના ઘરનાં પગથિયાં ચઢતા થયા. કવિને ક્ષણભર તો ભ્રમ થયો. મારો શત્રુ મારે બારણે! દીવાથી દીવો પ્રગટે એમ, માનવતાના બેઉના અંતરમાં દીપક પ્રગટ થયા. ઘણાં વર્ષે શત્રુઓની આંખો, મિત્ર થવા માટે ભેગી થઈ. બંને હીંચકા ઉપર બેઠા.

ડાહ્યાભાઈએ વાત મૂકી–' ભાઈ, હું તમને એક વાત કરવા આવ્યો છું. રણક્ષેત્ર પર જ્યારે યુદ્ધ બંધ થવાનું હોય ત્યારે સમરાંગણમાં એક ઝંડી ઊભી કરાય છે, તે ઝંડી સફેદ હોય છે. આ વાત સાચી છે?'

કવિને, આ વાત કેવું રૂપાંતર લેશે એની કલ્પના ન આવી. ટૂંકમાં તેમણે કહ્યું–' હા, વાત સાચી છે.'

ડાહ્યાભાઈએ પાઘડી ઉતારીને સફેદ ઝંડી ચોટી બતાવતાં કહ્યું–' કવિરાજ, આ ઝંડી આપણા માથે કુદરતે ઊભી કરી. હજુ આપણે વાગ્યુદ્ધ કર્યા કરીશું?'

આ ટૂંકા વાક્યે કવિના દિલને હલાવી નાખ્યું.

કવિને ખ્યાલ આવી ગયો. એ ઊભા થયા. ડાહ્યાભાઈને ભેટી પડ્યા. આંખ ભીની થઈ. તેના મોઢામાંથી શબ્દો સરી પડ્યા–'તમે કેટલા મહાન! ક્ષમા માગવા માટે મારા દ્વારે આવ્યા? ખરેખર, તમે જીવનના સાચા નાટ્યકાર છો!'

શત્રુ મટી ક્ષણમાં બેઉ મિત્ર બન્યા. એ જ કલમ જે વર્ષો સુધી વિરુદ્ધ લખતી હતી, તે હવે સારું લખવા લાગી. પછી તો જીવ્યા ત્યાં સુધી એકબીજા, એકબીજા માટે સારું જ લખતા ગયા. આનું કારણ–चिंता परब्रह्म विनिश्चयाय।

દ્રષ્ટિ પલટાઈ જાય તો જીવન પલટાયું સમજો. સમાજમાં પણ દ્રષ્ટિ પલટાઈ જાય તો નવ્ય દ્રષ્ટિ આવે. એટલે વસ્તુનું હાર્દ સમજવા માટે સાચું જ્ઞાન જોઈએ. આમ પહેલો વિચાર દર્શન, બીજો જ્ઞાન અને ત્રીજો ચારિત્ર.

કાળચક્રનો વિચાર કરો તો આ જીવન, બિન્દુ સમાન લાગશે. મોક્ષ–સુખનો વિચાર કરો તો દૈવી સુખો પણ તૃણ સમાન લાગશે. મનનપૂર્ણ સદ્‌વિચાર, માનવીના આચારને સુધારે છે. 'આચાર જીવનમાં રહેલા અનાચારને દૂર કરે છે.

માટે જ ચિન્તન કરો તો પરબ્રહ્મનું કરો. કારણ, આ આત્માને પરબ્રહ્મનું પદ પ્રાપ્ત કર્યા વિના ક્યાંય સુખ મળનાર નથી!

# વાણી પરોપકાર માટે હો !

આજે આપણે ભાષાનો વિચાર કરીએ છીએ. ભાષા, એ માનવીની અપૂર્વ સિદ્ધિ છે. માણસનાં મનના ભાવોનું એ વાહન છે. ભક્તિ અને ભાવ; સ્નેહ અને સૌહાર્દ; ભાષાના માધ્યમ દ્વારા વ્યક્ત થાય છે, અંદર ઘૂંટાતું તત્ત્વ, આ ભાષા દ્વારા બહાર પ્રગટ થાય છે.

આ ભાષા માણસ અને પશુ બંનેને મળી છે, પણ માણસની ભાષાનો અનુવાદ બીજી ભાષામાં થઈ શકે છે. અંગ્રેજ અંગ્રેજીમાં બોલે, તો તેનો અનુવાદ ગુજરાતીમાં થઈ શકે; ભારતવાસી હિન્દીમાં બોલે તો એનો અનુવાદ અંગ્રેજીમાં થઈ શકે. પણ કૂતરાની ભાષાનો અનુવાદ બિલાડાની ભાષામાં થાય ? આ રીતે માણસની ભાષા, પશુની ભાષાથી વિશિષ્ટ છે. પણ એથી ય વધારે મહત્તા તો એ છે કે માણસની ભાષા, કોઈકના વિકાસ અને પ્રેરણાનું પ્રબળ સાધન બની. શકે છે, અને આ જ ભાષાનો વિવેક વિના ઉપયોગ થાય તો કંઈકના ઉદ્વેગ, પતન અને વિનાશનું નિમિત્ત પણ બની બેસે છે. માટે આપણે વિચાર કરવાનો છે કે ભાષા કેમ વાપરવી ?

તમે જાણો છો કે સારી અને કિંમતી વસ્તુ ઉપર ચોકી હોય, પહેરો હોય; આ ભાષા પર પણ તેમ જ છે. બત્રીશ

તો દાંત રૂપી જેના ચોકિયાત છે અને બે હોઠ રૂપ જેની આસપાસ કિલ્લા છે, એવી જીભમાં ભાષા છે. ભાષા કેવા રક્ષણ નીચે છે!

કાંટો, વીંછી કે સર્પ જે ન કરી શકે તે આ ભાષા કરી શકે છે. સર્પનું ઝેર ઉતારી શકાય, પણ જીભના ડંખનું ઝેર કાતિલ છે. આ ઝેર તો ભવોભવ ચાલે. એટલે મહાપુરુષો કહે છે કે પરોપકાર માટે વચનનો વ્યવહાર કરજો!

વિવેકી કરતાં, અવિવેકી માણસો ઘણા છે. તે એવું બોલે કે આપણને સાંભળતાં પણ શરમ આવે. એ પણ માણસ છે, છતાં એમના મગજમાં આવી ખરાબ વાતો કેમ આવી? એમની વાણીમાંથી આવા ખરાબ શબ્દો કેમ ઝર્યા? તે જરા વિચારો.

જીભ તો પવિત્ર વસ્તુ છે. એના પર પ્રભુનું નામ રમે. મા સરસ્વતી એના પર વાસ કરે, અને બ્રાહ્મીનું જ્યાંથી અવતરણ થાય છે એ જ જીભ, આજે કેવી રીતે લોકો વાપરી રહ્યા છે, તેનો શાંતિથી વિચાર કરીએ તો લાગે, કે માણસો વાણીના વ્યવહાર વખતે, વિવેકને અને વિચારને વિસરી જાય છે.

તમારી જીભથી તમે તમારું ને પારકાનું ઘણું ભલું કરી શકો છો. આ જીભ વડે સારું ખાઈ શકાય છે, સારું પી શકાય છે ને સારું બોલી પણ શકાય છે. જેવા માણસના સંસ્કાર!

એક દિવસની વાત છે. ઇંગ્લેન્ડથી ખાસ હોંશિયાર એક એલચીને હિન્દુસ્તાન મોકલવામાં આવ્યો હતો. અહીં આવી

તેણે એ જ કામ કરવાનું હતું, કે હિન્દુસ્તાનના રાજાઓ કેવા છે? રાજનીતિ કેવી છે? તેઓમાં સમજણ કેટલી છે? આ બધું જાણીને એણે ત્યાં જઈ હેવાલ રજૂ કરવો.

અહીં આવીને એ સીધો લખનૌના દરબારમાં બેઠો. એની અંગ્રેજી ભાષા, રાજવી જાણતો ન હતો. રાજવીની ભાષા, અંગ્રેજ જાણતો ન હતો; એટલે વચ્ચે દુભાષિયો રાખવામાં આવ્યો. તે અંગ્રેજીનું ઉર્દૂ કહે, ને ઉર્દૂનું અંગ્રેજી કહે.

એ જમાનાના નવાબો નાચમાં, મુઝરામાં, નૃત્ય ને મહેફિલોમાં મસ્ત હતા. તેઓને પોતાના રાજ્યની કે પ્રજાની ચિંતા ન હતી. બધું ય કામકાજ રાજ્યના મંત્રીઓ કરી લેતા.

નવાબે ઈંગ્લેન્ડના એલચીને પ્રશ્ન કર્યો: "તમારા રાજાને બેગમો કેટલી છે?" દુભાષિયો રાજનીતિમાં નિપુણ હતો. તેણે વિચાર્યું કે જો આ પ્રમાણે હું અંગ્રેજને પ્રશ્ન પૂછીશ તો તેને લાગશે કે આ નવાબો એકલી ભોગની જ વાતો કરે છે. એટલે દુભાષિયાએ ફેરવીને પૂછ્યું: "આપના કેબિનેટમાં કેટલા સભ્યો બેસે છે?"

એલચીએ જવાબ આપ્યો ૨૧૨. દુભાષિયાએ નવાબને કહ્યુ:—૨૧૨ બેગમો છે.

પછી નવાબે પૂછાવ્યું કે તેના શાહજાદા કેટલા છે? એનું ભાષાંતર દુભાષિયાએ કરીને પૂછ્યું: "તમારી કેબિનેટના મેમ્બરોને કેટલું ભથ્થું મળે છે? ચૂંટણી તમે કેવી રીતે કરો છો?"

નવાબે આમ એલચીને વાતોમાં બંગલા કેટલા, કૂતરા કેટલા ને મહેફિલ કરવાનાં સ્થાનો કેટલાં? આ જ વાતો પૂછી. તેના જીવનમાં ભારોભાર વિકાર અને વિલાસ હતો. જ્યારે તેનો અનુવાદ કરી રાજનીતિજ્ઞ દુભાષિયાએ રાજ્યનું વ્યવસ્થાતંત્ર કેવું છે? કર તમે કેટલો લો છો? આમ આખી વાત એલચીને ફેરવીને પૂછી.

આ વાર્તાલાપથી એલચીને થયું કે હિન્દુસ્તાનના રાજાઓ ભલે કંઈ ન જાણે, પણ રાજનીતિમાં આપણાથી ઊતરે એવા નબળા નથી. આવો પ્રભાવ જે પડ્યો, તે વિશિષ્ટ વાણીથી પડ્યો.

'ઘરમાં ઘી બરાબર વાપરો તો તેની રસોઈ સારી બને. પણ ઘીને ૧૦૮ વાર ધૂઓ તો એ ઝેર બને. તમારા વચનમાં કટાક્ષ હોય, કટુતા હોય, બડાઈ મારવાની ને બીજાને ઉતારી પાડવાની ભાવના હોય તો તે ડંખ રૂપ જ નિવડે ને?

આપણે સામા માણસનું માન જળવાય તેવું, ઓછું પણ ગૌરવતાભર્યું વચન બોલવું જોઇએ. અહંકારથી માણસ શોભતો નથી, અલંકારથી શોભે છે. માનવીના આ અલંકાર એટલે પરોપકારી વચનો.

માણસમાં રહેલા આત્માને માન આપતાં શીખવું જોઇએ. શી ખબર કે અહીં નીચે બેઠેલો આત્મા પણ આવતી કાલે ઉચ્ચ ગતિએ જનારો હોય! શિષ્યા હોવા છતાં મૃગાવતી, ચંદનબાળા કરતાં પહેલાં કેવળજ્ઞાન પામે છે. તાપસો, ગૌતમસ્વામી કરતાં પ્રથમ કેવળી બને છે.

જેમ મોટરમાં સારી બ્રેક હોય, તો અકસ્માત થતો બચે છે, તેમ વાણી પર બ્રેક હોવી જોઇએ. બોલવાનું ઘણું મન થઇ જાય, ત્યારે એને કહેવું: 'થોડા સમય માટે તું ચૂપ થઇ જા.'

આત્માની શક્તિ, આંકડાથી નથી માપી શકાતી. આપણે છદ્મસ્થ છીએ. માણસ–ભૂલને પાત્ર છે, એ ભૂલને સુધારવા માટે વાણીને પવિત્ર રાખો. એના માટે આપણે ત્યાં માફી, ક્ષમા ને મિચ્છામિ દુક્કડં વપરાય છે.

ઇતિહાસનાં પાનાં વાચતાં કે સાંભળતાં તમે એવું ક્યાંય જાણ્યું છે કે મૌનથી ક્યાંય ઝઘડો થયો હોય? લોકો કહે છે કે મહાભારતનું યુદ્ધ જુગારમાંથી ઊભું થયું, પણ હું તમને યાદ આપવા માગું છું કે બોલતા આવડ્યું નહીં, એટલે એ ઊભું થયું!

દુર્યોધન ઉતાવળથી મહેલમાં પ્રવેશ કરે છે. સામે બારણું છે એમ કલ્પી, એ અંદર જવા જાય છે, ત્યાં એ કાચ સાથે અથડાઈ પડે છે. જે દરવાજો કલ્પ્યો, એ કાચ હતો. તેમાં બારણાનું પ્રતિબિંબ હતું. આમ એ ભ્રમથી અથડાઇ પડે છે.

તે પાછો ફરે છે. દ્રૌપદી, સામેના ઝરૂખામાં ઊભી છે. તે આ બનાવ જોઇને હસી પડે છે, અને વ્યંગમાં કહે છે: 'આંધળાના દીકરા પણ આંધળા જ હોય ને!'

દુર્યોધનને થાય છે, આ તો દ્રૌપદી દ્વારા મારું અને મારા વડીલોનું અપમાન થયું! માણસ જીવનભર પોતાના અપમાનને યાદ રાખે છે. માણસ મરે છે, ત્યારે પણ એ

અપમાનને યાદ કરતો કરતો મરે છે. આમ તેનું વેર પરંપરાએ પણ બંધાય છે. ઈ. સ. ૧૯૧૮માં જર્મનીને જો ગુલામ ન બનાવ્યું હોત, તો હિટલર ન પાકત. હિટલર એ અપમાનની ખેતીનો પાક છે, વેરનું પરિણામ છે.

સામાને નમાવીને સમાધાન ન કરતાં. તેમાં તમે જીત્યા એમ માનો છો, પણ યાદ રાખજો કે, કોઇને પાડીને તમે ઊભા નહીં રહી શકો. તમારાથી બીજો કોઈ બળવાન નીકળશે, ને એ તમને પાડશે. એટલે પ્રભુ મહાવીર કહે છે: પ્રેમના વારિથી ક્રોધને ધૂઓ उपसमेण हणे कोहम् !

દ્રૌપદીના શબ્દથી વેરનાં બીજ વવાય છે ને તેમાંથી મહાભારત નિપજે છે. અપમાન એ ડંખ છે. તે સહેલાઇથી પિગળતો નથી. વેર લઇને જ એ શાંત થશે. એ તો આત્માને, કઠોર પથ્થર જેવો બનાવે છે.

દુર્યોધનના કપાળમાં ચોટ લાગી હતી. એ એણે સહી લીધી, પણ દિલમાં લાગેલા વાણીનાં તીર એ સહી ન શકયો. એણે ત્યાં જ મનમાં સંકલ્પ કર્યો–' મને આંધળાનો દીકરો કહે છે, તેને નિર્વસ્ત્ર ન કરું તો હું દુર્યોધન નહીં !'

ભગવાનને ચંડકૌશિક ડંખ મારે છે. શરીરમાંથી ધારા વહે છે. જવાબમાં પ્રભુ ઉગ્ર બનતા નથી. વાણીના પ્રહારો કરતા નથી. શાંતિથી "બુજ્ઝ બુજ્ઝ" કહે છે. ભગવાન સર્પને પ્રતિબોધવા, શાંત કરવા અમૃત વાણી વરસાવે છે. ત્યારે તે માથું નમાવી, શરણું સ્વીકારી, જીવન માટે અણસણ લે છે.

તમારા જેવા જો એ અવસરે હોય, તો કહેશે: ' દીકરા, કયાં ગયું હવે તારું બળ ? જોયું ને લોહીને બદલે અહીં

દૂધ વહે છે!' શબ્દોમાં જાદુ છેઃ એ ઝેર પણ છે, અને અમૃત પણ છે. શત્રુને પણ મિત્ર બનાવી શકાય છે.

શ્રાવકનું લક્ષણ કયું? જે રોજ સાંભળે તે શ્રાવક. તે સમજણ ને શ્રદ્ધાપૂર્વક સાંભળે છે. કારણ–સાંભળનારને સમજણ આવે છે; સાચું ભાન થાય છે. આત્મા ભૂખ્યો છે. તેને ખોરાકની જરૂર છે. તે ખોરાક મળે ક્યાંથી? વાણીમાંથી. વાણી સારી તો આત્મા સારો.

માણસની માણસાઈને સમૃદ્ધિથી માપવામાં આવતી નથી; મપાય તો તે દિલથી જ મપાશે. કોઈને હલકો ન પાડો. અપમાન કોઈનું કોઈ દિવસ ન કરો. નહિ તો માણસની રાખમાંથી આગ ભભૂકી ઊઠશે; એમાંથી અવાજ નીકળશેઃ આણે મારું અપમાન કર્યું છે!

પાંડવો વનમાં ગયા. શ્રીકૃષ્ણ દુર્યોધનને સમજાવવા ગયા; 'તું વધુ નહીં તો પાંચ ગામ પાંડવોને આપ. હું તને ધર્મ સમજાવવા આવ્યો છું.' એમણે ઘણી સુંદર વાતો કહી, પણ તેણે એ ન સાંભળી.

દુર્યોધને કહ્યુંઃ 'આપનું બધું તત્ત્વજ્ઞાન હું સાંભળીશ, પણ આ તકે નહીં. આપની વાત સુંદર છે. પણ ધર્મનો ઉપદેશ સાંભળવાનો આ અવસર નથી.'

'આપ ધર્મની વાત કરો છો. હું મૂર્ખ છું, એવું પણ કાંઈ માનશો નહીં, આ બધું સારી રીતે જાણું છું, પણ તેને હું સ્વીકારી શકતો નથી; તેના માર્ગે જઇ શકતો નથી. એક સ્ત્રીની લાજ લેવી એ ભયંકર અધર્મ છે, એ હું જાણતો નથી, એવું પણ કાંઈ નથી. પણ મને દુઃખ છે કે એવા અધર્મના માર્ગથી હું પાછો વળી શકતો નથી.'

તેના હૃદયમાં દેવત્વ નહોતું પણ વેરભાવ હતો. દેવત્વ હોત તો ક્ષમાને માર્ગે દોરાત, પણ તેના હૃદયમાં દૈવને બદલે દૈત્ય છે. નહીં તો આવું થાય?

દુર્યોધન કહેઃ 'હું આપનો ધર્મ સાંભળું છું, પણ મારું અંતર સાંભળતું નથી. ખરી રીતે તો, હું આ માર્ગે જવા પણ માગતો નથી. પણ મારું તન–મન–એ માર્ગે મને ઘસડી જાય છે.' આ ઉપરથી વિચારો કે આ બધું કોણ કરાવે છે? પેલા કટુ શબ્દો!

શબ્દ ઉચ્ચારતી વખતે કાંઇ વિચાર ન કર્યો, એટલે આખો રણસંગ્રામ ઊભો થયો. વાણીમાં જેટલી તાકાત છે એટલી અણુબોમ્બમાં નથી.

મંત્ર એ શું છે? મંત્રથી દેવતાને અહીં પૃથ્વી પર બોલાવાય છે. તે દેવતાઓ કઇ શક્તિથી અહીં આવે છે? તે મંત્રશક્તિથી આવે છે. મંત્ર એટલે શબ્દ. શબ્દમાં અદ્રશ્ય તાકાત પડેલી છે.

કૂતરો નજીક આવતો હોય તો હડ–હડ કરો તો તરત એ ભાગી જશે. એમ માણસને કહોઃ 'પધારો શેઠ' તો તે જરૂર આવવાનો. પણ જમાડ્યા પછી કહો કે તમારા જેવા બેકારો અહીં ઘણા આવે છે; જમાડવા પડે એટલે જમાડીએ છીએ;

આટલાં અશિષ્ટ વચનોથી સારામાં સારું ખાધેલું પણ બળીને ભસ્મ થઈ જાય છે.

જ્યારે એક ગરીબ, સૂકો રોટલો આપીને કહે–'તમારા જેવા મહાપુરુષનાં પગલાં અમારા જેવા ગરીબના ઘરમાં

ક્યાંથી ?' તો જમનાર પર કેવી અસર થાય ? શબ્દોનો કેવો જાદુઈ પ્રભાવ છે !

મને એક દૃશ્ય યાદ આવે છે. એક ભિખારી બહુ જ વૃદ્ધ અવસ્થાએ ભીખ માગતો હતો. તે રસ્તામાં લાંબો હાથ કરી ઊભો હતો. તેને માગતા આવડતું હતું, પણ એ બોલ્યા વિના જે મળે તેથી એ સંતોષ માનતો.

માર્ગ પરથી અનેક જતા. કોઈ જોયા કરતા, કોઈ હાંસી કરતા. કોઈ પૈસો બે પૈસા આપતા. કોઈ ટીકા પણ કરતા. માણસની જાત ઘણી વિચિત્ર છે. માણસ કંઈ ન કરી શકે, તો ટીકા તો કરી શકે. જે લોકો કંઈ નથી કરતા, તે બેઠા બેઠા આ કામ સરસ રીતે કરતા હોય છે !

આ વૃદ્ધ ભિક્ષુક પાસે થઈને, એક સજ્જન પસાર થયો. તેને કંઈક આપવાની ભાવના થઈ. ખિસ્સામાં હાથ નાખ્યો. કાંઈ ન મળ્યું. બધાં ખિસ્સાં જોઈ લીધાં. કાંઈ ન મળ્યું. પાકીટ ઘેર રહી ગયું હતું.

તે સજ્જનને આપવું હતું, પણ આપી ન શક્યો. મનમાં દુઃખ થયું. તેણે ભિખારીને સહાનુભૂતિભર્યા મીઠા શબ્દોમાં કહ્યું : "દાદા, આજ ખિસ્સું ખાલી છે. દિલ છે, પણ દ્રવ્ય નથી, શું કરું ? મારા ઘરે આવશો ?"

વૃદ્ધે જવાબ આપ્યો : 'ભાઈ, ઘણા ઘણું આપે છે. પણ એના કરતાં તમે તો ઘણું ઘણું મને આપ્યું છે. તમે જે સ્નેહભરી સહાનુભૂતિ બતાવી તે મારે મન ઘણું છે. ધન ઘણા આપે છે, પણ મન કોઈ આપતું નથી. સ્નેહનો શબ્દ કોઈના મોંએથી સાંભળ્યો નથી. આજે તમે મને

એ સાચા સ્નેહભીના શબ્દો આપ્યા છે! અને એ વૃદ્ધની આંખના ખૂણે એક આંસુ ઝૂલી રહ્યું.

માણસ માણસને મળે ત્યારે વાતો દ્વારા વિચારનો વિનિમય થવો જોઇએ. તેને બદલે એકબીજાની નિંદા અને કાપવાનું શરૂ કરે તે શું યોગ્ય છે? માનવી પાસે શબ્દનું શસ્ત્ર છે પણ તેનો સદુપયોગ નથી. જો એનો સદુપયોગ થાય તો આ સંસાર સ્વર્ગ બને; આ ઉજ્જડ જીવન નંદનવન બને.

જ્ઞાનીઓ કહે છે કે વાણીથી પરોપકાર થાય તો બોલો, અન્યથા મૌન રહો. ન બોલતાં આવડે તો મૌન રહેવું એ સુજ્ઞનું કર્તવ્ય છે. માટે જ ત્રણે લોકરૂપી ભાલમાં, તિલક સમાન થવા ચોથું સાધન વાણી કહ્યું છે. વાણી એ માણસનું ભૂષણ છે. આ આભૂષણથી માણસ શોભે છે. આના દ્વારા એ ઘણાને સહાયક બની શકે છે; ઘણાને શાતા આપી શકે છે; ઘણાને પ્રેરણા આપી શકે છે; વાણી દ્વારા એ ઊંચામાં ઊંચા સ્થાને પહોંચી શકે છે. માટે વાણીને વિચારીને, વિવેકના વસ્ત્રથી ગાળીને વાપરવી.

તમારી પાસે વિદ્યા ઓછી હશે તો ચાલશે, પણ વિવેક ઓછો હશે તે નહિ ચાલે. ધન ઓછું હશે તો ચાલશે પણ વાણી ઓછી હશે તે નહિ ચાલે.

આપણા માટે આ શ્લોકમાં એ જ કહ્યું છે: માનવી પાસે દાન માટેની લક્ષ્મી હો; સુકૃત માટે વિદ્યા હો; પરબ્રહ્મ માટે ચિંતા હો, અને પરોપકાર માટે વાણી હો.

આ ચાર ભેટ જે માનવી પાસે છે–હશે એ માણસ ત્રણે ભુવનમાં તિલક સમાન ગણાશે.*

* (મરીન ડ્રાઇવ પર ૨૩-૧૧-૬૩ થી ૨૭-૧૧-૬૩ સુધી આપેલ મનનીય પ્રવચન.)

# માનવધર્મ

શાંતિનગર જેકબ સર્કલ પર વસતાં ભાઈ–બહેનોએ, દશેરાના તા. ૨૯–૯–'૬૩ ના દિવસે પૂજ્ય મુનિશ્રી ચન્દ્રપ્રભસાગરજી મહારાજનું એક પ્રવચન "માનવધર્મ" પર ગોઠવ્યું હતું. એ વિશાળ મંડપમાં હજારોની માનવમેદની સમક્ષ આપેલ પ્રવચનની પ્રેરણાથી ઘણા ય મહારાષ્ટ્રિયન ભાઈ–બહેનોએ દારુ, માંસની પ્રતિજ્ઞા લીધી હતી. પ્રવચનનો સાર અહીં રજૂ કરીએ છીએ.

દુનિયામાં ધર્મો ઘણા છે પણ માનવધર્મ એક છે. જૈન હો કે બૌદ્ધ હો, હિન્દુ હો કે મુસલમાન હો, શીખ હો કે ખ્રિસ્તી હો, પણ હકીકતમાં સૌ માનવ છે. માનવ એ મુખ્ય નામ છે; બાકી બધાં અહીં વિશેષણ છે. આજે વિશેષણો એટલાં મહત્વનાં બની ગયાં છે, કે મૂળ નામ ગૌણ બન્યું છે; અરે! ભૂલાતું જાય છે. માનવ, એ બધાં વિશેષણોથી મુક્ત થઈને પોતાનો વિચાર કરે, તો એને ખ્યાલ આવે કે પોતાનો ધર્મ શો છે?

તમે કુદરતમાં જોશો તો જણાશે કે દરેક ચેતન વસ્તુને કે જડ વસ્તુને, પોતાનો ધર્મ છે; પોતાનો સ્વભાવ છે. અગ્નિ ઊષ્મા આપે છે, ફૂલ સુગંધ આપે છે. શેરડી મીઠો રસ આપે છે. ધૂપ વાતાવરણ સ્વસ્થ કરે છે. આમ પ્રકૃતિ પોતાનો ધર્મ બજાવે જાય છે. વિષમ અને વિકટ પરિસ્થિતિમાં પણ

એ પોતાનો ધર્મ નહિ છોડે! ચંદનને બાળો તો પણ સુવાસ જ આપે છે ને? શેરડીને કોલુમાં પીસો તો ય મીઠો રસ જ આપે છે ને? એ પોતાના સુંદર સ્વભાવને કેવાં અનુરૂપ હોય છે? પોતાનો ધર્મ છોડવો, એટલે તો પોતાના અસ્તિત્વને ગુમાવવું.

આજે માનવ પોતાનો આ ધર્મ ભૂલી ગયો છે. એક કવિએ આજના માનવતા-ભૂલેલા માનવ માટે ઠીક જ લખ્યું છે :

'ખીલીને ફૂલ બીજાને સુવાસ આપે છે,
દીપક બળીને બીજાને ઉજાસ આપે છે;
ફક્ત છે માનવી એવો—આ આખી દુનિયામાં;
જે પોતે જીવવા, બીજાને ત્રાસ આપે છે.'

માનવ પોતે મહાન છે, પણ એ પોતાને જ્યારે ભૂલી જાય છે ત્યારે યુદ્ધ, કલહ, કંકાસ અને કજિયા કરી, જીવનને એક યાતના બનાવી મૂકે છે. આવા માનવીને એની મૂળ યાદ તાજી કરાવવા, મહાપુરુષોએ તહેવાર અને પર્વ નક્કી કર્યા છે. જેમકે, આજે દશેરા છે. લોકો રામ-રાવણની કથા આજે યાદ કરવાનાં. સીતાના સતની કથા સંભારી, પ્રેરણા મેળવવાનાં. સત્ય દ્વારા થયેલા રામના વિજયની ગૌરવગાથા સંભારી, સત્યના અને શિયળના માર્ગે આગળ વધવાની પ્રતિજ્ઞા લેવાનાં. નવપદના આ દિવસોમાં, શ્રીપાલચરિત્ર માણસને સજ્જન અને દુર્જનનો ભેદ બતાવે છે. ધવળશેઠની દુર્જનતા પર શ્રીપાલની સજ્જનતાનો જે અપૂર્વ વિજય થયો, તે પ્રાગ્ ઐતિહાસિક પ્રસંગ યાદ કરાવી, માણસને

એ સજ્જનતાના માર્ગે દોરે છે. પર્વ એ માણસને જગાડ-નાર એક એલાર્મ છે.

ઘણા કહે છે: પ્રકૃતિ તો જડ છે. તમે જડની ઉપમા કેમ આપો છો? પણ પ્રકૃતિમાં કેવી વ્યવસ્થા અને કરામત છે, તે વિચાર્યું છે? સૂર્ય કેવો નિયમિત ઊગે છે? એ કાંઈ તમારી પ્રાર્થનાની પ્રતીક્ષા નથી કરતો. સમય થતાં એ આકાશમાં દેખાયો જ હોય. સાગરમાં ભરતી અને ઓટ પણ કેવાં નિયમિત આવે છે! અરે, આ ઘડિયાળ પણ કેવું સમયસર એલાર્મ વગાડે છે! માણસ ઊંઘી જાય છે પણ એ ન ચૂકે. ચેતનવંત માણસને, આ જડ એલાર્મ ઊંઘમાંથી જગાડે છે! આવી રીતે, પર્વ પણ એલાર્મની જેમ, માણસને યાદ અપાવે છે કે તારો ધર્મ શો છે?

માણસ જો પોતાનો ધર્મ સમજે, તો એ મિત્ર છે; ન સમજે તો એ દુશ્મન છે; વહેમનો પડછાયો છે.

એક ધર્મશાળામાં બે માણસ સાથે રાતવાસો રહ્યા, બંને બાજુબાજુમાં ગાદલાં નાખીને સૂતા. બંનેના ખીસ્સામાં પૈસા છે. એકને થાય છે: ‘ આ કડકો છે. ’ બીજાને થાય છે: ‘ પેલો કડકો છે. ’ એ તો સર્વ સામાન્ય છે ને કે જેની પાસે ધન હોય, તે સામાને નિર્ધન પણ માને ને કદીક ચોર પણ માને. બંને સાથે સૂતા, પણ અવિશ્વાસને લીધે એકેને ય ઊંઘ ન આવી. સવાર પડી. કો'કે પૂછ્યું ત્યારે એમણે કહ્યું: “ અમે બંને સાથે રહ્યા. સાથે ઊંઘ્યા. ” તત્ત્વચિંતક તો પૂછશે કે સાથે ઊંઘ્યા કે સાથે જાગ્યા? સાથે સાથે રહ્યા કે દૂર દૂર રહ્યા? એમની વચ્ચે તો અવિશ્વાસની તોતિંગ દિવાલ હતી; ત્યાં સાથે ક્યાં રહ્યા?

આજે માણસની સ્થિતિ આ છે. ઉપરથી એ માણસ છે, પણ અંદર તો અનાદિકાળથી ચાલી આવતી પશુતા જ હજુ એનામાં બેઠી છે. ક્રોધ કરે છે, ત્યારે માણસ કેવો દેખાય છે? લાલ લાલ ડોળા કાઢતો, આવેશના ફૂંફાડા મારતો અને વાણીમાંથી વિષ વર્ષાવતો–માણસ સર્પના સંસ્કાર નથી સૂચવતો? આ વળગેલી પશુતાને માણસે ટાળવાની છે અને તે માટે પોતાનો ધર્મ વિચારવાનો છે.

પોતાના સ્વરૂપના વિચાર વિના, સ્વત્ત્વ આવે તેમ નથી, અને પરત્ત્વ ટળે તેમ નથી. વિચાર કરતાં, સ્વધર્મ સમજાય. માણસનો ધર્મ શો? પહેલો નિયમ તે મૈત્રી, અગર નિ:સ્વાર્થ પ્રેમ. માણસમાં અને પશુમાં અહીં ભેદ તરત જણાઈ આવે. ઉત્તમ માણસ નિ:સ્વાર્થ પ્રેમ કરી શકે છે, પશુ તે નહિં કરી શકે. કૂતરું માલિકને ચાહે છે. માલિક આવે ત્યારે નાચે, કૂદે, પેટ બતાવે, પગ ચાટે કારણ કે માલિક તેને રોટલો આપે છે. પણ તે જ કૂતરું બીજા અજાણ્યા માણસને જોઈ ભસવાનું. જ્યારે માણસ નિ:સ્વાર્થ ભાવે, પ્રેમને માટે જ પ્રેમ કરે છે.

તમારે મુંબઈથી બેંગ્લોર જવાનું હોય, તમારી પાસે ભાતું હોય, ભૂખ લાગે ત્યારે સુખડીનો ડબો ખોલી ખાવા બેસો ત્યારે પાટિયા પર જે સહપ્રવાસીઓ હોય તેને આમંત્રણ આપીને, ધરીને કહો છો ને કે, ભાઈ, કંઈક લેશો? આમ બોલવા, પાછળ તમારો માનવપ્રેમ છૂપાયેલો છે. પ્રેમ તો હાથ લંબાવે છે. પોતાના માટે બનાવેલી સુખડી બીજાને ધરવાની એ ઉદારતા બતાવે છે. આપ્યા વિના ખાય તો માણસનું દિલ ડંખે. આમ પ્રેમ–મૈત્રી આગળ વધતાં, વધારે નિર્મળ અને શુદ્ધ બને છે. સંતોનો પ્રેમ જોયો? એમને

માણસ ગમે તેમ સંભળાવે તોય તે અનુકંપાથી કહે છે: "બરાબર છે. તું હજુ નાનું બાળક છે. બાળકને વિવેક ન હોય; એ તો ધૂળ પણ મોંમાં નાખે. પણ મા એને ધૂળ ખાતો બચાવે છે. એ એને ઝૂંટવીને લઈ લે છે. તું બાળક છે એટલે આ ધૂળ જેવા શબ્દો તું મોંમાં ભરે છે. તને બચાવવો જોઇએ." આમ સંતો સહન કરીને પણ જગતને શાંતિ અને શીતળતા આપે છે.

માણસ જેમ પોતાની જાતને જોતો થાય તેમ તે વધારે અને વધારે ઉદાર અને ઊંચો થતો જાય. પૈસાદાર, પૈસા કમાય છે ત્યારે કેવો કઠોર હોય છે! પણ એની માનવતા જાગે છે ત્યારે, એ હજારોની અને લાખોની સખાવત કરે છે ને? સામન્ય માણસો, જે પાયધુનીથી અહીં સુધી પગપાળા ચાલીને આવે છે, તે પણ ભૂખ્યાને જોઈ પાવલી આપી દેવાના. જે પોતાની સગવડ માટે નથી ખર્ચતા, તે બીજાને આપે છે. માનવતા જાગે ત્યારે આવા સદ્ગુણો આવે અને થયેલી ભૂલો પર પશ્ચાત્તાપ થાય. આંખમાંથી આંસુ ટપકે અને સુધરવાની વૃત્તિ જાગે.

કલકત્તામાં સ્વરુપ નામે એક સુખી માણસ હતો. તે સંગના કારણે મદિરાના વ્યસનમાં લપેટાઈ ગયો. પછી તો દારુ વિના એને ચાલે જ નહિ. દારુ એના જીવનનું મુખ્ય અંગ થઈ ગયું. એક દિવસ વર્ષામાં એના બંગલાના કંપાઊંડની દિવાલમાં મોટું ગાબડું પડયું. એણે કડિયાને બોલાવ્યા અને કહ્યું: "તમારે આજે જ આ ગાબડું પૂરવાનું છે." કડિયો કહે: "આજ તો હું વચનથી બીજે બંધાયેલો છું. કાલે આવીશ." સ્વરુપ કહે: "ખરેખર, તું કાલે આવીશ? ફરી નહિ જાય?" કડિયાએ સરળ પણ સચોટ ઉત્તર વાળ્યો:

"સાહેબ, શું આપ મને દારૂડિયો ધારો છો? હું દારુ નથી પીતો કે બોલીને ફરી જાઉં કે ભૂલી જાઉં...."

કડિયો તો ગયો પણ સ્વરુપ એવા શબ્દો સાંભળી વિચાર કરતો થઈ ગયો. અરે, દારુડિયાની આટલી હલકી છાપ! એક કડિયાથી પણ હું હલકો? શું વ્યસનને કારણે માણસ આટલો નીચો ઊતરી જાય છે?–અને એ અંદર ગયો. દારૂની ઊંચામાં ઊંચી કિંમતી બાટલીઓ હતી તે લાવીને ગટરમાં ફેંકી દીધી!

એ જ ક્ષણે એના મનમાં પ્રસન્નતાની એક લહેરકી આવી. એ હળવો હળવો થઈ ગયો. વ્યસનમુક્તિનો આ આનંદ છે.

માણસ પાપથી જ્યારે પાછો વળે છે ત્યારે જે સુખ એ અનુભવે છે, તે અપૂર્વ છે. કારણે કે તે પોતાના સહજ સ્વભાવ તરફ વળે છે; મળ અને મેલથી મુક્ત થાય છે.

સારામાં સારી વસ્તુ પણ આસપાસના વાતાવરણને લીધે ખરાબમાં ખરાબ પણ દેખાય. પારદર્શક સ્ફટિકની પાછળ કાળી વસ્તુ પડી હોય તો એ સ્ફટિક, શ્વેત શુભ્ર હોવા છતાં કાળું દેખાય.

માણસ પણ વાતાવરણ અને સંયોગોને લીધે આવો બને છે. બીડી કે દારુ પીનારને પૂછો. આ ટેવ જન્મથી સાથે લઈને આવ્યા છો કે? ખરાબ વસ્તુ એકદમ નથી કરી શકાતી. એ માટે ધીરે ધીરે ટેવ પાડવી પડે છે.

મારા દૂરના એક કાકા હતા. હું નાનો હતો ત્યારે એમની પાસે બેસતો, રમતો. એક દિવસ કહે: "બેટા,

અહીં આવ. ચાલ જોરથી એક દમ લગાવ જોઇએ." એમ કહી એણે મારા મોંમાં બીડી મૂકી. મેં દમ માર્યો? શું કહું? ગુંગળાઈ ગયો, ગળું અને મગજ ભરાઈ ગયાં; દમ નીકળી ગયો, આંખમાં પાણી આવ્યાં. ખાંસી જ ખાંસી. કાકા ગભરાયા. મેં કહ્યું: "કાકા બિસ્કીટ કે ચોકલેટ આપવાને બદલે આ દમ મારવાનું તમે શું કહ્યું?"

આજે ઘણાને હું વ્યસનમાં મગ્ન જોઉં છું ત્યારે મને મારા એ કાકા યાદ આવે છે. જેણેં પણ બીડી કે સિગારેટ પીવાની શરૂઆત કરી હશે તેની દશા પહેલાં તો મારા જેવી જ હશે ને! ધીમે ધીમે માણસ એ ખરાબ વસ્તુઓથી ટેવાઈ જાય છે. પછી તેને તે વસ્તુ વગર ચાલતું નથી. આવી કુટેવની ટેવ પાડ્યા વિના એકદમ કાંઈ ખરાબ ન થવાય.

ગાળથી ટેવાયેલા માણસો, અલ્પવિરામ અને પૂર્ણવિરામની જેમ હલકા શબ્દો વાપરતા હોય છે. પણ સારા માણસને એવો શબ્દ સ્વપ્ને પણ મોમાં નહિ આવે, એને તમે પૈસા આપશો તો પણ એ એવા શબ્દને નહિ ઉચ્ચારે. એને એવો શબ્દ ઉચ્ચારતાં લજ્જા આવશે.

કળિયુગ, ધર્મરાજ પાસે આવ્યો અને પૂછ્યું: "હું ક્યાં જાઉં? મારે માટે જગ્યા ક્યાંય નહીં?" ધર્મરાજાએ કહ્યું: "તું ત્યાં જઈને રહેજે જ્યાં જુગાર હોય, ચોરી હોય, અત્યાચાર હોય, દારૂ હોય." કળિયુગ કહે: "દારૂ, જુગાર, ચોરી અને અત્યાચાર બધાં જ એક ઠેકાણે ભેગાં થાય તે કેમ ખબર પડે?" ધર્મરાજા કહે: "જ્યાં તને પૈસો દેખાય, ધનનો ઢગલો દેખાય, ત્યાં આ ચારે વસ્તુ હશે." કળિયુગ કહે: બધા પૈસાદારોને ત્યાં આ ચારે

હોય? ધર્મરાજા કહે: “ઊભો રહે. જરા સમજ, નહીં તો ભૂલ કરીશ. જે ઘરમાં ધર્મ હોય, સાધુ અને સંતનું નામ હોય, સદાચારની પૂજા હોય ત્યાં પૈસો હોય તો ય આ ચારમાનું એકે નહી હોય.” પૈસો ખરાબ છે, પણ ધર્મ અને નીતિથી એ શુદ્ધ બને છે. પૈસો આવે સાથે દુર્જન આવે; ધીમે ધીમે દુર્જનના સંગની ટેવથી માણસ ખરાબ થતો જાય. આ ખરાબીને રોકવાનો એક જ માર્ગ છે. સજ્જન સંગે સત્સંગ વધારી આત્મનિરીક્ષણ તરફ વળો. તમે તમને, અને તમારા કામને જોતા થાઓ, પૂછતા રહો, કે હું માનવ છું તો આજે મેં માનવને શોભે તેવું શું કર્યું? તમારે ખૂદનેઆ પ્રશ્ન પૂછવાનો છે. ખૂદ એટલે ખૂદા—આ ખૂદ તેનું જ નામ ખૂદા. ખૂદને સમજે તે આત્મા ખૂદા છે. ખૂદ પોતાને જોનારો, બીજાની સારી વસ્તુ જોઈ રાજી રાજી થવાનો. એનું મન મૈત્રીથી છલોછલ ભરેલું રહેવાનું. એની આંખમાંથી અમી ટપકવાનું. આજે લોકો કેવા માનસના થતાં જાય છે? સુખીને જોઈ બળ્યા કરે. કહે: ‘કાલે અહીં રખડતો હતો, નોકરી કરતો હતો, આજે મોટરમાં જાય છે.’ આ બળતરા શા માટે? આમ દુઃખી થવાથી કાંઈ વળતું નથી. સુખીને જોઈ આમ થાય અને દુઃખીના પ્રત્યે તિરસ્કાર કરે. આ જમાનાનું એ માનસ છે.

•

આજે નિંદા કેટલી વધી ગઈ છે? કોઈ આગેવાન થાય કે જરા મોટો થાય તો બીજા તેની નિંદા કરીને તેને નીચે પાડવા પ્રયત્ન કરશે. પણ આમાંથી એ શીખો કે કોઈનો ય ઉત્કર્ષ થાય તો તેની નિંદા ન કરો. આંખમાં અમી ભરો. કારણ બાજુમાં તળાવ હશે તો કોઈ વાર પવાલું પાણી ભરીને પીવા કામ લાગશે.


સભામાં અકબર કહે : "હું પાટિયા પર એક લીટી દોરું છું, તેને ભૂંસ્યા વિના, તેને અડકયા વિના, નાની બનાવો." બધા કહે નાની બનાવવી હોય તો પોતું ફેરવવું પડે, તેને જરા ભૂંસવી પડે." બધા જ ભૂંસનારા છે! ઈર્ષાનો સ્વભાવ છે કે કોઈ દોડે તો તેનો પગ પકડવો અને પાડવો. પછી બિરબલ ઊભો થયો. પાટિયા પાસે ગયો. અકબર કહે : "મારી લીટીને સંભાળજે." બિરબલે ચૉક લીધો ને કહ્યું : "મારા પર વિશ્વાસ રાખો. હું આપની લીટીને અડીશ પણ નહિ." બિરબલે તે લીટીની બાજુમાં એવડી મોટી લીટી દોરી કે તેની સરખામણીમાં અકબરની લીટી નાની થઈ ગઈ. સાવ નાની, જાણે વિરાટ પાસે બટુક! સિદ્ધાંત આ છે!–તમારી લીટી મોટી બનાવો. તમે કોઇને ય ગાળ દઇને એને નાનો ન બનાવો. તેમ કરતાં તો માણસ પોતે જ નાનો બને છે.

જેના હૈયામાં મૈત્રી હોય તે બીજાનો વિકાસ અને પ્રગતિ જોઇને રાજી થાય છે. અને દુ:ખીને જોઈ એના હૈયામાં કરુણાનો સ્રોત વહે છે. એ ભોજન કરતો હોય ત્યારે ય એને ભૂખ્યા જીવોનો વિચાર આવે. શિયાળામાં એ સુંદર પથારીમાં ઓઢીને સૂતો હોય ત્યારે, એને માર્ગ પર ટાઢમાં ધ્રૂજતો, ટૂંટિયું વાળીને પડેલા આત્માઓ સાંભરી આવે અને આરામથી છાયામાં બેઠેલ હોય ત્યારે ય, તાપમાં શ્રમ કરતા ગરીબો એને યાદ આવ્યા વિના ન રહે. કારણ? એ માણસ છે. માણસને દિલ છે, અને એ દિલનો ધર્મ મૈત્રી અને કરુણા છે. આ કરુણાથી એનું ચિત્ત દ્રવે છે અને એને કંઈક કરવાનું મન થાય છે. એને પોતાનામાંથી કંઈક આપવાનો, ત્યાગ કરવાનો વિચાર જાગે છે.

આવા વિચારોને સતેજ કરવા, જાગૃત કરવા માટે આ પર્વો છે. પર્વો માનવના આત્માને ઢંઢોળવામાં નિમિત્ત બને છે. આ પર્વના ઉત્સાહમય વાતાવરણ દ્વારા માણસમાં પણ ઉલ્લાસ જાગે છે અને શુદ્ધ સ્વરૂપ તરફ વાળવા પ્રેરણા મળે છે.

•

વિશાળ ગગનના મંડપ નીચે જેમ પ્રાણી માત્ર છે, તેમ તમે આજે આ મંડપમાં જાતના, ભાષાના, પ્રાંતના અને વાડાના ભેદભાવ ભૂલી જે મૈત્રી અને પ્રેમથી મળ્યા છો, તે જોઈ સૌને આનંદ થાય છે. પણ મને તો વધારે આનંદ ત્યારે થશે કે તમે જે પ્રેમભર્યો વ્યવહાર માણસો સાથે આજે દાખવ્યો છે, એવો પ્રાણી માત્ર પ્રત્યે સદા ય દાખવો. આ દિવસોમાં થતી હિંસા અટકાવવામાં તન, મન અને ધનથી સાથ અને સહકાર આપો અને પ્રતિજ્ઞા કરો; તો આજનો આ સમય ધન્ય અને અમર થઈ જાય.......



# ભક્તિનું–માધુર્ય

[ વૈષ્ણવ-મંદિર દરિયાસ્થાનમાં આપેલ પ્રવચન ]

**મ**નુષ્ય જન્મનું ફળ, તે મોક્ષ છે. જન્મ શા માટે મળ્યો ? મોક્ષની પ્રાપ્તિ માટે. બધે બધું જ પ્રાપ્ત થાય છે, પણ મોક્ષ તો ફક્ત મનુષ્યજન્મ દ્વારા જ થાય છે ! તે પ્રાપ્ત કરવાનાં સાધનો શાં, અને કયા માર્ગે જઈએ તો મોક્ષ મળે, તે વિચારવાનું છે. મોક્ષનો ઉપાય અને યોગ્ય સાધન ન મળે, તો અહીં જ ભટકવું પડે, જન્મ વ્યર્થ જાય.

મહાપુરુષોએ એના ઉપાય અને સાધનોને જ્ઞાન, એકાંતનું ચિંતન અને ધ્યાન દ્વારા શોધી કાઢ્યાં છે. જેવી પ્રકૃતિ તેવાં સાધન.

ધર્મ એક છતાં ઉપાસના જુદી જુદી હોય, ગામ એક છતાં રસ્તા જુદા જુદા હોય. પણ અંતે એક ઠેકાણે ભેગા થાય છે. કર્મ, ભક્તિ અને જ્ઞાન. આ ત્રણે પંથ આમ જુદા દેખાય છે, પણ એ મોક્ષનાં જ સાધન છે. જીવન એટલે જ્ઞાન, ભક્તિ અને કર્મ. ત્રિવેણીનો સંગમ. આ ત્રણના મિલનથી સંગમનું તીર્થ બને છે. ગંગા–યમુના અને સરસ્વતી જુદી નદી કહેવાય, પણ સંગમ થાય ત્યાં ત્રિવેણી તીર્થ બને છે.

એક જ સાધનને વળગેલા માણસો, આજે એકબીજાની વસ્તુને વખોડે છે. સાધના કરવાને બદલે, કલહ અને કંકાસમાં એમનું જીવન ચાલ્યું જાય છે. જ્ઞાનવાળો, ભણેલો જો કોમળ–ભીનો–આર્દ્ર ન હોય તો એના હૈયામાં ધર્મવૃક્ષ ઊગતું નથી. જ્ઞાની તો ભક્તિ અને ભાવથી ભરેલો હોવો ઘટે. ભક્ત પોતાનો સમય રાગમાં ન કાઢતાં, ત્યાગમાં વીતાવે છે. અહીં બેઠેલા ભાઈ–બહેનો અહીં ભક્તિ માટે ભેગાં થયાં છે. નહિ તો સિનેમામાં જાત અને ત્યાં પાપ બાંધત. જ્યારે અહીં પ્રભુના ભજનમાં ચિત્તને આનંદ આપી, ભાવદ્વારા એને ઉન્નત બનાવે છે.

ભક્તિની શક્તિ માણસના હૃદયને ભીનું અને કોમળ બનાવે છે. 'સૂરદાસનું દ્રષ્ટાંત તો સૌ કોઈ જાણો જ છો! તે કહે છેઃ 'આંખ વિનાના મને, તો ધણી આંખવાળો દોરી રહ્યો છે.' આજે તો અંધના અકસ્માત ઓછા થયા છે, પણ દેખતા લપસી લપસીને પડી રહ્યા છે! માનવીના જીવનમાં કેટલા અકસ્માત છે? રસ્તા પર પડે તો તેને કોઇ ઊભો ય કરે, પણ જીવનમાંથી પડે તો એને કોણ ઊભો કરે? આ માટે વિશ્વાસ–શ્રદ્ધાની આંખની જરૂર છે. વિશ્વાસ બહુ મોટી વાત છે. વિશ્વાસે દરિયામાં વહાણ ચાલે છે. શ્રદ્ધા વિના ક્યાંય ચાલતું નથી.

મારી પાસે એક સુધારક ભાઈ આવ્યા. તે કહેઃ "મહારાજશ્રી અમે શ્રદ્ધામાં માનતા નથી. અમારે તો (ફીગર અને ફૅક્ટ્સ) આંકડા અને દાખલા જોઇએ." મેં તેમને કહ્યું: "સંસારમાં મેં એકેય એવો માણસ જોયો નથી કે જે શ્રદ્ધા રાખ્યા વિના જીવી શકે. તમે જ્યારે બસમાં બેસો છો ત્યારે તમે ડ્રાઇવરને ઓળખો છો?" તો કહે, 'ના'. ત્યારે બસો

રૂપિયાના પગારદાર ડ્રાઈવર પર તમારી જિંદગીનો વિશ્વાસ તમારે મૂકવો પડે છે ને! તે ડ્રાઈવર પર વિશ્વાસ ન હોય તો તમે બસમાં ન બેસી શકો. તે જ રીતે વિશ્વાસ રાખી તમારા રૂપિયા બેંકમાં મૂકો છો. વિશ્વાસ રાખી રસોઇયાની રસોઇ ખાઓ છો. વિશ્વાસ રાખ્યા વિના ક્યાંય ચાલી શકતું નથી. તમે વિમાનમાં જાઓ છો ત્યારે તમારી આખી જિંદગી વિમાનીને સોંપો છો; તો પછી ધર્મગુરુ અને ભગવાન પર શ્રદ્ધા ન રાખો તો કેમ ચાલે ?"

પરમ–તત્ત્વના દર્શક, એવા ગુરુ તો 'દીવો' છે. ગુરુ દેવતા છે. દીપકના આધારે જ અંધકારની પેલે પાર જવાય છે. સૂરદાસમાં શ્રદ્ધાનો એ દીવડો હતો. તે ભગવાનનું સ્મરણ, ચિંતન કરતો, પ્રભુગુણ ગાતો, ચાલ્યો જાય છે. એનું મન ભક્તિના પાનથી તૃપ્ત બને છે. વિષયોથી કોઈ તૃપ્ત થયો હોય તેવું નહિ મળે. અતૃપ્તિ એ સૂકી તરસ છે. એ જાગે તેનામાં, ચિંતન–સ્મરણ ન મળે; તેના ચિત્તમાં ન મધુરતા કે સુંદરતા મળે. બધું જ લૂખું લૂખું–જાણે ધગધગતો તવો. જે મળે તેને એ બાળીને ભસ્મ કરે.

સૂરદાસ ચાલ્યો જાય છે. માર્ગમાં ખાડો આવે છે. પણ એ ભક્તિથી તરબોળ છે. વિશ્વાસ એને દોરી રહ્યો છે. તેવામાં કોઈ દિવ્ય હાથ આવીને તેને પકડીને દોરે છે. એ હાથનો સ્પર્શ જ, દિવ્ય અને નાજુક છે. એ હાથ, માયાથી કઠોર અને રંગરાગથી શિથિલ નથી. એ હાથ જુદો છે. કદાચ તે સરકી જશે, તેમ ધારી સૂરદાસે તેને ખૂબ મજબૂત પકડી રાખ્યો. અંતર્યામી જાણે છે કે આ મને પકડવા માગે છે. પણ એ પકડાય? ખાડામાંથી પેલે પાર ઉતારી, એ હાથ સરકાવી લે છે, છૂટી જાય છે. કારણ કે તે બળવાન છે.

સૂરદાસ ખાલી હાથે રહ્યા. હૃદય ભરાઈ આવ્યું. ઘણી સાધના પછી આ હાથ મળ્યો હતો, તે પણ ચાલ્યો ગયો.

જ્યારે મળેલું પરમતત્ત્વ ચાલ્યું જાય છે, ત્યારે ભક્તોની દશા આવી જ હોય છે. ભક્ત રડતો હોય, તો તેને દુનિયા પાગલ કહે છે. પણ એવા પાગલો જ આ પરમતત્ત્વ પામે છે. રૂપિયાનાં કાગળિયાં ગોદરેજની તિજોરીમાં હોય છે; ભક્તિ હૈયાના અંતરમાં છે.

દુનિયામાં ઘી–દૂધ બધું મધુર છે, પણ મન જેમાં લાગે તેના જેવું મધુર એકેય નથી.

હાથ છૂટતાં સૂરદાસ કહે છે: "ક્યાં જાઉં? ક્યાં પોકાર કરું?" બધા પૂછે છે: 'શું ખોવાયું?' તે કહે છે: "પરમતત્ત્વનો સ્પર્શ ગયો." ત્યારે પૈસા ગણનાર કહે છે: "ગયો તો ગયો. એમાં શું ખોયું? પૈસા કે પત્ની તો નથી ગયા ને?" પૈસાના આવા પૂજારીઓને પેલા પ્રેમની પાગલ રીત કેમ સમજાય?

ભક્ત વિષયોને ઝેર માને છે. એમને મન એ તુચ્છ વસ્તુ છે. એને તો ગમે છે પરમતત્ત્વ. એમાં જ એ રમે છે. તેના સિવાય કોઈ વસ્તુમાં એનું મન લાગતું નથી.

એક દ્રષ્ટાંત કહું? એક સ્ત્રી હતી. તેનો પતિ બાર વર્ષે પરદેશથી આવે છે. તેના સાસુ–સસરાં દીકરાને લેવા જાય છે, પણ બાઇને ઘેર રાખી જાય છે. પણ તે બાઈ જલદી જલદી કામ પતાવી એક પગદંડીએ તે પતિને નિહાળવા દોડી જાય છે. રસ્તામાં બાદશાહ અકબર એક સુંદર ગાલીચો પાથરી, નમાજનો સમય થવાથી નમાજ પઢતો હોય છે. બાઈ તો

તેની ધૂનમાં છે. તે મસ્તાની બની છે. તેને ખબર નથી કે બાદશાહ શું કરી રહ્યા છે? એ તો ધૂનમાં ગાલીચા પર પગ મૂકીને ચાલી જાય છે. તેનાં ધૂળવાળાં પગલાં, ગાલીચા પર પડ્યાં, એટલે અકબરે નમાજ પઢતાં મગજ ગુમાવ્યું. તેણે ચોકીદારોને હુકમ કર્યો કે તે પાછી ફરે ત્યારે પકડીને, મારી પાસે એને હાજર કરજો. પતિના દર્શન કરી એ પાછી ફરે છે. એનું મન પ્રસન્ન થયું છે. હુકમ પ્રમાણે માણસોએ કહ્યું: 'બાઈ, તને બાદશાહ અકબર બોલાવે છે.' તે બાદશાહના સન્મુખ આવી ઊભી રહી. બાદશાહે પૂછયું: 'આ ગાલીચા પર પગ મૂકી જનાર તું હતી?' તેણે કહ્યું: 'જહાંપનાહ! મને ખબર નથી. કદાચ હું પણ હોઈશ. હું પ્રેમદીવાની હતી. તે સમયે મેં આપને ન જોયા. મારા મનનો કબજો ત્યારે મારા દિલના બાદશાહે લઈ લીધો હતો. મારા સમગ્ર ચૈતન્યનું અસ્તિત્વ મારા પ્રિયતમ્ એવા મારા પતિમાં હતું. મને માફ કરો.' પણ હું આપને એક વાત પૂછું: "તે સમયે આપ શું કરતા હતા?" બાદશાહ કહે: "નમાઝ પઢતો હતો." "નમાઝ કોની? ભગવાનની? અલ્લાહની? અને તેમ છતાં તમે મને જોઈ? અરે, એક માટીના માનવીમાં મસ્તાની બનેલી હું, આપના જેવા બાદશાહને પણ ન જોઈ શકી, અને તમે ભગવાનમાં મગ્ન હોવા છતાં, મારા જેવી એક સામાન્ય સ્ત્રીને જોઈ! તો પછી હું કેમ માનું કે આપ ત્યારે નમાઝ પઢતા હતા?" આ સાંભળી બાદશાહ વિચારવા લાગ્યા: 'ખરે જ મારું અંતર હજી ભકિતથી ધોવાયું નથી." સાબુ પાણી, ચોખ્ખાં હોય તો જેમ કપડામાં મેલ રહે નહિ, તેમ ભકિતભીનું અંતર, વિષયોવાળું હોય નહિ. ભક્તિની આરાધના આજે બહુ ઓછી દેખાય છે. સાચી ભક્તિ હોય તો પ્રસાદ વેચાય નહિ

પણ વહેંચાય! ભક્તિ એ તો હૃદયને ધોઈ, મનને શુદ્ધ કરવાને માટે છે. આવી ભક્તિ આવે તો જ્ઞાન, ભક્તિ અને કર્મનો મેળ મળે. તો જીવન આ ત્રિવેણીના સંગમથી પ્રયાગ બની જાય છે.

અકબર બાદશાહે બાઈને સોનાનો હાર આપતાં કહ્યું : ‘ બાઈ, તારામાં જેવી પતિભક્તિ છે તેવી મારામાં પ્રભુ-ભક્તિ ય નથી. ’

સૂરદાસ રડી રહ્યા છે. હાથમાં આવેલું ગયું, પણ રડતાં રડતાં એને એક વિચાર આવ્યો : ગયું; પણ ક્યાં ગયું ? હાથ મરડીને ગયું ? સૂરદાસ ભગવાનને કહે છે :

‘ હાથ મરોડ કે જાત હો, દુર્બલ જાને મોય;
અંતર મેં સે જો ખસો, તો મર્દ બકુ મેં તોય. ’

ભગવાન ! તમે બળવંત છો; હું નબળો છું. આપ પર્વતને અંગૂઠાથી ડોલાવી શકો તેમ છો. તમે મને દુર્બળ જાણી હાથ મરોડી ચાલ્યા જાઓ પણ તમે જો મારા અંતરમાંથી ખસો તો હું તમને મર્દ કહું ! ભલે તમે ખસી જાઓ પણ તમારી તેજો-મય મૂર્તિ તો મારા હૈયામાં છે. અંતરનાં અણુએ અણુમાં છે.

અંતર જો પોતાના હાથમાં છે, તો ભક્તિ અંતરને ભીનું ભીનું કરે છે. ભીના હૃદયમાં ભગવાનના ભાવો ઊભ-રાય છે. એવા હૃદયમાં શુષ્કતા કે કઠોરતા આવતી નથી. ભગવાનને યાદ કરીને એ ભાવથી રડી પડે છે.

ભક્તને અયોગ્ય કાર્ય કરતાં આંચકો લાગે છે. ખરાબ કાર્ય થઈ જતાં, ભગવાન મારી પાસેથી ખસી જાય છે, એવો એને અનુભવ થાય છે. દુનિયામાં કોઈ ન જાણે,

પણ અંતર્યામી તો બધું જ જાણી રહ્યો છે. દુનિયાનો સુપ્રિમ જજ તે તમારો આત્મા છે, અને તે ભક્તહૃદયના સિંહાસન પર બેઠો છે.

ભક્તનું હૃદય નીતિમય હોય છે. એક બાજુ કર્મ અને બીજી બાજુ જ્ઞાન હોય છે. જ્ઞાનથી પ્રકાશ અને કર્મથી ગતિ મળે છે. ભક્તિ વચમાં શોભે છે, ને અવલોકન કરે છે, એટલે ભક્તિને વચમાં રાખી છે. આમ જ્ઞાન અને કર્મ સાથે ભક્તિ તો હોવી જ જોઇએ.

એક સામાજિક કાર્યકર ભાઈ હતા. કામ બહુ કરે, પણ કડવી બદામ ખાધી હોય તેવું સાંજે તેમનું મોં હોય. એક વખત એ પસાર થતા હતા. રસ્તામાં એક વણજારણ બાઈ, ઘંટી દળતાં ભજન ગાઈ રહી હતી. પેલા ભાઈ ઊભા રહ્યા અને પૂછ્યું: “બેન, તમને એક વાત પૂછું? તમે કામ કરતાં ગાઓ છો શું કરવા? દળતાં ગાવું અને ગાતાં દળવું આ બે કામથી થાક ન લાગે? મૂગાં મૂગાં દળો તો થાક ઓછો લાગે ને!”

વણઝારણે કહ્યું: “ભાઈ! ગીત વગરનુ કાર્ય એ તો વૈતરું કહેવાય. શ્રમમાં સંગીત હોય તો એ કાર્યમાં ભાવ આવે. સંગીતમાં શ્રમ હોય તો મન ઉજ્જવલ થાય. ગીત વગરનો શ્રમનો રોટલો તો કૂતરાને નાખીએ તો એ પણ ખાઇને ભસવા લાગે, બટકાં ભરે. ગીત વિનાનું કામ એ તે કંઈ કામ છે?” આ સાંભળતાં પેલા ભાઇને તત્ત્વ સમજાઈ ગયું.

આજે માનવ બચકાં ભરતો ને ભસતો સંભળાય છે, કારણ કે એની પ્રવૃત્તિ પાછળ કોઈ સંગીત નથી. એ માત્ર સત્તા અને શ્રીમંતાઈની પાછળ જ દોડી રહ્યો છે.

જ્ઞાન અને કર્મ સાથે ભક્તિનું માધુર્ય આવી જાય ત્યારે જ એમાંથી કાર્યનો સંવાદ પ્રગટે છે. જીવન કાંઈ વૈતરું નથી, સંવાદ છે. સાચો ધર્મ સંવાદમાં છે. જેમ તંબૂરાનો તાર સંવાદમાં હોય છે તેમ જીવનનો તાર પણ સંવાદમાં જોઈએ.

બુદ્ધને એક ભકતે પૂછ્યું: "ભન્તે! જીવન કેવું હોવું જોઈએ?" એમણે કહ્યું: "સારંગીના તાર જેવું. શિથિલ પણ નહિ, કઠણ પણ નહિ." તાર શિથિલ હોય તો સંગીત નીકળે? ના; તેમ તાર કઠણ હોય તો સૂર આકરા નીકળે. તાર મધ્યમ જોઈએ. તેમ જીવન પણ ન ભોગમાં હોય, ન નિરસતામાં હોય. એ ભક્તિમાં સહજ પ્રસન્ન હોય.

ભગવાન મહાવીરે કહ્યું છે: "જીવન આંબા જેવું હોવું જોઈએ." આંબો મીઠો મધુર છે. મધુરતા વર્ષાવી ચાલ્યો જાય છે. દુનિયાની કટુતા, કજિયાને એ પચાવી લે છે. તેમ માણસે જીવનની કટુતા સમતામાં ઓગાળી મધુરતા સર્જવાની છે; ચંડકૌશિકના ઝેરને પચાવી દૂધની ધારા વહાવવાની છે.

અહીં આવવા માટે પ્રારંભમાં તમે મારો આભાર માન્યો. પણ એ તો મારું કર્તવ્ય છે. મેઘ જેમ ધરતીના પ્રત્યેક ખૂણે વર્ષે છે, તેમ સાધુએ પણ સ્થળે સ્થળે જઈ ધર્મવર્ષા કરવાની છે. મેઘ વિના બોલાવે આવે છે, જ્યારે તમે તો ઊલટા મને બોલાવવા આવ્યા હતા. એમાં આભાર શો? કોઈ પણ જાતના ભેદભાવ વિના, મેઘ જળ વર્ષે છે, સૂર્ય પ્રકાશ આપે છે, અને વાયુ હવા આપે છે. તેમ ધર્મ પણ સૌને ભેદભાવ વિના શાંતિ અને સત્ય આપે છે. જ્ઞાની-ઓનાં વચન દુનિયાના કલ્યાણ માટે જ છે. વિના મૂલ્યે જ

જ્ઞાનની ધારા વહાવવાની છે. બીજા દેશોમાં જ્ઞાન વેચાય છે. ડેલ કાર્નેગી તો વ્યાખ્યાનની ટિકિટ રાખતો, અને એમાં લાખો કમાતો. પણ આ દેશમાં જ્ઞાન અમૂલ્ય છે. સૂર્યના પ્રકાશનું બિલ મહિનો થાય અને આવે તો શું થાય? ગરીબો તો મરી જ જાય ને? પણ યાદ રાખજો. અમૂલ્ય વસ્તુઓ, વિના મૂલ્યે જ મળે છે. અંતરને ધોઇ ઉજ્જવળ કરનાર ભક્તિ, એ પણ અમૂલ્ય વસ્તુ છે. તે અહીં વિના મૂલ્યે મળે છે. આ ભક્તિરૂપી ન્યાયાધીશ, જીવનનાં બધાં જ કાર્યોને ન્યાય આપે છે. આ અમૂલ્ય ભક્તિનાં નીરથી આપણા અંતર ધોઈ, ચિત્તને કુંદન જેવું ઉજ્જવળ કરીએ તો આજનો પ્રસંગ ધન્ય થાય.

આપણા સૌના હૃદયમાં ભક્તિનું આવું માધુર્ય આવે તો આપણો જન્મારો સફળ થઈ જાય.



# યોગપ્રાપ્તિ માટે

આજે આપણે 'યોગ'ના મહિમા વિષે વિચારીએ. યોગ શું છે ને શું કરે છે એ વસ્તુ સમજીએ. યોગની તાકાત કેટલી છે! અગ્નિ જેમ કચરાને બાળી નાખે છે એમ, અંતરમાં રહેલ કર્મના કચરાને યોગ બાળી નાખે છે. મનમાં સંગ્રહાયેલા કષાયોના ગંજને એ રાખ કરી નાખે છે. યોગની તાકાત વાસનાને બાળીને ભસ્મ કરવાની છે. બાળવામાં પણ ચોક્કસ વસ્તુને બાળે છે—જે રીતે તેજાબ સોનાની અંદર રહેલા કચરાને બાળે છે, સોનાને નથી બાળતો, સોનાને તો એ વિશુદ્ધ બનાવે છે. તે રીતે યોગ કચરાને–કષાયોને બાળે છે અને આત્માને તેજોમય બનાવે છે.

ભગવાનનાં દર્શનનો આનંદયોગ—આ શબ્દો બરાબર સમજો. દર્શન થાય તો આનંદ થાય; પણ દર્શન પામવા મન, વચન અને કાયાના સમાધિમય યોગની આવશ્યકતા છે.

શ્રી આનંદઘનજી મહારાજે કહ્યું છે કે, દર્શનના અમૃતનો પ્યાલો મળે તો જન્મમરણની તૃષા શાન્ત થઈ જાય. શાંતિ થઈ જાય. આનંદ–આનંદ છવાઇ જાય. દર્શનરૂપી અમૃતપ્યાલો મળતાં જીવનની તરસ છીપી જાય–સંતોષ થઈ જાય. આ તરસ કઈ? અંગ્રેજીમાં કહે છે એવી Dry thirst

નથી કે જેમાં પીઓ પીઓ તો પણ અશાંતિ ને અસંતોષ રહ્યા કરે. જાણે પીધું જ નથી એવું લાગ્યા કરે. પણ આ દર્શન-અમૃત પીઓ ને ટાઢક વળી જાય, સંતૃપ્તિ થઈ જાય. પછી બીજું કંઈ જ પીવાની જરૂર ન રહે. આ દર્શનનો અમૃત-પ્યાલો આનંદ–આનંદ છલકાવી જાય.

તૃષા લાગી છે. શેની? અમૃતપાનની. પણ છતાં તું તો ઝેરનું જ પાન કરે છે. આખું જગત અમૃતપાન મૂકીને ઝેરનું પાન કર્યા કરે છે. ખૂબી તો એ છે કે, અજ્ઞાનના અંગે એ ઝેરના પાનમાં સુખ માન્યા કરે છે. પણ એ તો વિનાશ-કારી છે. ઝેરમાં તે સુખ હોય? અમરતા તો અમૃતપાનથી જ મળે ને? માટે, અમૃતપાન શોધો. આનંદઘનજી મહારાજ કહે છે: 'દર્શન-દર્શન કરતો હું બહારના જગતમાં ફરું છું ત્યારે જ્ઞાનીઓને રણમાં ઝાંઝવાના જળ માટે દોડતા–રખડતા રોઝ જેવો હું લાગું છું.' રોઝ પાણી પાણી કરતા રણમાં ઘૂમતાં હોય છે.

આ દર્શનરૂપી અમૃત ક્યારે મળે? ચિત્તના ઊંડાણમાં ઊતરે ત્યારે. સરોવરના જળના તરંગો જ્યારે શાંત થઈ જાય છે ત્યારે જ તળિયે પડેલ વસ્તુનું સ્પષ્ટ દર્શન થાય છે. એમ જ ચિત્તના તરંગો શાંત પડે, ઓછા થઈ જાય ત્યારે દર્શન થાય. અને તો જ આંતરદશા સુધરે. અને આંતરદશા સુધરતાં યોગ લાધે.

યોગ લાધવો સહેલો નથી, એને માટે ચિત્તની વૃત્તિ-ઓના નિરોધની આવશ્યકતા છે. ચોક્કસ વસ્તુઓમાંથી મુક્તિ મેળવવાની રહે છે. કઇ વસ્તુમાંથી? તો કહે છે કે—

**ખાના, પીના, સોવના, મિલના, વચનવિલાસ-**
**જયોં જયોં પાંચ ઘટાઈએ ત્યોં ત્યોં ધ્યાનપ્રકાશ.**

ઉપરની પાંચે ચીજો ઓછી કરવાની જરૂર છે.

પહેલું છે 'ખાના.' ખાવાની લપ કેટલી બધી કરી મૂકી છે! આગલે દિવસે સાંજે મનભાવતાં ભોજન પેટ ભરીને–અરે, ભાવતાં ભોજન હોય તો ભૂખ કરતાં ય વધુ જમીને–કરેલાં હોય છે. તો પણ સવાર પડતાં જ પૂછે: 'ચાની સાથે શું બનાવ્યું છે? ખાખરા છે? કંઈ ગરમ ગરમ ફરસાણ બનાવો ને! ચટણી–અથાણાં તો આપો! બિસ્કીટ કે સેન્ડવીચ હશે તો ચાલશે!' આ છે સવારના પહોરમાં જ ખાવાની ધમાધમ. સવારની ખાવાની ધમાલ પૂરી થાય નેં જ્યાં બાર વાગે ત્યાં ફરી ભોજનની ધમાલ. અનેક વાનગીઓ જોઇએ. એમાં કોઇ વાનગી ન બની હોય તો મગજ ગુમાવી નાખે. ક્રોધ કરે. દ્વેષ પણ કરે. કોઈ મિત્રને ત્યાં જમવા ગયો હોય ને અનુકૂળ પદાર્થ ન મળે તો કહે: 'ફલાણાને ઘેર જમવા ગયો હતો પણ જમવામાં કંઈ માલ જ મળે નહિ. મિષ્ટાન્ન હતું, પણ ફરસાણમાં કંઈ જ નહિ.' આમ પેટ ભરીને જમીને આવે, ભાવ્યું પણ હોય, છતાંય દોષ કાઢે. ભોજનમાંથી કેટલા રાગદ્વેષ જાગે?

બારેક વાગે જમ્યા હોય, પછી આરામ કરે, ઊંઘીને ઊઠે ત્યાં ચા દૂધ–કોફી–કોકો કે એવું જ કંઈક જોઇએ. એ પતી જાય ને પાંચેક વાગે ફરી નાસ્તા માટે કંઇક જોઈએ. અને સાંજે અગર રાત્રે ફરી અનેક વાનગીઓથી ભરપૂર Full dish જોઇએ. કેટલું ખાય! ભૂખ હોય એટલું જ

નહિ–અરે પચે નહિ તો ય પરાણે ખાય. કારણ કે સ્વાદિષ્ટ છે ને! ભાવે છે ને! એટલે ખાય. જાણે ખાવા માટે જ ન જીવતો હોય! આવી લપ છે ખાવાની. આ ઓછી કરવાની જરૂર છે. આમાં ઘણો સમય જતો રહે છે.

મહત્ત્વનાં કામો ઘણાં બાકી છે. પણ એ સમજાતું જ નથી. જ્ઞાનીઓ એટલે જ ભોજનકથાને પાપકથા કહે છે! યોગ મેળવવાના માર્ગે જતા પહેલાં આ 'ખાના'ની લપ ઓછી કરવાની ખાસ જરૂર છે.

પછી આવે છે 'પીના.' આમાં પણ એવું જ. ચા–કૉફી–કોકો–સરબત–સોડા–લેમન અને બધાથી ચડે એવો દારૂ. જાતજાતનું ને ભાતભાતનું પીવાનું. એની પસંદગી, એનો પુરવઠો, એનો સ્વાદ અને એનો ઉપયોગ. આમાં પણ સારો એવો સમય વ્યર્થ વીતી જાય છે.

આ પછી આવે છે 'સોવના.' માણસની જિંદગીનો ઘણો સમય આ ઊંઘ લઈ લે છે. ઊંઘ આળસને લાવે છે. અને આળસ મનુષ્યને ઉધઈની જેમ કોતરી ખાય છે. વધુ ઊંઘ પ્રમાદને લાવે છે. અને પ્રમાદ અને આળસ જ્યાં હોય ત્યાં કોઈ શુભ કામ થાય નહિ. આળસુ માણસ એટલે કાંટા વિનાની ઘડિયાળ. ચાલે પણ સમય ન આપે. સામાન્ય રીતે તંદુરસ્ત માણસ માટે છ કલાકની ઊંઘ પૂરતી ગણાય. વધુમાં વધુ સાત કલાકની. આથી વધુ ઊંઘ મનુષ્યના ઉત્કર્ષ માટે અવરોધરૂપ છે.

હવે આવે છે 'મિલના'—

વ્યર્થ મળવાની ટેવ. કંઈ પણ હેતુ વગર વાતો કરવાથી મન શિથિલ થાય છે. એક ભાઈ બીજા ભાઈને મળે ત્યારે પૂછે

કે, ' કાં, શું સમાચાર? સાંભળ્યું, મગનભાઇએ દિવાળું કાઢ્યું.' કાં તો, ' ફલાણાને નોકરીમાંથી રુખસદ મળી કે ફલાણો ચૂંટણીમાં ઊડી ગયો.' ત્યારે બીજો પણ એમ જ પૂછે: ' કાં, છેલ્લા સમાચાર ( latest news ) શું છે?' આમ, જેની સાથે તને અંગત સંબંધ નથી એવું કોઈ ભાગી ગયું કે કોઇએ દિવાળું કાઢ્યું એ સાંભળીને ય તને શું ફાયદો!

પણ આ તો ટેવ પડી. આવું બધું સાંભળ્યા અને સંભળાવ્યા વગર ચેન જ ન પડે ને! પારકી વાતમાં તો ઊંડા ઊતરી જાય. ઘણાને લપ કરવાની ટેવ હોય છે. ' કાં, હાલ શું કામ કરો છો? શું પગાર મળે છે? સામાને ગમે કે ન ગમે તો ય પોતાની પીંજણ ચાલુ રાખે ને વ્યર્થ સમય ગુમાવે. આ પીંજણ કરતી વખતે સામાને મદદ કરવાની ભાવના ન હોય, શક્તિ પણ ન હોય અને છતાં જેને કહેવાય છે ને કે ' ઝીણુ કાંતે ' એમ નાની નાની બાબતોમાં પણ રસ લીધા કરે. આખા ગામની ફિકર કર્યા કરે. ' કાજીજી, કયોં દુબલે? તો કહે, કે સારે ગાંવ કી ફિકર ' એ કહેવત મુજબ પોતાનું ભલું કરવું બાજુ મૂકી, ગામની કૂથલી કર્યા કરે. મગજ આવી જ વાતોથી અને ખોટી ચિંતાઓથી ભરેલું રાખે. પછી આ મગજમાં સારી વાતો આવે ક્યાંથી? જગ્યામાં બધો કચરો ભરી રાખે, પછી સારી વસ્તુ રાખે ક્યાં! કબાટમાં રદ્દી કાગળ–પસ્તી ભરી મૂકો ને પછી કહો કે કપડાં માટે જગા નથી, ક્યાં મૂકું! જગા નથી. પણ ભલા માણસ, પહેલા પેલી પસ્તી કાઢી નાખ ને! પસ્તી ગઇ કે સારી ચીજવસ્તુ મૂકવા સારુ આપમેળે જગા થશે. કપડાં સચવાશે ને તું સુખી થઈશ. એમ મગજમાંથી પણ ગામની ઉપાધિરૂપ પસ્તી કાઢી નાખ, ને

મન સાફ-ચોકખું-નિર્મળ રાખ, તો આત્મકલ્યાણની વાત કંઈક ગળે ઊતરશે.

વગર ફોગટનું હળવુંમળવું બંધ કરી એકાંત સેવતા થાઓ. એકાંતમાં ભગવાનનું સ્મરણ-ચિંતન કરો. સારાં પુસ્તક વાંચો. ભૂતકાળનાં સુખદ સ્મરણો, જીવનયાત્રા, સારી ઘડીઓ, ભક્તિ, પ્રસંગો ઈત્યાદિ યાદ કરો. એ પ્રસંગો સાથે વાત કરો, એમાં રમો, મસ્ત બની જાઓ. તો તમને જરૂર આનંદ આવશે, સુખ મળશે.

પણ યાદ રાખજો. યાદ કરો ત્યારે ભૂતકાળની સારી જ વાતો યાદ કરજો. કટુ પ્રસંગો યાદ ન કરતા. એ તો ભૂલી જ જવા. આત્મકલ્યાણના સારા દિવસોમાં સુકૃત્યના જ વિચારો કરવા, નહિતર સુખને બદલે દુઃખ મળે. મનને ઉદ્વેગ થાય ને ચિત્તતંત્ર અસ્વસ્થ થઈ જાય.

ઘણાને એવી કુટેવ હોય કે સારા પ્રસંગે જ ખરાબ વાત યાદ કરે. ઘેર લગ્નનો પ્રસંગ હોય, ભાવતાં ભોજન તૈયાર થતાં હોય, જાન આવવાની હોય, ઘરનાં બધાં સુંદર વસ્ત્ર-આભૂષણો પહેરી હરતાંફરતાં હોય, મંગળ ગીતો ગવાતાં હોય ત્યારે જ ઘરની અમુક વ્યક્તિ, કોઇ મરી ગયું હોય તેને યાદ કરી રોવા બેસે, આંસુ પાડે, ઓછું આણે ને રંગમાં ભંગ પડે એવું વર્તન કરે. કાં તો ભૂતકાળમાં કોઈએ વહેવારમાં ઓછું-વધું કર્યું હોય એ યાદ કરી એની સાથે લડે, બેચાર સંભળાવે, વાતાવરણ કલુષિત કરે અને કટુતા-ભર્યું વાતાવરણ સર્જે. ભૂતકાળની સારી વાતો યાદ કરવાથી મન શાંત થાય છે. એથી આપણને આનંદ આવે છે. આપણું હૃદય પણ ઉદાર બને. કોઈની ભૂલોને આપણે ક્ષમા આપતા

શીખીએ. એણે ભૂલ કરી તો એના અજ્ઞાનના કારણે, એમાં આપણે શું! આપણે તો ક્ષમા જ આપીએ. એના પ્રત્યે નહિ ક્રોધ કે નહિ વેર. આ પ્રકારના જ વિચારો આવવા જોઇએ, ન આવે તો કેળવવા મહેનત કરવી જોઇએ. પણ એ કયારે બને? નકામી વાતોમાં સમય ન વેડફીએ અને એકાંતમાં શાંત ચિત્તે સુંદર વિચારો કરીએ ત્યારે.

છેલ્લે આવે છે ' વચનવિલાસ '—

અર્થહીન અને સત્ત્વહીન વાતોમાં સમય ગુમાવે. જેનો કંઈ અર્થ નહિ, જેનો કંઈ ઉપયોગ નહિ, જેનું કાંઇ સારું ફળ નહિ એવુ બોલ બોલ કરવાથી શું! આ પ્રકારના વાણીવિલાસથી કોઈનું બૂરું થાય. વચનનું જોર તો ઘણું છે. કસમયે અને કસ્થળે બોલાયેલું વચન વિનાશ નોતરે છે. બહુ બોલવામાં કયાંક એવું ' બફાઈ' જાય કે જેનું પરિણામ નરસું આવે. ઘરમાં ઝગડા થઇ જાય, ગામમાં કજિયા થાય અને વિશાળ જગતમાં બોલવામાંથી જ વિશ્વયુદ્ધ સુધી વાત વધે. વાણીના સંયમની તો ખાસ જરૂર છે. મૌનની ભાષા જોરદાર છે. વાણી કરતાં મૌનનું બળ વધારે છે.

યોગ મેળવવાના માર્ગ માટે મહાપુરુષોએ આ પાંચે વાતો કમ કરવાની કહી છે.

આ પાંચ ચીજ ઓછી કરો એટલે અંદરના ધ્યાનનો પ્રકાશ લાધે. સમય મળે ત્યારે એકાંતે ધ્યાન ધરો. મૌન કેળવો. વસ્તુને સહજભાવે જોતાં શીખો. એને વળગી ન રહો. એને છોડતાં શીખો તો દુઃખ, દ્વેષ કે ક્રોધ ન થાય. આત્મા નિજાનંદમાં મસ્ત રહે. એ બહારના કષાયોનાં

વાવાઝોડાંથી ચલિત ન થાય. અને ચલિત ન થાય તો જ નિજાનંદમાં મસ્ત થતાં શીખે અને–આનંદ યોગનો યોગ થાય.

યોગ શું છે? વીતરાગના દર્શનનાં આનંદનો યોગ.

દર્શનથી આનંદ થવો જોઇએ. ગમતી વસ્તુનાં દર્શનથી આનંદ થાય, દીકરો પરદેશ ગયો હોય, ભણીગણીને લાંબે ગાળે આવતો હોય, એને જોતાં માને કેટલો ઉમંગ હોય! એનું દર્શન માતાને કેટલો આનંદ આપે! એ આનંદને વર્ણવવા માટે શબ્દોની જરૂર ન હોય. એ તો એના મુખ પર, સારાય દેહ પર દેખાય. ત્યાં તો આનંદનો ઓઘ ઊછળતો હોય! એમ જ મહાપુરુષની વીતરાગતાનાં દર્શનથી રોમાંચ ખડાં થઈ જાય. એના મુખ પર અને સમગ્ર દેહમાં આનંદ આનંદ છવાઇ જાય. એ વખતે બીજું બધું ભૂલી જવાય. વસ્તુ સાથેના રસાનુભવથી દેહવિસ્મરણ થઈ જાય. મંદિરમાં પ્રભુદર્શનાર્થે જાવ ત્યારે બધું ભૂલીને એમાં જ લીન થવાનો આનંદ માણો. સર્વ કાંઇ ભૂલી જાવ. તમે અને પ્રભુની એ રમ્ય મૂર્તિ: બસ એમાં જ એકાકાર થઇ જાવ.

બાહ્ય જગતને ભૂલી જાવ. એની પરવા ન હોય. એ વખતે તો પ્રભુભક્તિ એ જ સર્વસ્વ. લોકો જોશે તો ગાંડો કહેશે એ વિચાર જ ન શોભે. ખબર છે, રાવણ જેવો વિક્રમી પુરુષ પણ પ્રભુ પાસે વીણા વગાડવામાં લીન થઈ જતો હતો.

મંદોદરી જેવી મહાદેવી પ્રભુ પાસે નૃત્ય કરતાં બધું જ ભૂલી જતી. આ છે એકતાનતા, લીન થઇ જવાની તન્મયતા. મન મત્ત ને મસ્ત થઇ જાય, સ્થળ, દેશ અને કાળ ભૂલી જાય.

દર્શનનો આનંદ અને તેનો યોગ ચિત્ત સાથે થાય. એકાગ્રતા આવે, લય થઈ જાય, વિશ્વને ભૂલી જાય. આ પ્રકારનો જ યોગ થાય તે જ કેવળજ્ઞાનનો પાયો.

મરુદેવી માતાને આ યોગ થઇ ગયો: એમને બીજાં સાધનોની જરૂર ન પડી. સાધનોના ઉપયોગથી જે વસ્તુ સિદ્ધ કરવાની હતી તે થઈ ગઈ. પછી સાધનોની શી જરૂર? એક કવિએ કહ્યું છે કે—

**લિખી લિખાવન કુછ નહિ, નહિ પઢનેકી બાત,**
**દુલ્હા–દુલ્હન મિલ ગયે, ફીકી પડી બરાત.**

લગ્ન માટે જાન નીકળી હોય, ખાવાપીવાનું હોય, રંગરાગ હોય; આનંદગીત ગવાતાં હોય, એકબીજાને હોંશે-હોંશે કોળિયા દેવાતા હોય, પણ એ બધું ક્યાં સુધી! ફક્ત હસ્તમેળાપ સુધી. હસ્તમેળાપ થઇ ગયો, જાનને શીખ અપાઇ ચૂકી એટલે તમે તમારે ઘેર અને એ એમને ઘેર. સાધ્ય સધાઈ ચૂક્યું. સાધનોની જરૂર ન રહી. વીતરાગ દર્શનના આનંદનો યોગ મરુદેવી માતાને થઈ ગયો. સાધનની જરૂર ન પડી.

લાકડાં બે જાતનાં હોય—ઓકનું અને બાવળનું. ઓકને રંધો મારવાની એટલી જરૂર ન પડે. સહેજસાજ ઠીક કર્યું કે સુંવાળું થઇ જાય. બાવળને તો રંધો મારી-મારીને થાકી જાવ. ગાંઠાગડબા કાઢી નાખો તોય સુંવાળપ ન આવે. કારણ કે એનું ઘડતર એવું છે. ઓકનું ઘડતર જુદા પ્રકારનું છે. મરુદેવી માતાના અંતરનું ઘડતર એવા પ્રકારનું હતું. તેમના ચિત્તની કેળવણી જ એવી હતી કે એમને વાર ન લાગી.

જેના અંતરનું ઘડતર એવું ન હોય તેને સાધનોની જરૂર પડે. મહેનત કરવી પડે. મનને કેળવવું પડે.

શિષ્ય પૂછે છે કે, 'પણ આ તો તમે મરુદેવી જેવા યોગ્ય આત્માની વાત કરી. એવો કોઈ દાખલો છે કે જેણે ખૂબ પાપ કર્યાં હોય, કષાયોથી ભરપૂર હોય છતાંય યોગબળના પરિણામે કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું હોય. નર્કનો અધિકારી હોય તેને પણ યોગબળે આ વસ્તુ (કેવળજ્ઞાન) પ્રાપ્ત થાય ખરી કે?'

ત્યારે કહે છે કે, હા, એવો પણ દાખલો છે. દૃઢપ્રહારીમાં આવી બધી વસ્તુ હતી. તેણે બ્રહ્મહત્યા, સ્ત્રીહત્યા, ગૌહત્યા, તથા બાળહત્યા એમ ચાર હત્યા એક સાથે કરેલ. લોકોને આ ચારે પ્રત્યે દયા–માયા અને લાગણી હોય છે. એવા આ ચારે જણને મારી નર્કનો અધિકારી બનેલ. આ દૃઢપ્રહારી એક બ્રાહ્મણનો પુત્ર હતો. નાનપણથી જ તોફાની અને ઉપદ્રવી. માતાપિતાએ તેનાથી ત્રાસી જઈને કાઢી મૂક્યો. શરીરનો જબરો તાકાતવાળો. ઊંચો મજબૂત એવો દૃઢપ્રહારી જંગલમાં ચાલ્યો જાય છે. ત્યાં ચોરોના સરદાર એવા એક પલ્લીપતિએ એને જોયો. એને પૂછ્યું: 'તું ક્યાં જાય છે? તારે શું જોઇએ છે?' દૃઢપ્રહારીએ કહ્યું: 'મારે કોઇ મુકામ નક્કી નથી, માત્ર આધાર શોધું છું. આધાર મળશે ત્યાં રહી જઇશ.' પલ્લીપતિએ એના દેહનો બાંધો, શરીરની મજબૂતી અને ખમીર જોઇ એને પોતાની સાથે રાખી લીધો. એને તો એના ધંધામાં એવા જ ક્રૂર અને મજબૂત માણસની જરૂર હતી. લૂંટફાટ–ચોરી–મારામારી આ જ જેનો ધંધો એને તો આવો માણસ ખૂબ ખપમાં આવે. જેને જેવો જોઇતો હતો તેવો મળી ગયો. સૌને પોતાને

અનુકૂળ મળી જાય છે. અફીણીને ચોરા પર અફીણીઓ મળી રહે, ભક્તો પોતાના જેવાને મંદિરમાં શોધી લે, જ્ઞાનીઓ જ્ઞાનદરબારે અને દારૂડિયા પીઠામાં પોતાના સંગાથી શોધી લે. સૌ એકબીજાને અનુકૂળ વાતો કરે. અનુકૂળતા ઊભી થઈ જાય. ન થાય તો ઠોકી બેસાડી, દલીલો કરી, અનુકૂળતા ઊભી કરે.

એક ભાઈ મને વંદન કરવા આવેલ. વંદના કરી બેઠા. પણ એમના મોઢામાંથી બીડીની ઉગ્ર વાસ આવતી હતી. મેં કહ્યું : 'ભાઇ, તમે નીચે જઇને મોઢું સાફ કરી આવો.' તો કહે છેઃ 'મહારાજ, મેં તો બીડી પીધી છે. એની કાંઈ ખરાબ વાસ નથી. અને બીડી તો સ્વર્ગની સીડી છે. એના ધુમાડાથી જંતુનો નાશ થાય છે. ધૂમ્રપાનમ્ મહાદાનમ્, ગોટે ગોટે ગૌદાનમ્.' આવી બાલીશ દલીલો કરવા લાગ્યા. કહેવાનું તાત્પર્ય એટલું જ કે, જે લોકો બૂરા વ્યસનમાં ફસાયેલા હોય છે તે વ્યસન વ્યાજબી છે એમ પાછા દલીલો કરીને સમજાવવાના પ્રયત્નો કરતા હોય છે.

હું....તો પલ્લીપતિને જરૂર હતી તેવો માણસ દૃઢપ્રહારી મળી ગયો. પ્રકૃતિ પ્રમાણે માણસને માણસ મળી જાય છે. એવાનો મેળ પણ જલદી થઈ જાય છે. એવા સંજોગો ઊભા થાય છે. પ્રકૃતિ સંજોગો ઊભા કરે છે. જ્ઞાનીઓ કહે છે કે પ્રકૃતિને બદલો, સંજોગો આપોઆપ બદલાઇ જશે. પ્રકૃતિ વિકૃત હશે તો સંજોગો પણ એવા જ ઊભા થશે. તાણાવાણા બદલો તો કાપડ સારું થશે. મૂળમાંથી જ ખામીઓને દૂર કરશો તો એમાંથી ઉત્પન્ન થતી વસ્તુઓ ખામી રહિત થશે.

હવે આ દૃઢપ્રહારી પલ્લીપતિ સાથે રહે છે. ચોરી કરવી, મારામારી કરવી, લૂંટફાટ કરવી એ એનો ધંધો. જબરી તાકાત ને મજબૂત બાંધો. પ્રહાર કરે કે સામનો કરે એનો ભુક્કો. એનો પ્રહાર નિષ્ફળ ન જાય એટલે લોકો એને દૃઢપ્રહારી કહે.

દિવસો જતાં પલ્લીપતિનું અવસાન થયું અને આખી ટોળીનો સરદાર દૃઢપ્રહારી બન્યો.

એક વખત એક ગામમાં એ ચોરી કરવા ગયા. સંજોગવશાત્ કંઇ મળ્યું નહિ. મહેનત કરીને થાકયા એટલે ભૂખ લાગી. દૃઢપ્રહારીએ એના માણસોને કંઈ ખાવાનું શોધી લાવવા કહ્યું. હવે ત્યાં એક ગરીબ બ્રાહ્મણ રહે. પાંચસાત બાળકો, ઘરમાં કંઈ સાધન નહિ. અનાજ પણ મળે નહિ. જેમતેમ દિવસો વિતાવે, માગીભીખી પૂરું કરે. તે દિવસે બ્રાહ્મણે જુદા જુદા ચાર ઘેરથી દૂધ–સાકર–ચોખા અને એલચી લાવી ખીર કરેલ.

બાળકો જોયા કરે: કયારે તૈયાર થાય અને ખાવા મંડીએ. ભૂખ્યાં બાળકો, તૈયાર થતી સુગંધી ખીર. બાળકો કૂંડાળું કરી ખીરની વાટ જોતાં બેઠાં છે. બ્રાહ્મણે ખીર તૈયાર કરીને કહ્યું કે, ‘ હું નાહી આવું, પછી તમને ખાવા આપુ.’ એમ કહી બ્રાહ્મણ નહાવા ગયો અને દૃઢપ્રહારી તેના માણસોના કહેવાથી માણસો સાથે અંદર દાખલ થયો. એ ભૂખ્યો હતો. ખીરના વાસણને ઉપાડી લીધું. બાળકો તો આ જોઇને રડારોળ કરવા લાગ્યાં, અને બહાર જઇને બાપાને કહ્યું. બ્રાહ્મણ દરવાજા પરનો સળિયો લઇને અંદર આવ્યો. દૃઢપ્રહારીએ બ્રાહ્મણને આવતો જોયો. મારો વિરોધ કરનાર આ મગતરો કોણ!

એમ ક્રોધના આવેશમાં એક તરવારને ઝાટકે બ્રાહ્મણને માર્યો, અને બ્રાહ્મણ તો ત્યાં જ ખલાસ થઈ ગયો. આ ધમાલ જોઈ બ્રાહ્મણની સગર્ભા પત્ની વચ્ચે આવી. તેને પણ તરવારનો પ્રહાર કર્યો. બાઈ મૃત્યુ પામી અને ગર્ભમાંનું બચ્ચું પણ મરણ પામ્યું. ક્રોધના આવેશમાં દઢપ્રહારી દરવાજા બહાર નીકળ્યો. આંગણામાં ગાય ઊભી હતી. ગાયને સંજ્ઞા આવી કે મારા માલિકનો આ દુશ્મન છે. તે શિંગડાં ઉગામી દઢપ્રહારીને મારવા ધસી. દઢપ્રહારીએ તેને પણ તરવારથી મારી નાખી. આમ ક્રોધના આવેશમાં તેણે ચાર-ચાર હત્યા કરી. ક્રોધ આવે છે ત્યારે ભાનસાન રહેતું નથી. બુદ્ધિ બહેર મારી જાય છે. ન કરવાનાં કામો થાય છે. જ્ઞાનીઓએ કહ્યું છે કે તું ક્રોધ કર, પણ કોના ઉપર! ક્રોધ ઉપર ક્રોધ કર. તું ક્રોધને હઠાવ. એને જીત.

આ હત્યાકાંડ જોઈને બધાં બાળકો કરુણ આક્રંદ કરવા લાગ્યાં. 'બા....બા!!' કહીને રડારોળ કરી મૂકી. ભોંય પર પડી તરફડવા લાગ્યાં. વાતાવરણ કરુણતાથી ભરાઈ ગયું. રક્તનાં ખાબોચિયાં, ચાર-ચાર મૃત દેહ અને બાળકોનું આક્રંદ: આ દૃશ્ય જોઈને પલ્લીપતિ દઢપ્રહારીના હાથમાંથી તલવાર પડી ગઈ. પશ્ચાત્તાપ થવા લાગ્યો. જીવ બળવા માંડ્યો. હાય, આ મેં શું કર્યું? મારાથી આ શું થઈ ગયું? મન તરફડવા લાગ્યું. સમગ્ર દેહમાં અજંપો વ્યાપી રહ્યો. બળું બળું થતા દેહે દઢપ્રહારી દોડ્યો. દોડતા દોડતા ગામ બહાર એક વૃક્ષ નીચે તેણે એક મુનિને જોયા. મુનિ પાસે ગયો. આંસુની ધારા વહાવતો એ એમનાં ચરણમાં ઢળી પડ્યો. કહેવા લાગ્યો: 'પ્રભુ, મને બચાવો. આ પાપીને ઉગારો. મેં પાપીએ મહાપાપ કર્યું છે. ચાર-ચાર હત્યા કરી છે. પશ્ચાત્તાપથી બળી રહ્યો છું. મારા રોમેરોમમાં આગ લાગી છે. અનુતાપથી

સળગી રહ્યો છું. મને તારો. કોઈ રસ્તો બતાવો. નહિતર હું આત્મહત્યા કરીશ. મારાથી સહન નથી થતું. મને ચેન નથી.' એમ કહી દઢપ્રહારી મુનિ મહારાજનાં ચરણોમાં તરફડવા લાગ્યો.

મહારાજે જોયું કે પશ્ચાત્તાપનો અગ્નિ એને બાળી રહ્યો છે. એના પાપનો એને સાચો પશ્ચાત્તાપ થાય છે. એને ઝાડ નીચે બેસાડી, આશ્વાસન આપીને કહ્યું: 'તું પંચમહાવ્રતને ધારણ કર. પ્રાયશ્ચિત્ત કર. તારું પાપ દૂર થશે ને કાળજે ટાઢક વળશે.'

હવે દઢપ્રહારીએ પ્રતિજ્ઞા કરી કે મને મારી વાત—કરેલી જીવહત્યાની વાત—યાદ આવે ત્યાં સુધી મારે આહાર ન કરવો. આ પ્રતિજ્ઞા લઇને પાત્ર લઈ ગામમાં ભિક્ષા માગવા જાય ગામના લોકો એને જુએ એટલે કહે કે, આ ખૂની આવ્યો. ચાર-ચાર જીવોનો હત્યારો આવ્યો. કોઈ પથ્થર ફેંકે, કોઈ લાકડી મારે, કોઈ ગડદા મારે, કોઈ ગાળો દે, કોઈ તમાચો મારે. આ બધુંય સહન કરે. એનામાં સામો ઘા કરવાની તાકાત હતી, પણ ઘા ન કરે. ઘા સહી લે. પારકા પર ઘા નથી કરતો, મન પર ઘા કરે છે, મનોમન કહે છે: તું એને જ લાયક છે. ઠીક થયું. ભલે માર પડ્યો. ભલે પથરા વાગ્યા આમ મનને મારી રહ્યો છે. પોતાને ખૂબ ખૂબ દમી રહ્યો છે. જે પોતાને દમે છે તે આ લોક પરલોકમાં સુખી થાય છે. આમ દમીદમીને એનું મન યોગમાં લાગ્યું. આત્મામાં લાગ્યું. મન આત્મા સાથે આંતરદશામાં રમવા લાગ્યું. બહિર્ દશા ભુલાઈ ગઇ. એ ઘા ખાય છે, પણ અંદર મસ્ત છે. આનંદ થવા લાગ્યો. આત્મપ્રતીતિનો આનંદ થયો. આનંદનો યોગ લાધ્યો ને કેવળજ્ઞાનનો પ્રકાશ છવાઈ ગયો.

# પ્રભુ મહાવીર

હિમાલયમાંથી વહી નીકળેલી ગંગા આસપાસના પ્રદેશો અને કિનારાઓને હરિયાળા અને શીતળ કરતી જેમ સાગરે પહોંચે છે, તેમ સંતો અને વિભૂતિઓ પણ માનવોનું અને પ્રાણીઓનું કલ્યાણ કરતા મોક્ષ પ્રતિ પ્રયાણ કરે છે.

ભારતને આંગણે આવી જે અનેક વિભૂતિઓનો, સંત-સરિતાઓનો પ્રાદુર્ભાવ થયેલો છે તેમાં વિશ્વવન્દ્ય શ્રમણ ભગવાન મહાવીર છેલ્લા છે. એમના જીવનપ્રસંગો નિહાળીશું, અને જીવન-સિદ્ધાંતોનું હાર્દ સમજવાનો પ્રયત્ન કરીશું તો આપણી પામરતામાં પણ પ્રભુતાનાં પરમ તેજ પ્રગટશે.

ઈશુની પહેલાં ૫૯૯ વર્ષ મગધની ધરતી પર સિદ્ધાર્થ રાજા અને ત્રિશલારાણીને ત્યાં આ વિભૂતિનો જન્મ થયો. તે પૂર્વે આ ધરતી પર હિંસા અને સુરાપાનનું સામ્રાજ્ય વ્યાપ્યું હતું. જાતિવાદ યુદ્ધે ચઢ્યો હતો. ધર્મ ખેંચાખેંચીમાં પડ્યો હતો. ચોતરફ અંધકાર જ અંધકાર હતો. એવે ટાણે એ અંધકારને ભેદનાર આ પરમ તેજનો પ્રાદુર્ભાવ થયો.

ભગવાન મહાવીર એ જન્મ જન્મની સાધનાનું પરિણામ છે. એમની સાધના એમના આ જન્મ પહેલાંની છે. તેથી જ

એ જ્યારે માતાના ગર્ભમાં હતા ત્યારે એમને વિચાર આવ્યો કે, મારા અંગનાં હલનચલન અને વિકાસને લીધે માતાને વેદના થતી હશે.

એટલે તેમણે અંગો સંકોચવા માંડ્યાં.

આ બનાવથી માતા ત્રિશલાને ચિંતા થઈ કે મારા ઉદરનો ગર્ભ ગાયબ થઈ ગયો કે શું ?

કશું નક્કી થઈ શક્યું નહિ. એટલે માતાએ વિષાદ-ભર્યા કરુણ સ્વરે વિલાપ આદર્યો.

માતાનો આવો અપૂર્વ પ્રેમ જોઈ તેમણે પગનો અંગૂઠો હલાવી પોતાના અસ્તિત્વનો ખ્યાલ આપ્યો; અને માતાજી રાજી રાજી થઈ ગયાં. માતાની આવી મમતા જોઈ એ મહાપુરુષે ગર્ભમાં જ સંકલ્પ કર્યો કે આ દુનિયા પર હું અહિંસા અને ત્યાગનો માર્ગ પ્રવર્તાવવા આવ્યો હોવા છતાં જ્યાં સુધી મારા માતા-પિતા આ દુનિયા પર જીવતાં હશે ત્યાં સુધી સંયમની દિશા નહિ લઉં.

આ પ્રસંગ માતાપિતા પ્રત્યેનો ભક્તિભાવ અને વિનય સૂચવે છે.

એમના આગમન સાથે જ એમના કુળમાં બધી જ રીતે વૃદ્ધિ થવા લાગી. ધનધાન્ય, ઈજ્જત, આબરૂ, સુખશાંતિ વધવા લાગ્યાં. એટલે સિદ્ધાર્થરાજા અને ત્રિશલારાણીએ પોતાનાં સ્વજનોને કહ્યું: "આ બાળકના આગમન સાથે અમારા ઘરમાં લક્ષ્મી અને શાન્તિ પણ વધવા લાગી છે એટલે અમે આનું નામ 'વર્ધમાન' રાખીશું."

આ બાળક વર્ધમાનના જન્મની ખુશાલીમાં રાજાએ બધા કેદીઓને મુક્ત કર્યા, પ્રજાજનોને ભોજન આપ્યાં, ગરીબોને દાન દીધાં.

વર્ધમાન આઠ વર્ષના હતા ત્યારે તે પોતાના બાળ-સખા સાથે રમવા ઉપવનમાં ગયા. તે વખતે ઈન્દ્રસભાનો એક દેવ એમની પરીક્ષા કરવા આવ્યો, અને રમતાં બાળકોની વચ્ચે સર્પ થઇ પ્રગટ થયો. બાળકો ચીસ નાખી નાઠાં. વર્ધમાને કહ્યું: "ડરો નહિ. ડરે તે મરે. આપણે એનું કંઈ બગાડયું નથી તો એ આપણને શા માટે કરડે?" એમ કહી પૂંછડીથી પકડી સર્પને દૂર ફગાવ્યો.

વર્ધમાનનો આ અભય જોઈ ઈન્દ્રસભાનો આ દેવ ચકિત થઈ ગયો. ફરી એક વધુ કસોટી કરવા એ બાળક બની આ બાળકો સાથે રમવા લાગ્યો. એનો દાવ આવતાં એ હાર્યો અને વર્ધમાન જિત્યા એટલે રમતના દાવ પ્રમાણે એણે વર્ધમાનને ખભે બેસાડ્યા. અને પછી તો દેવ તાડની જેમ વધવા જ લાગ્યો. વર્ધમાનને થયું: આ કોઇ ડરાવવા આવ્યો લાગે છે.

વર્ધમાને મૂઠી વાળીને એના માથે એવો તો પ્રહાર કર્યો કે એ બેવડ વળી ગયો.

આથી એણે નમન કરી કહ્યું: "વર્ધમાન, તમે મહાન છો, મહાવીર છો. હું 'દેવ' તમારા ચરણોમાં નમન કરું છું."

ત્યારથી વર્ધમાન 'મહાવીર' કહેવાયા.

એ યૌવનમાં આવ્યા. માતાપિતાના આગ્રહથી એમનાં લગ્ન યશોદા સાથે થયાં. એમની પુત્રીનું નામ પ્રિયદર્શના

હતું. એ સંસારમાં હતા પણ જલકમળની જેમ જળમાં રહેવા છતાં અદ્ધર અને અલિપ્ત હતા.

ભગવાન મહાવીર અઠ્ઠાવીશ વર્ષના થયા ત્યારે મા-બાપ દેવલોક પામ્યાં. એટલે પોતે કરેલી પ્રતિજ્ઞા મુજબ ત્યાગના માર્ગે જવા માટે તેઓ મુક્ત થયા.

આ માટેની તેમણે તૈયારી કરી એટલે મોટા ભાઈ નંદીવર્ધને કહ્યું: "ક્યાં ચાલ્યા?"

ત્યારે વર્ધમાને કહ્યું: "ભાઈ, હું સંસારનો જીવ નથી. હું ભોગ માટે નહિ, ત્યાગ માટે આવ્યો છું. મને મારો પંથ બોલાવી રહ્યો છે. જન્મ, જરા અને મૃત્યુથી રિબાતાં પ્રાણીઓની ચીસો મને સંભળાય છે. મને જવા દો, મુક્તિને માર્ગે જવા દો."

ત્યારે નંદીવર્ધને દુ:ખ સાથે કહ્યું: "પિતા જાય, માતા જાય અને નાનો ભાઈ પણ જાય ત્યારે મારા હૃદયને શું થાય તેની કલ્પના તો કરો. તમે સંસારી જીવ ભલે ન હો, અમે તો સંસારી જીવ છીએ ને? સૌની ઉપર દયા કરનાર તમે તમારા મોટા ભાઈ પર દયા નહિ કરો? મારી ખાતર બે વર્ષ અહીં વધુ રહો."

મહાવીરનો આત્મા સ્નેહથી નીતરતો હતો. તેઓ મોટા ભાઈના સ્નેહને અવગણી ન શક્યા અને બે વર્ષ સંસારમાં રહ્યા.—પણ સાધુની જેમ. ત્રીસમે વર્ષે એમણે સંસાર છોડી સંયમ લીધો અને આત્મસંશોધનની સાધનામાં લાગ્યા.

—સાડાબાર વર્ષ લગી એમણે અપ્રમત્ત રહી સાધના કરી. આ સાધનાકાળ ઘણો જ કપરો હતો.

આ સાધના દરમ્યાન તેઓ એકવાર ઝાડ નીચે ઊભા હતા. ત્યાં એક ગોવાળ આવ્યો અને "આ મારા બળદને સાચવજો" એમ કહી તે ચાલ્યો ગયો.

ભગવાન મહાવીર તો ધ્યાનમાં હતા એટલે ગોવાળના ગયા પછી બળદ રખડવા ચાલ્યા ગયા. પેલા ગોવાળે પાછા આવીને જોયું તો બળદ નહોતા. તેણે મહાવીરને તે વિશે પૂછ્યું, પણ તેઓ તો ધ્યાનમાં હતા, મૌનમાં હતા. એટલે ગોવાળ બળદ શોધવા ચાલ્યો. પણ બળદ ક્યાંય ન મળ્યા ત્યારે એ પાછો આવ્યો અને જોયું તો બળદ મહાવીર ભગવાન આગળ આવી ઊભા હતા.

ગોવાળને ખૂબ ગુસ્સો ચઢ્યો. એને થયું કે આ માણસે જ બળદ સંતાડ્યા હતા. એટલે તે ગાળો દેવા માંડ્યો. પણ ભગવાન તો ધ્યાનમાં હતા એટલે એની સામું પણ ન જુએ.

આથી ગોવાળે શૂળ અને ખીલી લાવી મહાવીરના બન્ને કાનોમાં ખોસી દીધાં.

ધડધડાટ લોહી વહી રહ્યું. વેદના અસહ્ય હતી; છતાં મહાવીર ધ્યાનમાં મસ્ત જ રહ્યા. વેદનાનો ઊંહકાર પણ ન કર્યો, કારણ કે તે ધ્યાનની સમાધિ હતી.

બીજો પ્રસંગ એવો છે કે એક વખતે ઇન્દ્રે મહાવીર પ્રભુને વિનતિ કરી: "ભગવાન, આ બાર વર્ષ આપને બહુ જ કષ્ટ પડવાનું છે; એટલે આપ મને અનુજ્ઞા આપો તો આ બાર વર્ષ આપનો ચોકીદાર બની રહું."

આપણા જેવા સામાન્ય માણસો તો આવો ચોકીદાર મળતો હોય તો હરખાઇ જાય....જ્યારે ભગવાને કહ્યું,

"ઇન્દ્ર, મોક્ષનો માર્ગ તો કંટકવાળો જ હોય....એ માર્ગે જનારાથી ચોકીદાર ન રખાય. ચોકીદારથી બીજું બધું મળે, પણ મોક્ષ ન મળે."

આ હતું ભગવાન મહાવીરનું મહાવીરત્વ.

ત્રીજો પ્રસંગ એવો છે કે એક દિવસ ઉનાળાના બળબળતા બપોરે વનવગડાના માર્ગે તેઓ જતા હતા. ત્યાં એક ગોવાળે રોકયા અને કહ્યું, "આ રસ્તે ન જશો. કારણ કે આ રસ્તો બહુ ભયંકર છે. આગળ જતાં એક ચંડકૌશિક નામનો સર્પ આવે છે. એની નજર તમારા પર પડતાં જ તમારો દેહ બળીને ખાક થઈ જશે. એટલે આ રસ્તે જવાનું માંડી વાળો."

ફૂલનો માર્ગ તો સૌ સ્વીકારે. પણ આ તો મહાવીર! કાંટા પર ચાલે, ઝેરને પચાવે છતાં એમની પ્રસન્નતા ન જાય. એ તો ચાલ્યા ઉજ્જડ માર્ગે. માર્ગમાં એક રાફડો આવ્યો અને એ ત્યાં થંભ્યા.

માનવગંધ આવતાં ચંડકૌશિક રાફડામાંથી બહાર આવ્યો. એની દૃષ્ટિ ઝેરી હતી. નજર પડે ત્યાં માનવ હોય કે વૃક્ષ, પણ તે બળીને ભસ્મ થઈ જાય.

પોતાના રાફડા પાસે જ આસન જમાવનાર મહાવીરની હિંમત સામે એને ખૂબ ગુસ્સો આવ્યો અને એ ગુસ્સો ઝેરી આંખ વાટે ઉલેચાઈ રહ્યો.

સાગરનાં પાણીમાં સળગતો ફટાકડો નાખીએ તો સાગરને કશું ય ન થાય....પરંતુ ફટાકડો જ બુઝાઈ જાય તેવું બન્યું.

મહાવીર તો પ્રેમના સાગર હતા....ચંડકૌશિકના ક્રોધાગ્નિનું ઝેર એમને કશું કરી શક્યું નહિ. મોટા મોટા ડોળા કાઢ્યા તો ય કશું ન વળ્યું એટલે તે ખૂબ ખિજાયો અને દોડીને મહાવીર ભગવાનને જોરથી દંશ માર્યો.

દંશ મારતી વખતે એને એમ હતું કે દંશ લાગતાં જ ભગવાન મૂર્છા ખાઇને એના પર ઢળી પડશે અને એ ઢળી પડે ત્યારે પોતે ચગદાઇ ન જાય એટલા માટે એ દંશ મારીને દૂર હટયો.

પરંતુ દંશ માર્યો ત્યાં તો ભગવાનના શરીરમાંથી દૂધની સેર છૂટી....જીવમાત્ર પરત્વેના પરમ પ્રેમનું આ જાજ્વલ્યમાન ઉદાહરણ હતું.

આજના વિજ્ઞાનના જમાનામાં ઘણાંને આ વાત જુઠ્ઠી હોય તેવું લાગે છે. હું ભાવનગરમાં હતો ત્યારે ડૉ૰ હેમંતકુમારેં આવી શંકા ઉઠાવેલી. એમણે કહ્યું હતું: "મહારાજ, આ વાત કલ્પનાભરી નથી લાગતી? મેં અમેરિકા, ઇંગ્લેંડ વગેરે કેટલાય સ્થળોએ અનેક જાતનાં ઓપરેશન કર્યાં છે, અને જોયાં છે પરંતુ મેં ક્યાંય માનવશરીરમાંથી દૂધ નીકળતું જોયું નથી."

ત્યારે મેં કહ્યું: "ભાઈ, તમે અનેક ઓપરેશન કરવા છતાં લોહીને બદલે દૂધ નીકળતું નથી જોયું; જ્યારે મેં તો વિનાઓપરેશને જ લોહીને બદલે દૂધ નીકળતું જોયું છે. સ્ત્રીને જ્યારે માતૃત્વ પ્રાપ્ત થાય છે ત્યારે એનાં સ્તન દૂધથી લચી પડે છે કે નહિ? કહો, આ વખતે લોહીને બદલે દૂધ ક્યાંથી આવતું હશે?"

ત્યારે ડૉક્ટર કહે, "તે વખતે લોહીનું રીફાઈન થઈ જાય છે."

મેં પૂછ્યું, "કેમ થઈ જાય છે?"

તો કહે, "એ વખતે માતામાં વાત્સલ્ય પ્રગટે છે. બાળક પ્રતિ પ્રેમ જાગે છે."

ત્યારે મેં કહ્યું હતું: "એક બાળક પ્રત્યે જાગેલા વાત્સલ્યને લીધે જો સ્તનમાં દૂધ છલકાઈ જતું હોય તો પછી પ્રાણીમાત્ર પરત્વે જેના અંતરમાં અસીમ પ્રેમ છલકાતો હોય એનાં અંગેઅંગમાં દૂધ વહે તો તમને નવાઇ લાગે?"

ડૉક્ટરે હસીને કબૂલ કર્યું: "આપની વાત તદ્દન સાચી છે."

દંશ દેનાર પ્રત્યે પણ દયા દાખવીને એનું દંશીલું મોં દૂધથી ભરી દેનાર મહાપુરુષે સર્પને કરુણામય રીતે કહ્યું: "બુઝ–બુઝ–જરાક બોધ પામ. તું આજ સુધી બહુ સળગ્યો, હવે તો જરા શાંત થા. તારો ક્રોધ તને જ સળગાવે છે તેં તારા ક્રોધાગ્નિથી જગતને નહિ, તારા અંતરને ઉજ્જડ કર્યું છે. હવે તો શાંતિના વારિથી તેને હર્યુંભર્યું બનવા દે."

સર્પની આંખોનો અગ્નિ ભગવાનને ન સળગાવી શક્યો; જ્યારે એમની કરુણામયી વાણીએ તો સર્પના અંતરને ઠારી દીધું અને સર્પ ભગવાન મહાવીરને નમી પડ્યો. એણે દંશમાંથી ઝેર કાઢી નાખ્યું.

પછી પોતે વિચારવા લાગ્યો: મારું મોં હવે દુનિયાને દેખાડવા લાયક રહ્યું નથી. તેથી હવે હું રાફડામાં જ રહીશ.... બહાર નીકળીશ જ નહિ. અને ત્યાં ને ત્યાં રહીને જ મારાં પોતાનાં પાપોનું બને એટલું વધુ ને વધુ પ્રાયશ્ચિત્ત કરીશ.

બસ, ત્યારથી ચંડકૌશિકે રાફડામાં જ રહેવા માંડ્યું.... તે આહાર–ભક્ષણ માટે પણ બહાર ન નીકળ્યો. આ વાત જાણીને ગોવાળિયાઓએ રાફડામાં દૂધ–ઘી રેડવા માંડ્યું, નાગપૂજા આદરી.

સાપનું હલનચલન બંધ થયું એટલે રાફડામાં કીડીઓ જામી. એ કીડીઓ ચંડકૌશિકના શરીરને ફોલી ખાવા માંડી, છતાં એણે ઊંહકાર ન કર્યો....પોતે કરેલાં પાપોનું પ્રાયશ્ચિત્ત આ રીતે જ ભોગવી શકાશે એ ભાવનાને લીધે, એ પોતાની સાધનામાં અડોલ રહ્યો. એના મનમાં એક જ વાત હતી: બીજાને દુઃખ આપવાનું કરેલું પાપ હું દુઃખ સહીશ તો જ ધોવાશે.

બસ આ ભાવનાને જીવનધ્યેય બનાવીને એણે દુઃખ સહેવા માંડ્યું. પછી તો કીડીઓ એના દેહમાંથી આરપાર નીકળવા માંડી.

અને એક દિવસ સર્પનું મૃત્યુ થયું. એ સ્વર્ગે ગયો.

જીવ અને જગતના કલ્યાણ માટે જીવનારી વિભૂતિઓ આવી હોય છે! એની નિર્ભયતા અને કરુણાએ દુનિયાના દુઃખને પણ વિદાર્યાં, અને પાપીનાં પાપને પણ નિવાર્યાં. સંસારને શાંતિ અર્પી, અને પાપીને મોક્ષ મળ્યો.

ભગવાન મહાવીરની સાધના હજીયે આગળ ધપતી હતી....એ સાધનાની અડગતાની પ્રશંસા એકવાર ઇન્દ્રે પોતાની સભામાં કરી. એટલે સંગમ નામના એક દેવતાને ભગવાન મહાવીરની પરીક્ષા કરવાનું મન થયું. એના મનમાં એક વાતની ગાંઠ હતી કે માનવી એટલે નિર્બળતાનો અવતાર! તો પછી મહાવીરની સાધના અણનમ શેની હોય?

એણે મોહક સુંદરીનું રૂપ ધર્યું અને ધ્યાનસ્થ મહાવીરના ચિત્તને ચળાવવાનો યત્ન કરી જોયો, પણ તે નિષ્ફળ ગયો.

પછી એણે અનેકવિધ ઉપદ્રવો શરૂ કર્યા અને છ મહિના સુધી અનેક પ્રકારની પીડાઓ આપી તો ય ભગવાન મહાવીર તો અડગ રહ્યા.

—એટલું જ નહિ પરંતુ આ પ્રક્રિયામાં એ દેવતાની અધમતા ઓગળી ગઈ....ગર્વ ઓગળી ગયો અને તે પ્રભુને ચરણે પડ્યો.

ત્યારે ભગવાન મહાવીરની આંખમાંથી વેદનાનાં આંસું સરી પડ્યાં. એ આંસું એમનાં દુઃખનાં હતાં ?

ના, એમની વેદના તો એ હતી કે એમના સમાગમમાં આવવા છતાં, સંગમ નામના દેવતાએ છ–છ મહિના સુધી પાપના જ ધંધા કર્યાં ! આવાં પાપ કરીને એને દેવગતિમાંથી નીચ ગતિમાં જવું પડશે એ ખ્યાલે ભગવાન મહાવીરના હૃદયમાં કરુણા ઉપજી. કરુણાને લીધે એમની આંખમાં આંસુ આવ્યાં.

આ રીતે સાધના દ્વારા કરુણાનો છંટકાવ કરતા ભગવાન મહાવીરે સાડાબાર વર્ષ સુધી અનેક પ્રકારના ઉપસર્ગો સહન કર્યા અને અંતે સાધના અને આરાધનાથી સાડાબાર વર્ષને અન્તે એમનાં કર્મો નાશ પામ્યા અને તેઓ કેવળજ્ઞાન પામ્યા.

એ જ્ઞાનભાનુએ એમના અંતરને જ નહિ, સારી ય આલમના અંતરને અજવાળ્યું છે........

એનાં પ્રકાશકિરણો આજે પણ અનેક આગમોના રૂપમાં માનવહૈયાના અંધારા ખૂણાઓને અજવાળી રહ્યાં છે.

બોતેર વર્ષનું આયુષ્ય પૂર્ણ કરી ભગવાન મહાવીર પાવાપુરીમાં નિર્વાણ પામ્યા.

એ ગયા પણ એમણે દીધેલા જ્ઞાનનું અમૃત આજે પણ માનવજાતને દિવ્યતા આપી રહ્યું છે.

તેઓ કહી ગયા છે કે, "આચારમાં અહિંસા લાવો, વિચારમાં અનેકાંત."

એમની આ વાત પ્રજા જીવનમાં ઉતારશે તો જ યુદ્ધો અટકશે અને શાંતિ પ્રસરશે.

એમનો આ પ્રકાશ આપણા અંતરમાં પ્રસરો એ જ પ્રાર્થના.*

* ચોપાટીના સાગરકિનારે તા. ૬–૪–૬૩ની સાંજે વિશાળ માનવસાગર સમક્ષ વહેલ પ્રભુની જીવનઝરમરની સ્મૃતિનોંધ.

# સિદ્ધાંતો ભૂલીને માત્ર પૂજા જ કરતા રહીશું ?

•

**આ**પણે એ જાણવું જોઇએ કે ભગવાન મહાવીર કોણ હતા, એમનો જન્મ કયા સંજોગોમાં થયો હતો, અને પ્રાણી માત્રને તેથી શો લાભ થયો ?

કોઈ પણ માણસ જો મહત્તાવાળો નથી હોતો તો તેના દીકરાઓ પણ તેને યાદ કરતા નથી; તો જગત તો યાદ કરે જ કેમ ?

રાજાઓ જ્યારે સત્તા અને લડાઇમાં પડ્યા હતા, વૈશ્યો જ્યારે શોષણ અને ભોગમાં પડ્યા હતા, બ્રાહ્મણો જ્યારે જાતિવાદ અને યજ્ઞમાં પડ્યા હતા અને શૂદ્રો જ્યારે ફૂટબોલની જેમ ઠોકરે ચડી રહ્યા હતા; જ્યારે માનવજાત દુ:ખી હતી, તેમને કોઈ આશ્વાસનની, સહૃદયતાથી તેમનો હાથ પકડે તેવા માનવીની જરૂર હતી–તેવા સમયે, અંધારામાં જેમ સૂર્ય પ્રકાશે તેમ, ભગવાન મહાવીરનો જન્મ એક રાજકુળમાં થયો. આવા રાજકુળમાં જન્મવા છતાં, ગરીબોનાં અને વ્યથિત આત્માઓનાં દુ:ખદર્દો તેમનાથી અજાણ્યાં ન હતાં.

૩૦ વર્ષની ભરયુવાન વયે ભગવાન મહાવીરે સંસારનો ત્યાગ કર્યો. મહત્તાને પામવાને માટે કોઇક જાતની સાધના

અને સંશોધન જરૂરી છે. ભગવાન મહાવીરે સાડાબાર વર્ષ સુધી એકાગ્ર બનીને એવી સાધના કરી કે જેમાં ખાવા-પીવાનું, પહેરવા-ઓઢવાનું ભુલાઈ ગયું હતું. સંપૂર્ણ મૌનવાળી એ ઉગ્ર સાધના હતી.

એ સાધના અને આત્મસંશોધનમાંથી ભગવાન મહાવીરને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. તે સમયે બ્રાહ્મણો એમ કહેતા કે અમે શ્રેષ્ઠ છીએ અને બીજાં બધાં અમારા અંગઉપાંગ છે; ત્યારે ભગવાને જણાવ્યું કે, " તમારામાં જે આત્મા છે તેવો જ આત્મા એક શૂદ્રમાં છે; કીડી–મંકોડીમાં છે; સર્વ જીવમાં છે; તમને જેમ સુખ પ્રિય અને દુઃખ અપ્રિય છે, તેમ તેમને પણ સુખ પ્રિય અને દુઃખ અપ્રિય છે. કીડીને પણ તડકો ગમતો નથી. નાનાંમાં નાનું જંતુ પણ જીવવાને ચાહે છે." ભગવાન મહાવીરનો આ પહેલો વિચાર હતો.

તમે બીજાને સુખ આપશો તો તે ફરીને અંતે તમારી પાસે જ આવશે, અને તમે જો બીજાને દુઃખ આપશો તો તે પણ ફરીને અંતે તમારી પાસે જ આવશે. દુનિયા ગોળ છે–સુખ યા દુઃખરૂપી તમે છોડેલું બાણ, અંતે દુનિયાનું ગોળ ચક્કર લગાવીને છેવટે તમારી તરફ જ પાછું ફરશે એ ભૂલવું ન ઘટે. કાનમાં ખીલા મારવા આવેલા માનવીને માટે પણ ભગવાન મહાવીરે પ્રેમની લાગણી બતાવી હતી. ગાંધીજીને ગોડસેએ ગોળી મારી ત્યારે ગાંધીજી પણ મોઢા-માંથી કટુ વચન ન બોલતાં ' હે રામ ' બોલેલા.

જેના મોઢામાંથી ગાળ નીકળે છે એ મહાવીરનો શિષ્ય બનવાને લાયક નથી. ભગવાન મહાવીરના ઉપદેશની અસર આજે પણ જગત ઉપર છે. ગાંધીજીએ પણ એ જ વાત નથી

કહી કે હરિજન પણ એક માનવી છે. જો તમે તેને તરછોડશો તો દુશ્મન બનીને એ એક દિવસ તમારું ગળું કાપશે.

શ્રી કેનેડી Flower of humanity—માનવતાનું પુષ્પ હતાં. તેમણે કહેલું: " કાળી પ્રજા હોય કે ધોળી પ્રજા; એ તો ચામડીનો ભેદ છે. બાકી બધાંની અંદર એકસરખો આત્મા બેઠો છે."

આજનો જમાનો જરાક કોઇને ઊંચો જુએ તો તેને પાડી દે છે, અને પછી ગ્લાસ ભરીને પાણી પાય છે. પહેલાં મારે છે, પછી એનાં પૂતળાં બનાવીને એની પૂજા કરે છે.

એક વાર એક ભાઈ દિલ્હી ગયા. એ એક મિત્રની સાથે સમાધિ-ઘાટ પર ગયા. ત્યાં એ મિત્રની નાની છોકરીએ જણાવ્યું કે આ સમાધિ નીચે શું દાટ્યું છે તે તમે જાણો છો? ત્રણ વસ્તુ: સત્ય, સાદાઈ અને અહિંસા. તેના પર આપણે બાપુજીની સમાધિ બનાવી છે. અહીં આવી લોકો પગે પડીને કહે છે: " બાપુ, તમને અમે પૂજશું, પણ મહેરબાની કરીને આ ત્રણમાંથી કોઇને બહાર નીકળવા દેશો નહિ." આમ આજે સિદ્ધાંતોને ભૂલીને મહાપુરુષોને આગળ કરવામાં આવે છે; અપરિગ્રહને બદલે આજે વધારેમાં વધારે પરિગ્રહ ભેગો કરવામાં આવે છે. અહિંસક દેશમાં આજે વધારેમાં વધારે હિંસા થવા લાગી છે. આપણે મહાપુરુષોના વિચારોને ભૂલી જઇએ છીએ. ઠેકઠેકાણે મંદિરો મળશે, પૂજા વધતી જાય છે, પણ વિચારો ભુલાતા જાય છે.

ભગવાન મહાવીર માનવ હતા. આત્મા હતા તેમાંથી એ પરમાત્મા બન્યા. કંકર પણ એમ ઘસાઈ ઘસાઇને છેવટ

ગોળ બને, તો શંકર બને છે. સાધના કરતાં કરતાં માનવ કેટલો ઊંચો જઈ શકે છે તેનું જીવંત દૃષ્ટાંત ભગવાન મહાવીર છે.

અહિંસા પછી, જગતકર્તા વિષે પ્રભુએ કહ્યું: 'આ દુનિયા માણસે જ બનાવી છે. માનવી જો સારો બને તો દુનિયા સ્વર્ગ જેવી બને, અને માનવી ખરાબ બને તો દુનિયા નરક બને. આજની લોકશાહીમાં જેમ દરેક માનવી, પ્રયત્ન કરીને, લાયકાત હોય તો વડો પ્રધાન બની શકે છે, તેમ અધ્યાત્મ ક્ષેત્રની અંદર, દરેક આત્માને આગળ વધવાનો સરખો જ હક્ક છે. તમે પણ ધારો તો મહાવીર બની શકો છો. દરેક આત્માની અંદર એ ભગવાન બેઠેલો જ છે; એ અંદર રહેલા ભગવાનને શોધવાનું કામ મનુષ્ય કરી શકે છે.'

'ઊભો થઈ જા, પ્રમાદ છોડ અને આત્માની શોધ કર;' આ તેમનો બીજો વિચાર. કર્મવાદ ઉપર જ જગત ઊભેલું છે. માણસ જે બનવા ચાહે તે બની શકે છે.

ત્રીજો વિચાર તે અનેકાંતવાદ—ભગવાન મહાવીરની એ સુંદરમાં સુંદર શોધ. દરેક વસ્તુને જુદી જુદી દૃષ્ટિથી જુઓ. એને અનેક પાસાં હોય છે. તેનો એક પ્રત્યક્ષ દાખલો લઈએ. પહેલા માળે ચડીને આપણે જોઈએ તો બંગલા ને માણસો અમુક જ દેખાય. બીજા માળ પરથી, બંગલાની પાછળ શું છે તે પણ દેખાય. ત્રીજા માળ પરથી, દૂરની નદીના પ્રવાહો પણ દેખાય. ચોથા માળ પરથી આખું શહેર દેખાય; પણ અસ્પષ્ટ. આમ જેમ ઉપર જાઓ, તેમ દર્શન બદલાતું જાય છે પણ દરેક દૃશ્ય સત્ય છે. આનું નામ અનેકાન્તવાદ.

આપણે એકબીજાને વખોડીએ તે નહિ ચાલે. દરેકમાં વખાણવા જેવું પણ કંઈક હોય છે જ. આપણે એ જોતાં શીખવાનું છે.

કોઈ ઘઉં વીણતું હોય અને તેને આપણે પૂછીએ તો કહે: 'ઘઉં વીણીએ છીએ.' પણ ના, તેઓ ઘઉં નહિ પણ કાંકરા વીણતા હોય છે. આ સાપેક્ષ ભાષા આપણે સમજી લેવી ઘટે. તમે ટ્રેઇનમાં બેઠા હો અને કહો કે ચર્ચગેટ આવ્યું–પણ ચર્ચગેટ આવતું નથી; માણસો ચર્ચગેટ આવે છે. તમે કહો છો: 'આ રોડ નરીમાન પૉઇન્ટ જાય છે.' રોડ નરીમાન પૉઇન્ટ નથી જતો, પણ તે રોડ પરના માણસો નરીમાન પૉઇન્ટ તરફ જાય છે. આપણે એકબીજાની આ સાપેક્ષ ભાષા જેમ સમજીએ છીએ તેમ, દરેક પ્રસંગે સમજવા પ્રયત્ન કરીએ તો દુનિયામાંથી ઘણા ઝઘડા ઓછા થઈ જાય. જેવી દૃષ્ટિ હોય, તેવી ભાષા બને છે. પૂછવામાં આવ્યું: 'પાણીનો ગ્લાસ કેવો છે?' તો એક કહે કે ગ્લાસ અરધો ખાલી છે; બીજો કહે કે અરધો ભરેલો છે. ખાલી મગજવાળાને એ ગ્લાસ અરધો ખાલી લાગે છે; ભરેલા મગજવાળાને એ ગ્લાસ અરધો ભરેલો લાગે છે.

જે તમે કહેવા માગો છો, તે જ ઘણીવાર સામો માણસ પણ કહેવા માગતો હોય છે. માટે સામાનું સાંભળો. આવી સમજણમાંથી પ્રેમ પેદા થાય છે. પણ આજે સૌ વાદ પર ઊભેલા છે. સમાજવાદ, સામ્યવાદ, મૂડીવાદ, સત્તાવાદ—આમ બધા અલગ થઈ રહ્યા છે; બીજાને સમજવા માગતા નથી. પણ આ બધું તમારો તકવાદ અને બકવાદ છે. માનવ જો અન્ય માનવીના ભાવો અને ધર્મો ન સમજી શકે, તો બીજું બધું નકામું છે.

સામાને સમજવાની કોશિશ આજના આપણા માંધાતાઓ કરે તો તંગ વાતાવરણ ઘણું ઓછું થઇ જાય. એટલે આજે દુનિયાને આવા અનેકાંતવાદની બહુ જરૂર છે. આવી સમજણ આવશે તો જ યુદ્ધ અટકશે; શાંતિ સ્થપાશે.

એક વાર બાપ–દીકરો લડી પડ્યા. દીકરો કહે: 'હું આજે તમારી સાથે નહિ જમું' એટલે પછી બાપ પાટલો ને થાળી લઇને તેની પાસે ગયો. કહ્યું: 'તું મારી સાથે નહિ જમે તો કંઈ નહિ; હું તારી સાથે જમીશ'–અને ઝઘડો શમી ગયો. જગતના વ્યવહારમાં આપણે આ લાવવાનું છે.

આજે લોકો બીજાને મારવા શસ્ત્રો ભેગાં કરી રાખે છે, પણ એ સમજતા નથી કે હું બીજાને મારવા શસ્ત્રો ભેગાં કરીશ તો બીજો પણ મને મારવા શસ્ત્રો ભેગાં કરશે. એટલે, બેઉ શસ્ત્રોનો ત્યાગ કરે તો?

ન્યૂયૉર્કમાં એક વાર ત્રણ મિત્રો રાત્રે સિનેમા જોઇને આવ્યા: ઉપર જવું હતું. લીફ્ટ બગડેલી હતી. ૬૦મે માળે રહેતા હતા, એટલે રસ્તો કાઢ્યો. નક્કી કર્યું કે વાર્તા કરતાં કરતાં ચઢીએ. પહેલા મિત્રે એક વાર્તા કહી; ૩૦ માળ ગયા. બીજા મિત્રે વાર્તા કહી અને ૬૦મે માળે આવ્યા. ત્રીજા મિત્રે પોતાની વાર્તા એક જ વાક્યમાં કહી દીધી કે આપણે ઉપર તો આવ્યા પણ બ્લોકની ચાવી જ નીચે કારમાં રહી ગઈ છે! આમ આજે બૉમ્બ અને ઍટમની શોધમાં માનવી ૬૦ માળ ચઢી ગયો છે. હવે તેને લાગ્યું, કે અહિંસારૂપી ચાવી તો હું નીચે ભૂલી ગયો છું આ ચાવી મેળવવા માટે દુનિયાની નજર આજે ભારત તરફ મંડાઇ રહી છે. સૌ ભારત તરફ આવી રહ્યા છે. એ લોકો અહીં આવી પહોંચે

તે પહેલાં, અહિંસારૂપી આપણી ચાવી ભારતમાંથી ગુમ ન થાય તો સારું ! જગતની નજર આજે જ્યારે ભારતના ઉચ્ચ સિદ્ધાંતે ભણી વળી રહી છે, ત્યારે ભારત પોતે આજે ભૌતિક વિલાસની પાછળ જઇ રહ્યું છે. કૉન્ગ્રેસનાં અધિવેશન ભરાય છે અને માંસાહારનાં રસોડાં થવા લાગ્યાં છે. જરાક તો વિચાર કરો કે ભારત જેવા દેશમાં આ શોભે ? ગાંધીજીની કૉન્ગ્રેસ માટે આ કલંક નથી ?

આપણે ભૌતિક રીતે વિચારીએ તો એમાં કંઇ નથી, અને આધ્યાત્મિક રીતે વિચારીએ તો એમાં ઘણું બધું છે. આજે તમારામાં કળા, વિજ્ઞાન સાયન્સ બધું જ હશે, પણ જો માનવતા નહિ હોય, તો એ રેતી પર ઊભેલા મહેલ જેવું બની રહેશે એ યાદ રાખજો.

આજે મહાવીર જયંતીનો મંગળ દિન છે. તે દિવસે આપણે પ્રતિજ્ઞા કરીએ કે મારે હવે માનવ બનવું છે, તેના ગુણો ગાવા છે. બાહ્ય નહિ, આંતરસમૃદ્ધિથી સમૃદ્ધ થવું છે.

એક સુતારે લાકડાનો સિંહ બનાવ્યો. પેન્ટરે રંગ પૂર્યો. વૈજ્ઞાનિક તેને જીવતો કરવા ગયો. ત્યાં ફિલોસોફરે કહ્યું : 'ઊભા રહો. તમારી આ કળા કેવી રીતે કામ કરે છે તે જોવા માટે તો કો'ક જીવતો રહેવો જોઇએ ને ! માટે મને ઝાડ પર ચડી જવા દો.' તે ઉપર ચડી ગયો. પછી તે જીવતા બનેલા સિંહે, પેલા ત્રણેને મારી નાખ્યા. ફિલોસોફર પાસે તો અમી હતું; તેણે તે છાંટીને ત્રણેને ફરી જીવતા કર્યા.

આજે માનવીએ વિજ્ઞાનનું સર્જન કર્યું છે, આ સર્જન જ આજે જાણે માનવીનું ભક્ષણ કરવા તૈયાર થયું છે. આપણે આ ન ભૂલીએ એ જરૂરી છે.

માનવીએ નવી સર્જન કરેલી શક્તિ માનવીના જ વિસર્જનના કાર્યમાં ન લાગી જાય તે જોવાનું છે! પોતે તૈયાર કરેલો સિંહ, પોતાને જ ખાઈ ન બેસે એનું ધ્યાન રાખવાનું છે.

ભગવાન મહાવીરના આ વિચારો માંત્ર જૈનો કે હિંદુસ્તાનને જ ઉપયોગી છે એમ ન માનશો; સારાયે વિશ્વને તેની જરૂર છે. એ વિચારોને પ્રથમ તો જૈનોએ આચારમાં મૂકીને દાખલો બેસાડવો પડશે. દુનિયામાં એકલા શબ્દો કામ નથી લાગતા. એ શબ્દોની પાછળ અર્પણની, આચારની ભાવના જોઇએ; તો જ તે અસરકારક નીવડે છે.

આજે દુનિયામાં દરેક માણસ એમ વિચારતો થયો છે કે જગતનું ગમે તે થાય, મારું કલ્યાણ થાય તો બસ. પણ એ માણસ એમ નથી વિચારતો કે દુનિયા જ જો નહિ હોય તો એનું અસ્તિત્વ કઈ રીતે રહેશે?

મહાપુરુષોના આવા વિચારો અને એમણે આપેલી પ્રેરણા આપણને કામ લાગે છે; એટલે ભગવાન મહાવીરની જયંતી પણ, આંતરરાષ્ટ્રીય સ્તર પર ઉજવાય તેમ થવું જોઇએ. તેમના વિચારો સારીયે દુનિયાને, આજના કટોકટીના કાળમાં ખપ લાગે તેવા છે. એ સાંભળીને માણસને જો ધ્યાનમાં આવશે કે પોતે ખોટે રસ્તે છે, તો તેમાંથી પછી પાછા વળત એને વાર નહિ લાગે. આ મહત્ત્વની વાતો પર આપણે સૌ વિચાર કરીએ. અપરિગ્રહ–અહિંસા–અનેકાંતવાદ વગેરે ભગવાન મહાવીરના સિદ્ધાંતોને આચરણમાં મૂકવા આપણે કોશિશ કરીએ.

પૈસો હોય તો તે પણ યોગ્ય માર્ગે વાપરતાં શીખો. જીવનની અંદર ત્યાગ કરતાં શીખો. નક્કી કરો કે વધારે

કપડાં નહિ ખરીદું; રેશમ કે મોતી નહિ પહેરું; કોડલીવરના બાટલા નહિ વાપરું અને જીવનને સાદું બનાવીશ. અને પછી, સાદાઈથી બચાવેલા એ પૈસા, તમારા બંધુ માટે વાપરતાં શીખો.

નદીને કિનારે બેસીને એક કાંકરો પાણીમાં નાખો છો તો તેનું કુંડાળું થતાં થતાં ઠેઠ સામા કાંઠે પહોંચે છે. આજે આપણે સૌ, ચોપાટીના આ સાગરકિનારે બેસી જે સંકલ્પ કરીશું તેના તરંગો દુનિયાના સામા કિનારા સુધી પહોંચી જશે; માટે આપણે આપણા જ જીવનથી સારી વસ્તુઓની શરૂઆત કરીએ. ધીમે ધીમે તેનો પડઘો સારા યે વિશ્વમાં પડી શકશે.

ભગવાન મહાવીરના નિર્વાણને ૨૫૦૦ વર્ષ થવાને હવે માત્ર દશ વર્ષ જ બાકી રહ્યાં છે. દુનિયાભરમાં એ દિન ઊજવાય તે માટે આપણે સૌ તન, મન ધનથી પ્રયત્ન કરીએ; આપણે માનવજાતને ઊંચી લાવવા કંઈક બલિદાન આપીએ; ભગવાન મહાવીરના વિચારો મુજબ, આપણા જીવનને ઘડવા કોશિશ કરીએ; તેમ જ આવા શુભ વિચારો અને કર્તવ્યથી, આપણું અને અન્ય સૌનું જીવન દિવ્ય બનાવીએ.

---

(૨૪-૪-'૬૪ ની સાંજે મુંબઈ નગરીના લાખ લાખ ભક્તિભર્યા નરનારીઓએ પ્રભુ મહાવીરનું જન્મકલ્યાણ સાગર કિનારે ઊજવ્યું, તે સમયે આપેલ પ્રવચનની ટૂંકી સ્મૃતિ નોંધ.)

# આજના યુગમાં માનવીનું સ્થાન

આજના આપણા પ્રવચનનો વિષય છે: 'આજના યુગમાં માનવીનું સ્થાન.' વિશ્વમાં પ્રત્યેક વસ્તુનું આગવું સ્થાન હોય છે, તો માનવીનું સ્થાન કેમ ન હોય? દરેક જમાનામાં માનવીનું એ સ્થાન હોય છે જ. કારણ કે માનવીને સર્વશ્રેષ્ઠ ને ઉદાત્ત ગણવામાં આવ્યો છે. કોઈ પણ એવો યુગ ન હોઈ શકે કે જેમાં માનવીનું સ્થાન ન હોય.

પણ જો દરેક યુગમાં માનવીનું સ્થાન એક સરખું જ હોય તો આપણે આવો વિષય શા માટે રાખવો પડે? આજના યુગમાં માનવીનું સ્થાન એટલે શું? એટલે એમ લાગે છે કે તેનું મૂલ્યાંકન બદલાય છે; બદલાયાં છે; એનું સ્થાન બદલાયું છે. અને જ્યારે વસ્તુનું આમ મૂલ્યાંકન બદલાઇ જાય છે, ત્યારે એની એ જ વસ્તુ, કોઇકવાર સસ્તી બની જાય છે અને કોઇકવાર મોંઘી પણ બની જાય છે.

તો આજના યુગમાં માનવી ક્યાં છે, માનવીનું મૂલ્યાંકન શું છે, તેનો વિચાર આપણે આજે કરવાનો છે. આપણે ખૂબ શાંતિથી વિચાર કરીશું ત્યારે જ આપણને ખ્યાલ આવશે કે આજે માનવી ક્યાં, માનવીનું સ્થાન શું, અને માનવીનાં સાચાં મૂલ્ય શાં હોઇ શકે અને અત્યારે શાં છે?

આજે વિજ્ઞાન એક બાજુ છે; જ્ઞાન બીજી બાજુ છે. વિજ્ઞાન અને જ્ઞાનની વચ્ચે માનવી બેઠો છે. વિજ્ઞાન ભૌતિકવાદનો આવિષ્કાર કરી રહ્યું છે; જ્ઞાન આત્મવાદનો આવિષ્કાર કરી રહ્યું છે. એ બન્નેમાંથી માનવીએ પોતાને કઈ બાજુ જવું છે તે પસંદ કરવાનું છે.

સામાન્ય રીતે પ્રવાહી પદાર્થનો એક નિયમ છે કે એ ઢાળ બાજુ જ વહી જતું હોય છે! વિજ્ઞાનના આવિષ્કારોએ, વિજ્ઞાનના પ્રલોભનોએ અને વિજ્ઞાને આપેલી વિવિધ આકર્ષક સિદ્ધિઓએ માણસને એટલો તો ખેંચ્યો છે કે જ્યારે એની આગળ આત્મજ્ઞાનની વાત કરવાનો પ્રસંગ આવે છે ત્યારે તેને તે નિરસ લાગે છે; લાંબા ગાળાની યોજના લાગે છે; કારણ કે જ્ઞાનનો માર્ગ ચઢાણનો છે, અને વિજ્ઞાનનો માર્ગ ઉપભોગનો છે, ઢાળનો છે.

એટલે થયું શું? વિજ્ઞાનના પદાર્થો, એની શોધ અને એનાં સાધનો આપણને વિપુલતામાં મળવા લાગ્યાં. આથી આપણે એમ સમજવા લાગ્યા કે આપણે આપણા બાપદાદા કરતાં આગળ છીએ, સુખી છીએ. વળી આપણે આપણા વડવાઓ પર દયા પણ ખાતા થઇ ગયા કે એમણે બિચારા-ઓએ જગત્ કંઇ જોયું નહિ! એમના એમ ચાલ્યા ગયા! એ લોકો ચૂલો ફૂંકી ફૂંકીને હેરાન થઇ ગયા. આપણો જમાનો કેવો કે સ્વીચ દાબીએ અને રસોડું ચાલુ થાય! કેટલી સરસ સગવડ!

એ લોકો બાપડા પાણી માટે કૂવે જઇ, તળાવે જઈ, પાણી માથે ઉપાડી લાવતાં. હવે તો પાણીની ચકલી ફેરવો એટલે પાણી જ પાણી! હવે કૂવે અને તળાવે તો મરવા કે

તરવા સારુ જ માણસ જાય. અરે, એ જમાનો કેવો હતો? વાસીદું વાળી વાળીને, ગાર કરી કરીને, લીંપણ કરી કરીને એ ડોસા–ડોસીઓ થાકી જતાં. આજ તો કેવી ચકચકાટ લાદીઓ છે? એક ઝાડુ ફેરવો કે બધું સાફ! અને હવે તો ઝાડુ પણ ઇલેક્ટ્રિકનાં!

આ બધાથી આજે આપણને એમ લાગે છે કે આપણે આગળ છીએ. કોઇકવાર એમ પણ થાય કે અરેરે, એ લોકોએ આ યુગ જોયો હોત તો! આવો સરસ રેડિયો! ટેલિફોન! આવી સરસ લાદી અને આવાં સરસ અદ્યતન પ્રકારનાં સાધનો! બિચારા જોયા વિના જ ગયા? કેટલાકને તો એમની ત્રીજી પેઢીનાં વડીલો પ્રાચીન યુગનાં લાગે છે! એ અજ્ઞાન યુગના માણસો બાપડા કંઇ ન જાણે. આમ આજે માણસનું મન, માણસની બુદ્ધિ, માણસના વિચારો આકાર લઇ રહ્યા છે! માણસના ચિત્તની આસપાસ એવા પ્રકારની આકૃતિ સર્જાઈ રહી છે. માણસ હૃદયથી એમ માનતો થયો છે કે જેમ જેમ વિજ્ઞાનનાં સાધનો વધશે, આવિષ્કારો થશે તેમ તેમ તે આગળ વધેલો ગણાશે.

કોઇ પણ માણસ આવીને કહે: ‘વિજ્ઞાન આપણને આગળ નથી લાવ્યું?’ તો ‘હા’ જ કહેવી પડશે અને એમાં સૂર પુરાવવો પડશે કે આજનાં જેવાં ભવ્ય સર્જનો કયા યુગમાં હતાં? જો માણસે પ્રગતિ કરી ન હોત તો આપણે આટલા બધાં આગળ આવત ક્યાંથી?

હજારો માઇલનો પંથ, આજે પ્લેન દ્વારા કલાકોમાં કપાય છે. વાત વાતમાં તો ક્યાંના ક્યાં પહોંચી જવાય છે! આના કરતાં વધુ બીજી પ્રગતિ દુનિયામાં કઈ હોઇ શકે?

ઘણીવાર આ દલીલો સામે આપણે મૌન સેવવું પડે છે. કારણ કે એ વાત સાચી છે.

ગાડામાં બેસી વીસ માઈલ જવાનું હોય તો બળદિયા થાકે, વચ્ચે ગાડું છોડવું પડે, બળદને ઘાસ આપવું પડે; કેટ-કેટલો પ્રયત્ન કરે ત્યારે વીસ માઈલ જવાય.

પણ આજે હવે લંડન જવું હોય કે અમેરિકા જવું હોય તો પણ બહુ વિચાર કરવો પડતો નથી. સૌ હસતાં હસતાં વિદાય આપે છે. આ ઉપરથી જોઈ શકાય છે કે આપણી પ્રગતિ, આપણી ગતિ, આપણી ઝડપ ખૂબ જ વધી છે અને હજી વધી રહી છે. આપણું મન એ રીતે તૈયાર થઈ રહ્યું છે. આપણને સાચે જ લાગે છે કે આપણે આગળ વધેલા માણસ છીએ.

પણ આ બધામાં માનવીનું સ્થાન શું છે તે શાંતિથી વિચારવું પડશે. આજે યંત્ર આગળ વધે છે, પણ માણસ ક્યાં છે? યંત્રનાં મૂલ્યો છે તેના પ્રમાણમાં, માણસનાં મૂલ્યો ઘટ્યાં છે કે વધ્યાં છે? ખરું કહું? આજે માણસ સસ્તો બન્યો છે, મશીન મોઘું બન્યું છે. મશીનની મહત્તા જેટલી પણ માણસની મહત્તા રહી નથી. એટલે જ આજે માણસ, માણસોને સાધનોથી માપે છે. માણસનું માપ સદ્‌ગુણની સામગ્રીથી નથી થતું પણ બાહ્ય સાધનોની સામગ્રીથી થાય છે.

આજની ઝડપ અને વેગની અસર માણસના જ્ઞાન-તંતુઓ પર અને વિચાર પર અકલ્પનીય રીતે થઈ રહી છે. સ્વસ્થતાથી માણસ આજે જીવન અને જગત અંગે વિચારી જ શકતો નથી. માણસનું મૂલ્ય એના ચારિત્રથી, એની સેવાથી, એની ઉદારતાથી, એના પરોપકારી સ્વભાવથી થવું

જોઈએ તેને બદલે એના બાહ્ય સંગ્રહથી અને સાધનોથી જ થવા લાગ્યું છે. એટલે માણસ કેવો પવિત્ર છે તે નહિ, પણ એ કેટલું રળે છે, કમાય છે, તે જ માત્ર જોવાય છે.

આ સાધન, એકની પાસેથી લઈ લ્યો અને બીજાને આપો, એટલે પહેલો માણસ ગૌણ બની ગયો, અને જેની પાસે સાધન આવ્યું તે મુખ્ય બની ગયો. આમ સાધનો બદલાતાં માણસ બદલાય છે. એટલે કે જેની પાસે વધારે સાધન તે વધારે આગળ. આ શરત–દોડમાં સાધનોવાળો ફાવી જાય છે. આમ જિંદગી જ એક શરત બની ગઈ છે!

હવેનો માણસ કહે છે: માણસની સામે નહિ, એના સાધન સામે જુઓ. માણસનું ચારિત્ર, તો કહેશે, ' ભલે હોય. ' સંયમ પાળે છે, તો કહેશે 'ઠીક છે: ભલો, આધ્યાત્મિક છે. બીજું શું ? એ બધું હોવા છતાં એની પાસે બીજું શું છે ?' બીજું એટલે સમજ્યા ને ? પૈસો, અને સાધનોનો ઢગલો ! એ હોય તો કહેશે: 'બરાબર, એણે ખરી કમાણી કરી છે!' આ સાધનો ગયાં તો માણસ આખો જ ગયો. માણસ પોતે જાણે કંઈ જ નથી.

આજે મનમાં દાસત્વ આવ્યું છે. આજ સુધી માણસને આધીન સાધન હતાં; હવે માણસ સાધનોને આધીન થયો છે. ઘોડા ઉપર માણસ હતો તેને બદલે માણસ ઉપર ઘોડો જાતો હોય એના જેવી આજે દશા છે.

જગતની એવી પરિસ્થિતિ છે. એટલે ખરી રીતે જોશો તો જણાશે કે માણસ આજે સાધનો નીચે દબાયેલો છે; જે સ્વામી હતો તે આજે અનુચર બન્યો છે. આ અનુચર કદાચ બહારની દૃષ્ટિએ નહિ દેખાય, પણ માનસિક દૃષ્ટિએ અનુભવી શકશો.

આ રીતે માણસનું મન દાસત્વ અનુભવે છે, અને તે ચેતનનું નહિ પણ જડ સાધનોનું. દાખલા તરીકે, તમે ગાડી વસાવી. તમે ગાડીમાં બેઠા. એ તમારું સાધન થયું. એક ઠેકાણેથી બીજે ઠેકાણે જવામાં એ મદદ કરે છે.

ધારો કે એ ગાડીમાં બેસીને તમે વ્યાખ્યાન સાંભળવા આવો છો, અગર તમે જંગલમાં ધ્યાન ધરવા જાઓ છો, કે ક્યાંક સ્વાધ્યાય કરવા જાઓ છો, પણ માનો કે કોઈ દિવસ તમારી ગાડી બગડી ગઈ; તો તમે શું કરો છો? કહેશો કે આજે હવે વ્યખ્યાનમાં નથી જવું, કારણ કે આજે ગાડી બગડેલી છે. હું કહુ છું કે ભાઈ, ગાડી બગડી ગઇ છે; પણ તું એથી કેમ ચાલતો બંધ થઈ ગયો? આ થઈ જડ સાધનની ચેતના ઉપરની અસર.

ઘણા કહે છે : ' હવે અમારાથી ચલાય–બલાય નહિ. અમે તો જરાય ન ચાલીએ. ગાડી વિના બહાર જવાવાળા એ આપણે નહિ. ' પછી એ ધ્યાન, વ્યાખ્યાન જે કંઈ કરતાં હોય તે બાજુમાં રહે, ગાડી જ્યારે પાછી આવે, ત્યારે પ્રવૃત્તિ ચાલુ થાય; ત્યાં સુધી બધુ બંધ. એટલે માણસ કંઈ નથી, ગાડી મુખ્ય છે.

માણસની મનોભૂમિકા ઉપર, માણસની માનસિક સ્થિતિ ઉપર સાધનની આ કેવી ઘેરી અસર છે! જો માણસ એમ માનતો હોય કે એ સ્વાધીન છે તો તે બરોબર નથી: એ તો સાધનનો અનુચર છે. આ અનુચરપણું પણ ધીમે ધીમે એના લોહીમાં એટલું બધું ઊતરતું જાય છે કે બાપ એનો વારસો દીકરાને દેતો જાય, ને દીકરો એના દીકરાને દેતો જાય. એમ કરતાં કદાચ એક દિવસ એવો પણ આવે કે, માણસને

થાય કે બધું જ કામ સાધનો દ્વારા થાય છે. તો પછી માણસની કિમ્મત શી ?

ગાય, ભેંશ અને બકરી દૂધ આપે ત્યાં સુધી કામનાં, પછી એ કતલખાને જાય. માણસની સેવા કરનારને છેલ્લે આમ કપાઈ મરવું પડે છે ! આ રીતે માણસંની સ્વાર્થવૃત્તિએ કતલખાનાં વધાર્યાં છે. માણસને દૂધથી કામ છે, ગાયથી નહિ. પહેલાના જમાનામાં ગાયને 'માતા' કહેતા; દૂધ એ સાધન હતું. પશુની કરુણા મુખ્ય હતી. ત્યારે એના પ્રાણનો વિચાર હતો. પણ આજે ?

આજે એનો વિચાર કોણ કરે છે ? માણસ કહે છે: 'અમને દૂધ મળી ગયું. પછી એ ગાયો ઘરડી થાય, નકામી થાય, કસાઇખાને જાય, ખાડામાં પડે કે ગમે ત્યાં જાય, એમાં અમને શું ? આમાંથી છેલ્લો વિચાર એવો કેમ ન આવે કે બાપ કામ કરે, રળીને આપે અને માતા ઘરનાં છોકરાં રમાડે ત્યાં સુધી ડોસાડોસી કામનાં, પછી એ જાય વૃદ્ધઘરોમાં.

વધુમાં આજનો અદ્યતન યુવક કહે છે : 'વૃદ્ધો નિરર્થક છે. એ લોકો કમાતા નથી. સમાજને, દેશને કોઇને ય લાભ આપતા નથી. એવાઓનો સંગ્રહ શા માટે? એમને ઠેકાણે પાડો. જગ્યાની તંગી છે. આવાઓને ખસેડી જગ્યા કરો.'

આજ યુરોપમાં 'ઘરડાંનાં ઘરો' વધતાં જાય છે. ત્યાંના ઘરડા–બુઢા માણસો જ્યારે પ્રવાસે–ટૂર ઉપર આવે છે, ત્યારે તે કહે છે: 'વૃદ્ધાવસ્થા એ ભારે મૂંઝવણનો પ્રશ્ન છે. એ શા માટે ? ઘરડાં થયાં એટલે કરવું શું ?'

ઘરડાંઓને જોતાં આપણને દયા આવે. ધોળો વાળ દેખાય ત્યારથી તેમનામાં ચિંતા ઊભી થાય. પછી બાપડા દવા લગાડીને કાળા વાળ કરે; કરચલિયો પડી ગઈ હોય તો એને મસાજ કરી સરખી કરાવે ને હંમેશ યુવાન દેખાવા પ્રયત્ન કરે. પણ કાળનો પ્રવાહ, દેહનો ધર્મ અને ઇંદ્રિયોમાં આવતું પરિવર્તન કેમ રોકાય? માણસ ગમે એટલો સાવધાન રહીને પ્રયત્ન કરે તો પણ દેહના ઉપર કાળની અસર થવાની જ.

પ્રકૃતિનો ધર્મ પ્રકૃતિ છોડી દે તો પછી એમાં પ્રકૃતિપણું રહેતું નથી. પ્રકૃતિનો ધર્મ એ છે કે દરેક વસ્તુમાં પલટો લાવવો. લોખંડ જેવું લોખંડ અને સ્ટીલ જેવું સ્ટીલ પણ ઘસાઈ જાય છે. સ્ટીલનાં યંત્રોને પણ ઘસારો લાગે જ છે ને. પચીસ વરસ પછી એ યંત્ર પણ જૂનું બની જાય છે. આવું જોરદાર લોખંડ પણ જો ઘસાઈ જાય તો માણસના આ દેહને ઘસારો ન લાગે?

આવા ઘસારા લાગેલા ઘરડા માણસને ક્યાં જવું? એ હવે આજે કામ આપતો નથી એટલે આટલાં વર્ષ કરેલું એનું કામ પણ નકામું ગયું? એનું મૂલ્ય કંઈ જ નહિ? માત્ર ઉત્પાદનનું જ મૂલ્ય? ઉત્પાદકનું સ્થાન કંઈ જ નહિ? માણસ પ્રાપ્ત કરે તેનું જ સ્થાન; માણસનું કંઈ જ સ્થાન નહિ?

હવે, પ્રાચીન કાળમાં શું હતું તે જુઓ:

ચૈતન્ય અને રઘુનાથ બંને મિત્રો. મૈત્રી એવી કે જાણે પુષ્પ અને પરાગ. બંને સમર્થ વિદ્વાન. ન્યાયશાસ્ત્રના પ્રચંડ જ્ઞાતા ગણાય. બંને કોઈકનું કંઈક સર્જન કરતા જ હોય.

મળે ત્યારે જ્ઞાનગોષ્ઠિ કરે. એકને ટેકે, બીજાને ઉપર ચઢવાની તક મળે. એકમાં રહેલી ભૂલ બીજો દૂર કરે અને પાણીના સંગે જેમ વસ્ત્ર સ્વચ્છ થાય, તેમ મિત્રના સંગે મિત્ર શુદ્ધ થાય.

'મિત્ર ઐસા કીજીએ, જો ઢાલ સરીખા હોય,
સુખમેં પિછે પડ રહે, ઔર દુઃખમેં આગે હોય.'

ક્ષત્રિયો ઢાલને પાછળ ખભે બાંધે છે. એ સુખના દિવસોમાં પાછળ પડી રહે છે, પણ સંગ્રામમાં ઘા ઝીલવા એ આગળ આવે છે. તલવારના ઝાટકા એ ઝીલે છે. મિત્રો પણ એવા હોય જે સુખમાં પાછળ હોય, પણ દુઃખમાં આગળ થાય. વિપત્તિ સહીને પણ મિત્રને મદદ કરે. મિત્રને અધોમાર્ગે જતાં બચાવે.

આવા મિત્ર મળવા આજે મુશ્કેલ છે. એને તો શોધવા પડે છે—જેમ ઘર શોધો છો, ધંધો શોધો છો, તેમ મિત્ર પણ હજારો માણસોમાંથી શોધીને, ચૂંટીને મેળવવો પડે છે.

સમય થોડો છે. કામ ઘણું છે. માટે સમયનો સદુપયોગ થાય એવા જ મિત્રો તમારી આસપાસ હોવા જોઈએ. ખાલી વાતો કરે, ગામની નિંદા કરે, પત્તા કૂટ્યા કરે અને જ્યાંત્યાં તમારો સમય બગાડ્યા કરે, એવા મિત્રો શા કામના?

માણસે આ જન્મ દ્વારા સાધના કરવાની છે; અભ્યાસથી ચિત્તને કેળવવાનું છે; યોગથી મન, વચન અને કાયાને સંવાદમય કરવાનાં છે; તત્ત્વજ્ઞાનથી આ વિશ્વની પેલી પાર શું છે તે જાણવાનું છે, એવો સંકેત મેળવવાનો છે. આવું બધું કરવાને બદલે, માત્ર ખાવા—પીવા—સૂવા અને ફરવાની

જ વાતોમાં સમય જાય, તે શું ઉચિત છે? ઘણાંય વર્ષ આ બધું તમે કર્યું. હવે કંટાળો ય નથી આવતો? જે કર્યું તે પચાસ વર્ષ કરો કે સો વર્ષ કરો, એમાં નવાઈ અને નવીનતા શી છે? જીવનમાં આજે આ પુનરાવર્તન સિવાય બીજું છે પણ શું?

એક માણસ પાસે હજારની નોટ હોય તે વધારીને પાંચ હજારની કરે. પછી પાંચ લાખની કરે, પાંચ કરોડની કરે, એ કાગળની થપ્પીઓ કરતો જાય, ગોઠવતો જાય, મલકાતો જાય અને સંગ્રહીને રાજી રાજી થતો જાય. પણ એથી એના આત્મામાં કયા ગુણનો વધારો થયો?

આ નોટની થપ્પીઓ કોઈ બીજા પાસે જાય તો એ પુજાય; પહેલો પડયો રહે. તે વળી ત્રીજા પાસે જાય તો તે પુજાય, બીજાનો કોઇ ભાવ પણ ન પૂછે. આમ માણસ આ યુગમાં ફૂટબોલની જેમ કેવો ગ્રાઉન્ડ પર આવી ગયો છે!

એક વાર તમારા સ્વજનો અને મિત્રોને ખબર પડે કે તમારી પાસે કંઈ રહ્યું નથી, પછી જુઓ કે કેટલા તમારી ખબર લેવા આવે છે, કેટલા તમારી પડખે બેસે છે અને કેટલા તમને ચા પાય છે. ત્યારે જ તમને લાગશે કે જે મૂલ્ય અને માન હતું તે તમારું નહિ પણ તમારી પાસે જે પેલી જડ વસ્તુઓનો ઢગલો હતો–સંગ્રહ હતો તેનું હતું.

પણ આધ્યાત્મિકતામાં આવું નથી. ત્યાં વસ્તુની નહિ, પણ આત્માની અને આત્માના ગુણોની કિંમત હોય છે. ત્યાં વસ્તુ ગૌણ છે, અને તેથી જ ચૈતન્ય અને રઘુની મૈત્રી જોવા જેવી છે.

ચૈતન્યે એક અપૂર્વ ગ્રંથનું સર્જન કર્યું. રઘુએ પણ અતિ શ્રમ લઈ એક મહાગ્રંથનું સર્જન કર્યું હતું. ચૈતન્યનો ગ્રંથ, રઘુએ જોયો અને એને મનમાં ને મનમાં થયું: આવા સુંદર ગ્રંથ આગળ મારો ગ્રંથ કેમ ટકવાનો ? મારા પુસ્તકને તો કોઈ હવે સ્પર્શ પણ નહિ કરે. મારો શ્રમ પાણીમાં ગયો.

રઘુનો ચહેરો હવે ફિક્કો પડી ગયો છે. ચૈતન્યે એને પૂછ્યું: 'મિત્ર, શું છે ? મુખ ઉપર વિષાદની છાયા કેમ ?'

રઘુએ કહ્યું: 'મિત્ર, તારું સર્જન જોઈ મારું મસ્તક નમી જાય છે. પણ મને થાય છે કે મારો શ્રમ વ્યર્થ ગયો. આપણે બંને એક જ વિષય પર લખ્યું છે, પણ તારી મૌલિકતા અદ્ભુત છે.' આમ એણે ચૈતન્યની પૂરેપૂરી પ્રશંસા કરી.

એક વાર પૂનમની રાત્રે બંને મિત્રો નૌકાવિહાર કરી રહ્યા છે. નૌકા સરિતાના જળ પર રમતી રમતી જળની મધ્યમાં આવી. ચૈતન્યે બે હાથથી કંઈ લીધું અને જળમાં પધરાવી દીધું. રઘુએ પૂછ્યું: 'મિત્ર, મિત્ર, આ શું કર્યું ?'

ચૈતન્યે ચંદ્રિકા જેવું સ્મિત કરી કહ્યું: 'એ તો મારા મિત્રના ગ્રંથરૂપી ચન્દ્રને મારો ગ્રંથરૂપી રાહુ ગળી જતો હતો, તેને મેં જળમાં પધરાવ્યો.'

રઘુને તમ્મર આવી ગયાં: 'મિત્ર, તેં આ શું કર્યું ? આવું અપૂર્વ સર્જન તેં આ જળમાં પધરાવ્યું ? જે પુસ્તક તારી કીર્તિને અમર બનાવત, તેને તેં આમ સહજતાથી જળશરણ કર્યું ?'

ચૈતન્ય કહે: 'રઘુ ! માણસની કિંમત છે; કીર્તિ એની આગળ ગૌણ છે. મારા મિત્રની પ્રસન્નતા આગળ બધું જ

નહિવત્ છે. માણસના મૂલ્ય આગળ કીર્તિ ને નામનાનું મૂલ્ય શું છે? તારું સર્જન એ મારું સર્જન છે ને? તારી બાર બાર વર્ષની મહેનતને મારું મન આદરથી જુએ છે.'

વિચારો, તમારે ય મિત્ર તો છે ને? પણ તમારે માટે આવો કોઈ ત્યાગ કે ભોગ આપવા તૈયાર છે? તમારી મુશ્કેલીના સમયે તમારી પડખે ઊભાં રહેનારાં કેટલાં?

તમારા મિત્રો તો એવા કે સાથે બેસીને તમારા ગુણ ગાય અને પાછળથી નિંદા કરે. કારણ કે એમના મનમાં તમારા વ્યક્તિત્વની છાપ કરતાં તમારા ધનની છાપ વધારે છે. એટલે ધનને સલામ કરે અને તમારી નિંદા કરે. માટે એવા મિત્રોથી સો જોજન દૂર જ રહેજો.

વસ્તુને આપણે કઈ રીતે જોઈએ છીએ એ પર ઘણી-વાર વસ્તુની ઓળખનો આધાર રહે છે. એ જ રીતે વસ્તુને કયા સાધનથી જોઈએ છીએ તે પર પણ વસ્તુની કિંમત સમજવાનો આધાર રહે છે. કાળાં ચશ્માં ચઢાવીને જોશો તો પીળી અને ધોળી વસ્તુ પણ શ્યામ દેખાશે. કારણ કે કાચનો કાળો રંગ વસ્તુ ઉપર રંગનો આરોપ કરે છે, એટલે વસ્તુને જોવામાં યોગ્ય સાધન જોઈએ. વસ્તુને એના મૂળ રૂપે ઓળખ આપે એવું એ સાધન હોય તો વસ્તુની વિશિષ્ટતાનો આપણને ખ્યાલ આવે.

એ જ રીતે, આત્માને ઓળખવા માટે પણ આ આંખ કામ લાગે તે કરતાં દિવ્ય આંખ અનેક ગણી વધારે કામ લાગે. શરીરની આંખ એટલે ભૌતિકતાને જોનારી આંખ. એ સ્થૂલ આંખ સ્થૂલ વસ્તુને જોવાની. જીવનની પરમ સૂક્ષ્મ એવી ચેતનાનું દર્શન એ કેમ કરી શકે? અને માનવ-જીવન એ કંઈ માત્ર હાલતુંચાલતું પૂતળું કે યંત્ર

નથી. એ તો છે ચેતનાનો ધબકાર, આત્માનો અને કર્મ સત્તાનો આવિષ્કાર! આપણા દેહના કેન્દ્રમાં ચેતના છે, આત્મા છે. એને ઓળખવા દિવ્ય નયન જોઇએ. એ દિવ્ય નયનની પ્રાપ્તિ સાથે જ વિશ્વનું દર્શન પલટાઈ જશે. પછી તમને દરેક વસ્તુની પાછળ રહેલ શ્રેષ્ઠ વસ્તુનું દર્શન થશે. પછી સ્ત્રી એટલે વિલાસ અને વિકારનું સાધન નહિ, પણ કોમળ અને ભક્તિભર્યા સમર્પણના વિચારોને જીવનમાં સંક્રાન્ત કરનાર પ્રેરણામૂર્તિ દેખાશે; પુરુષ એટલે પૈસો પેદા કરી ઉપભોગનાં સાધનો પૂરાં પાડનાર એક માત્ર યંત્ર નહિ, પણ પુરુષાર્થ, ધૈર્ય અને જીવન-સંગ્રામમાં હિમ્મત આપી આગળ વધારનાર જીવનસાથી દેખાશે, પછી સંસાર, માત્ર અર્થ અને કામનો અખાડો ન બનતાં, જીવન–સોપાન ચઢવા માટે ધર્મમય સંસારના અર્થ અને કામ એ નિસરણીનાં પગથિયા જેવાં લાગશે.

તમે સૌ એમ તો નથી માનતા ને કે તરવાનું કામ તો સાધુઓનું, અમારે તો ગમે તેમ જીવવાનું. કારણ કે અમે તો સંસારમાં બેઠા છીએ. આ દૃષ્ટિ બરાબર નથી. સંસારને તમે આટલી નીચી કક્ષાએ ન મૂકો. આ તો કર્મભૂમિ છે; રે, ધર્મભૂમિ છે. એમાં તમારે પ્રયત્ન કરી આગળ આવવાનું છે. જેમ કીચડમાંથી કમળ ઉપર આવે છે તેમ, તમારે આસક્તિ અને રાગદ્વેષમાંથી ઉપર આવી, પંકજની જેમ અદ્ધર રહેવાનું છે. આ સંસારમાંથી તમે ઊંચામાં ઊંચી વસ્તુ પામવાના છો. અહીં પ્રાપ્ત ન થઈ શકે એવી વસ્તુ એકે ય નથી, કારણ કે મોક્ષ જેવી પરમ દુર્લભ વસ્તુ પણ આ જીવન દ્વારા જ સિદ્ધ થઇ શકે છે.

તમે રોજ પાંચ મિનિટ પણ બેસીને વિચાર કરો છો કે આપણે ક્યાંથી આવ્યા છીએ, ક્યાં જવાના છીએ

અને જતી વખત શું લઈ જવાના છીએ? પતિ અને પત્ની, પિતા ને પુત્ર, માતા અને દીકરી, મિત્ર અને સાથી–ભેગા થઈ કદી એવો વિચાર કરે છે કે આપણે અહીં કેમ ભેગા થઇ ગયા અને અહીંથી છૂટા પડ્યા પછી ક્યાં ભેગા થઇશું?

બહારગામ, આગળ–પાછળ જવાના હો તો ક્યાં મળશું તેની ગોઠવણ કરો છો ને? કલકત્તા જવાના હો તો નક્કી કરો છો ને કે હું કેનીંગ સ્ટ્રીટમાં ઊતરીશ; તમે હેરિસન રોડ ઉપર ઊતરશો, પણ આપણે અમુક ઠેકાણે, અમુક દિવસે જરૂર મળીશું. આવી કોઈ ગોઠવણ, અહીં પછીના જન્મ માટે કરી છે ખરી? તમે પૂછશો કે તે શકય છે? હું કહું છું કે હા, તે શકય છે જ. સારી કરણી કરીએ, સમાનભાવ કેળવીએ તો ભગવાન મહાવીર અને શ્રી ગૌતમની જેમ, નેમ અને રાજુલની જેમ, કેટલાય ભવો સુધી એકબીજાના સંપર્કમાં રહી અંતે મુક્તિ પામી શકાય. કર્મના કચરાને દૂર કરી નિર્મળ બનીને શાશ્વત મૈત્રીમાં ગોઠવાઈ જવાય છે. આ તો અમરતાનો માર્ગ છે. અહીં દટાઇ જવાનું નથી; એનાથી ઉપર જવાનું છે. કેટલાક ધર્મો એમ માને છે કે કયામતના દિવસ સુધી કબરમાં દટાઇ રહેવું પડે છે. આ કેવો અજ્ઞાનભર્યો વિચાર છે! ચૈતન્ય જેવા ચૈતન્યને, લાખો વર્ષ સુધી કબરમાં દટાઈ રહેવાની વાત કરે છે! આપણે ત્યાં તો દેહ પડે અને ડૉકટર આવીને શરીર તપાસે તે પહેલાં તો ચૈતન્યનો પ્રવાસ ચાલુ થઇ ગયો હોય છે. અહીં ચૈતન્ય નિત્યનવીન પ્રવાસી છે. આપણે કહીએ છીએ કે આત્મા મરતો નથી; મરે છે તે દેહ છે. કબરમાં શરીર દટાય, આત્માને કોણ દાટી શકે? ધૂળની શી તાકાત છે કે આત્માને દાટી શકે? માટીમાંથી બનેલો અને ધૂળમાં મળી જવાનો તે આત્મા નહિ પણ દેહ છે. દેહને આત્મા માની બેસવું એ

કેવી ભૂલ છે! દેહ તો નીચે રહેનાર વસ્તુ છે; જ્યારે આત્મા તો ઉપર જનાર ચૈતન્ય છે. એકનો માર્ગ અધોગામી છે; બીજાનો માર્ગ ઊર્ધ્વગામી છે. Ten Commandments એ તત્ત્વજ્ઞાન નહિ પણ માત્ર નીતિસૂત્રો છે. ત્યાં આત્માને પરમાત્મા બનાવવાની કે ચૈતન્યના ઊર્ધ્વીકરણની કોઈ વાત નથી. આપણે આ બે વચ્ચેનું અંતર સમજવા જેવું છે. તત્ત્વજ્ઞાન અને નીતિસૂત્ર વચ્ચે ઘણું અંતર છે. તત્ત્વજ્ઞાનમાં આત્મા અને મોક્ષ બધું આવે, જ્યારે નીતિમાં માત્ર આ લોક અને તેનો વ્યવહાર જ આવે. હા, આ વ્યવહાર શુદ્ધ બનાવવાની જરૂર છે જ; પણ ત્યાં આપણે અટકવાનું નથી, આગળ વધવાનું છે. જીવ અને જગતના સૂક્ષ્મ સંબંધને જાણવાનો છે અને જગતમાં રહેવા છતાં, જીવનને અલિપ્ત રાખવાનું છે. નૌકા તો તમે જોઈ છે ને? એ પાણી વચ્ચે અને પાણીની અંદર રહેવા છતાં પોતાની અંદર પાણીને આવવા નથી દેતી. સરિતા અને સાગરને એ તરી જાય છે; અંદર બેસનારને સામે પાર ઉતારી જાય છે. તેમ, જો તત્ત્વજ્ઞાનનાં દિવ્યનયન મળે તો સંસારમાં રહેવા છતાં તમે તરી જાઓ અને સંસારને સંસારના મૂળ સ્વરૂપે જોઈ, એમાંથી છોડવા લાયક, જાણવા લાયક અને આચરવા લાયક–આ ત્રણે વાતનું રહસ્ય સમજીને જીવન જીવી શકો.

આ દિવ્ય નયનનો પ્રકાશ મળતાં, પછી મરણ પણ ભયજનક કે શોકજનક નહિ લાગે. તમને એમ જ લાગશે કે આ તો માત્ર એક પ્રવાસ છે–ચિરપ્રવાસ છે.

મૃત્યુ માટે રવીન્દ્રનાથે એક સુંદર અને મધુર કલ્પના આપી છે. એક મા પોતાના બાળકને ધવરાવતી હોય છે. જમણા થાનમાં દૂધ ઓછું થતાં, તેને એ ત્યાંથી ઉપાડી

લે છે અને બાળક રડવા મંડી પડે છે. હાથ–પગ પછાડે છે. ત્યાં તો મા એને પોતાના ડાબા થાન પર મૂકી દે છે. દૂધ મળતાં બાળક ચૂપ થઈ જાય છે, રાજી રાજી થઇ જાય છે, વધારે દૂધ પ્રાપ્ત કરે છે. તેવી જ રીતે, માણસ પણ અજ્ઞાન છે. મૃત્યુ વખતે એ રડે છે. જો એની પાસે સુકૃત હોય તો એ ત્યાંથી ઉચ્ચ ગતિએ જ જવાનો. કાળ કહે છે કે તું કયાં મરી જાય છે! તારું શરીર હવે કામ કરતું નથી એટલે એને બદલવાની માત્ર જરૂર છે. તારા કાન સાંભળતા નથી એટલે તારે સાંભળવા માટે યંત્રની મદદ લેવી પડે છે. તારી આંખ જોતી નથી એટલે જોવા માટે તારે કાચ ચઢાવવા પડે છે. દાંત પડી ગયા છે એટલે તારે ચાવવા માટે ચોકઠાં ચઢાવીને ચાવવું પડે છે. તું ઊભો થઈ શકતો નથી એટલે તારે ટેકો લેવો પડે છે. તો ચાલ તારું શરીર જીર્ણ થયું છે, તે એને બદલી નાખીએ. કાળની આ વાત, માણસ સમજતો નથી અને રોવા બેસે છે. ખરી રીતે તો મૃત્યુ એટલે એક નીરસ સ્થાનને છોડી, સરસ સ્થાનમાં જવાનું. એક એવું ઘરડું માણસ હોય કે જેની સામે કોઈ ન જુએ, પણ મરીને એ બાળક થઈ અવતરે એટલે સૌ એને રમાડવા દોડે, ઉપાડી ઉપાડીને બચીઓ કરે. આમાં શું આત્મા બદલાયો છે? ના, માત્ર શરીર બદલાયું છે. એટલે તો આપણા જ્ઞાનીઓ માણસ મરતાં એ 'પાછો' થયો એમ કહે છે. મર્યો નહિ પણ 'પાછો' થયો. એટલે કે, પાછો થઈ ગયો, પાછો જન્મી ગયો. આ વાત જો સમજાઈ જાય તો પછી મરણની ભીતિ રહે? આજે મરણથી લોકો આટલા ફફડે છે તે પછી ફફડે? આ વિચાર અને નિર્ભયતા, દશ લાખ રૂપિયા ખર્ચો તો ય નહિ મળે. મળે માત્ર દિવ્ય નયનથી. આ વાત અંદરથી આવવી જોઈએ–

કળી ખીલીને કમળ બને તેમ તમારા અંતરમાં જ આ વિચાર પૂર્ણ રીતે ખીલવો જોઈએ. પછી તમને તમારું જીવન કોઈ જુદું જ, રસભરપૂર બની ગયેલું જણાશે.

આ વિચારને સ્થાયી અને દૃઢ બનાવવા માટે માણસે સમયે સમયે વિચારતા રહેવું જોઇએ કે, હું કોણ છું? મારું અહીં શું સ્થાન છે? અને હું કયાં જવાનો છું? આ વિચારોની સતતધારાથી આપણે આ બદ્ધ વર્તુલથી પર જઈ શકીશું—રૂપ અને રંગમાં, નામ અને આકારમાં અટવાઈ ન જતાં, તેની પેલી પાર જઈ શકીશું. માણસ જેમ બગીચામાં જઇ હવાફેર કરી આવે તેમ, આપણે પણ ચૈતન્યના સામ્રાજ્યમાં વિહરી, આપણાં મન અને મગજને હવાફેર કરાવી શકીશું.

માણસ એ માત્ર આ શરીર જ નહિ, પણ બીજું પણ 'કંઈક' છે. જે આ 'કંઈક' છે તે આ તનમાં છુપાયેલું છે. તે બહાર કયારે આવે? એના પરનું ઢાંકણુ ખસે તો ને? શીશીમાં અત્તર ભર્યું હોય પણ ઉપર સખત બૂચ હોય તો અંદરની સુવાસ બહાર કેમ પ્રસરે? એ ઢાંકણુ ઊઘડતાં જ જેમ હવામાં સૌરભની માદકતા છવાઈ જાય છે, તેમ ચેતન પણ આ આકારોની દુનિયામાંથી બહાર નીકળી નિરાકારમાં વિહરે, તો એને ય ઘડીભર અપૂર્વની અનુભૂતિ થાય.

માણસને આ અપૂર્વની અનુભૂતિ ન થાય અને માત્ર યંત્રવાદના વાતાવરણમાં જ એ જીવ્યા કરે તો જતે દિવસે એવું પણ બને કે માણસ યંત્રનો ઉપયોગ કરે છે તેને બદલે યંત્ર, માણસનો ઉપયોગ કરતું થઇ જાય.

બુનિયાદી વિચારધારા પણ હવે આ જ કહે છે ને કે સાધનને તમે આધીન ન બનો પણ સાધનને તમારે આધીન

રાખો. એટલે કે, સાધનથી કામ લો, પણ સાધનની ગેર-હાજરીમાં તમે પરવશ કે નિર્માલ્ય ન બનો.

સાધન, માણસ માટે હોય. માણસ, સાધન માટે ન હોય. વસ્તુઓ માણસની આસપાસ ચક્કર લગાવે તેને બદલે માણસ વસ્તુઓની આસપાસ ચક્કર લગાવે તો વસ્તુનું મૂલ્ય વધી જાય અને માણસની કિંમત કંઈ જ ન રહે.

આ રીતે સાધન અને સાધકનો વિવેક જીવનમાં આવતાં, સાધન માટે આજે ઘરઘરમાં જે ઝઘડા થાય છે, જે મનદુઃખ થાય છે તે નહિ થાય. કારણ કે સાધકનો વિવેક, સાધન માટે બાઝતાં એને અટકાવશે.

આ વિવેકભાવ ઘરમાં જાગશે તો ઘરમાં કલહને બદલે શાન્તિ પ્રસરશે, દેશમાં આ ભાવ પ્રસરશે તો દેશમાં આન્તરદ્વેષ અને ઝઘડાને બદલે પ્રેમ અને શાન્તિ ફેલાશે, વિશ્વમાં આ વિચારધારા વહેતી થશે તો આ વિશ્વયુદ્ધ અને અણુબૉમ્બને બદલે, વિશ્વમૈત્રી એને વિશ્વશાન્તિ આવીને વસશે.

તમને કદાચ થશે કે આ મેદાનમાં બેઠેલા દશબાર હજાર માણસોના શ્રવણથી કાંઈ થોડી જ વિશ્વશાન્તિ આવી જવાની છે? અને જગતના પ્રવાહો પલટાવાના છે?

પણ મારો નમ્ર અભિપ્રાય એ છે કે અહીં બેઠેલાં ભાઈબહેનો આ વિચારને પૂરા ચિન્તનથી સમજી જીવનમાં ઉતારશે તો એની અસર આખા ઘર પર થશે તમારા ઘરનું વાતાવરણ આથી સારું થશે તો આવતી કાલે એનું અનુકરણ તમારા પડોશી કરશે. પડોશીની અસર આખા સમાજ પર થશે. પછી સમાજની અસર દેશ પર અને

દેશની અસર આખા વિશ્વ પર થશે. અલબત્ત, આમ સારા વિચારોને પ્રસરતા સમય જરૂર લાગે છે, પણ એ વિચારનો પ્રારંભ કરનારમાં શ્રદ્ધા હોય તો એ પ્રસર્યા વિના રહેતો જ નથી. આજે જગત પર જે સારા વિચારો છે તેની શરૂઆત પણ એકાદ વ્યક્તિથી જ થઈ હશે ને? પછી એ વ્યક્તિના વિચારો સમષ્ટિમાં સંક્રાન્ત થયા અને તે આજે જગતની મૂડી બનીને રહ્યા. તેમ આપણે પણ, આ વિચારને અમલમાં મૂકવાનો અને આત્મસાત કરવાનો પૂર્ણ શ્રદ્ધાથી પ્રયત્ન કરીશું તો એનું શુભ પરિણામ પણ જરૂર આવશે જ.

આ પ્રવચનમાં વ્યક્તય થયેલા વિચારો, જીવનમાં ઊતર્યા પછી માણસ સાધનનો અનુચર નહિ હોય પણ સ્વામી હશે. ત્યારે માણસ દેહને જ સર્વસ્વ નહિ માનતો હોય પણ આત્મસત્તાનો અનુભવ કરતો હશે. એ મરણથી ડરતો ફરતો નહિ હોય પણ મૃત્યુને એકમાત્ર દીર્ઘ પ્રવાસ માનતો હશે અને એ પ્રવાસમાં કામ લાગે તેવા ભવના ભાતાને સાથે લેવાની તૈયારી આ જન્મમાં કરતો હશે. આવા માનવીનું સ્થાન કોઈ પણ યુગમાં અપૂર્વ જ હશે. એવું સ્થાન માનવીને મળો એ શુભેચ્છા.

# વેશને વફાદાર રહે તે જ સાચો સાધુ

આત્માને જગાડનાર ગુરુ કેવા હોવા જોઈએ? જે ગુરુને સમગ્ર જીવન સમર્પણ કરવાનું છે—આત્મસમર્પણ કરવાનું છે, તે ગુરુ કેવા હોવા જોઈએ?

નૌકાને સામે પાર લઈ જવામાં જેમ નાવિક મુખ્ય કારણ છે, તેમ સંસારસાગર પાર કરવામાં ગુરુ મુખ્ય આધાર છે.

ગુરુઓ જગતમાં બે પ્રકારના હોય છે:

**गुरवो बहवः सन्ति शिष्यद्रव्यापहारकाः ।**
**गुरवो विरलाः सन्ति शिष्यचित्तोपकारकाः ॥**

કેટલાક ગુરુઓ એવા હોય છે કે જે પોતાના માટે, પોતાના નામ માટે, પોતાની જરૂરિયાતો માટે શિષ્યો પાસે, ભક્તવર્ગ પાસે ધન ખર્ચાવતા હોય છે. આવા ગુરુઓ તો જગતમાં ઘણા મળશે, પણ શિષ્યના ચિત્તને, શિષ્યના અંતરાત્માને ઉપકાર કરનારા, શિષ્યવર્ગના આત્મહિતને લક્ષમાં રાખી વર્તનારા ગુરુઓ ઘણા ઓછા મળશે.

આમ ગુરુ ગુરુ વચ્ચે જબરું અંતર છે. એક, શિષ્યના વિત્તને હરણ કરે છે, બીજો, શિષ્યના ચિત્તને ઉપકાર કરે

છે. શિષ્યના ચિત્તને ઉપકાર કોણ કરે? જેને પરિગ્રહનું બંધન ન હોય, પરિગ્રહનો માથે ભાર ન હોય તે. નાવ તરે ક્યારે? જ્યારે તેમાં વધારે પડતો ભાર ન હોય ત્યારે.

ઍરોપ્લેનમાં પણ વધારે પડતો ભાર હોય તો જિંદગી સલામત રહેતી નથી. આથી તોલ વગેરે બધું જોવું પડે છે. વધારે પડતો ભાર હોય તો ન લે, કારણ કે અદ્ધર આકાશમાં જવાનું છે તે ઍરોપ્લેન ચલાવનાર સારી રીતે જાણે છે.

ઍરોપ્લેન ચલાવવું હજુ સહેલું છે, પણ સંસાર-સાગરને પેલે પાર લઈ જવા માટેની નાવ ચલાવવી અઘરી છે. એમાં તો ઓછામાં ઓછો ભાર જોઈએ. નાવ ચલાવનાર કપ્તાન પણ કુશળ હોવો જોઈએ. કપ્તાન અસાવધાન હોય અને ભાર વધુ પડતો હોય તો નૌકા સલામત રહેતી નથી, માટે ગુરુ એવા હોવા જોઈએ, જે શિષ્યોના ચિત્તના ભલાની કામના કરતા હોય. એવા ગુરુથી શિષ્ય કદી પણ અધર્મ ન પામે. શિષ્ય લેવા માટે વારંવાર આગ્રહ કરે પણ ગુરુ ના કહે. લાખો રૂપિયા ગુરુના ચરણે ધરી દે પણ ગુરુને તેની પડી ન હોય.

પણ આજની પરિસ્થિતિ કંઈક જુદી છે.

એક શહેરમાં એક બહુરૂપી આવેલ. એક દિવસ તેણે સાધુનો વેશ લીધો, ને એક કરોડપતિને ત્યાં ગયો. શેઠે બેસવા વિનતિ કરી. એ ચટાઈ ઉપર બેઠો. સંસારની અસારતાનો અને દેહની ક્ષણભંગુરતાનો એણે સચોટ ઉપદેશ આપ્યો અને પછી કહ્યું કે તમે વૃદ્ધ થયા છો. ખાનાર કોઈ નથી. મળેલી લક્ષ્મીનો સદુપયોગ કરો. ઉપદેશ સાંભળી ત્યાં હતા તે બધાનાં દિલ પીગળી ગયાં અને કહેવા લાગ્યા

કે, આપે ઉપદેશ આપી અમારા પર મહાન ઉપકાર કર્યો. શેઠાણીએ અંદર જઈ, કબાટ ખોલી, સોનામહોરથી ભરેલો થાળ સાધુ સામે ધર્યો, અને કહ્યું: 'આપે અમારા ઉપર મહાન ઉપકાર કરી અમને લક્ષ્મીની ચંચળતા સમજાવી. આપ આ ગ્રહણ કરી અમને આશીર્વાદ આપો.' પણ આ સાધુવેશધારી બહુરૂપી તેને ઠોકરે મારી ચાલતો થયો. શેઠને સાધુ પ્રત્યે માન ઉત્પન્ન થયું. આ રીતે ગામમાં એક મહિનો રહીને જુદા જુદા વેશ એણે ભજવ્યા, અને મહિના બાદ શેઠ પાસે આવીને શીખ માગી.

શેઠે કહ્યું: તમારું મોઢું અને અમારે ત્યાં આવેલ સાધુનું મોઢું સરખું લાગે છે.

બહુરૂપીએ કહ્યું: આપની વાત સાચી છે. તે સાધુ તે હું જ હતો.

શેઠે કહ્યું: તે વખતે સોનામહોરથી ભરેલો થાળ લીધો હોત તો આ ભીખ ન માગવી પડત.

બહુરૂપીએ કહ્યું: હું બહુરૂપી છું. મેં તે વખતે સાધુનો વેશ લીધો હતો. જે વેશ લીધો તેનું ગૌરવ સાચવવું એ વિવેકીનું કર્તવ્ય છે.

બહુરૂપી પણ સમજે છે કે, સાધુ એટલે તદ્દન નિસ્પૃહી. તે પોતાના વેશને વફાદાર રહે છે. ઉપર આપેલ શ્લોકમાં પણ ગુરુ કેવા હોવા જોઈએ તે સમજાવ્યું છે.

ગુરુપદનું વર્ણન કરતાં કહ્યું છે કે:

તૃણપરે ષટખંડ છંડીને, ચક્રવર્તી પણ વરિયો;
એ ચારિત્ર અક્ષય સુખ કારણ, એ મેં ચિત્તમાં ધરિયો.

ત્યાગી એવા ભાવથી રંગાયેલ હોય તો જ તમારા પર અમારા ત્યાગની અસર પડે, પણ અમને જો તમારા વૈભવનો, તમારી સંપત્તિનો રાગ હોય, તો તમને ત્યાગમાર્ગ કેવી રીતે સમજાવી શકાય? ત્યાગ ઉપર રાગ કરાવવા માટે સાધુના જીવનમાં પૂર્ણ ત્યાગ હોવો જોઇએ.

સાધુ એટલે જગતનો તારણહાર. તમે એમ માનો કે અમારા પરિગ્રહને—અમારા વધી ગયેલા પરિગ્રહના વાળને ઉતારનાર તે સાધુ? વાળ વધી જાય તો કઢાવો છો, નખ વધી જાય તો પણ કઢાવો છો, ન કઢાવો તો તેમાં મેલ ભરાય, મેલમાં જંતુઓ પણ હોય તે જમતી વખતે પેટમાં જાય અને માંદા પડાય. આથી નખ ઉતરાવવા જ જોઇએ. તેવી રીતે પરિગ્રહ ભેગો થાય અને તેને ન ઉતારો તો એક દિવસ આખા ને આખા ચાલ્યા જવાનો પ્રસંગ આવે.

સાધુના ઉપાસક એવા ગૃહસ્થ પાસે અહિંસાને આકાર આપવા ઓછામાં ઓછા આ બે નિયમ તો હોવા જોઇએ: (૧) સ્વદારાસંતોષ અને (૨) પરિગ્રહ પરિમાણ. જગતની જેટલી સ્ત્રીઓ છે. તેને માતા તથા બહેનની દૃષ્ટિથી જુઓ. જેનામાં આ દૃષ્ટિ નથી તેનું જગતમાં કોઈ સ્થાન નથી. તેવી જ રીતે પરિગ્રહનું પરિમાણ ન કરો તો જેવી રીતે રબ્બરના ફુગામાં બહુ પવન ભરવામાં આવે અને મોટો થતા થતા છેવટ ફૂટી જાય, તેવી જ દશા પરિગ્રહ પરિમાણ ન કરનારની થાય છે.

ઉત્તરાધ્યયન સૂત્રમાં કહ્યું છે કે—

जहा लाहो तहा लोहो लाहा लोहो पवड्ढइ !

જેમ જેમ લાભ થતો જાય, તેમ તેમ લોભ વધે છે. લાભથી લોભની અભિવૃદ્ધિ થાય છે. કપિલ બે માસા સોનું

લેવા રાજા પાસે ગયો, રાજાએ તેને ઇચ્છા મુજબ માગવા કહ્યું. કપિલ વિચાર કરવા લાગ્યો. આખું ય રાજ્ય માગતાં પણ એને તૃપ્તિ ન થતી દેખાઈ. આખરે તૃષ્ણાનો અંત નથી એમ સમજી વૈરાગ્ય પામ્યો. પરિગ્રહ એ નવગ્રહો કરતાં જુદી કોટિનો દશમો ગ્રહ છે. એ સૌને દુઃખ આપે. શનીશ્વરની પનોતીમાંથી તો સાડાસાત વરસે પણ છુટાય, પણ આ પરિગ્રહની પનોતીમાંથી તો આખી જિંદગીને અંતે પણ ન છુટાય.

અહીં આવનાર દરેકે પરિગ્રહ પરિમાણ કરવું જોઈએ. એ કરવાનો નિર્ણય કરે તો જીવન હળવું બની જાય. પરિગ્રહ વધે તો આત્મામાં કચરો વધે છે. મહાપુરુષોએ જીવન શાંતિથી પસાર કરવા માટે આ બધા માર્ગો બતાવ્યા છે.

પરિગ્રહની મૂર્ચ્છા કેટલું નુકસાન કરે છે તે માટે એક તાજો જ દાખલો આપું.

કાળાં બજારની કમાણી કરીને એક શેઠે રૂપિયા ભેગા કર્યા. બાપ દીકરાથી છાના ભેગા કરે અને દીકરો બાપથી છાના ભેગા કરે, આવી રીતે બન્ને ય જુદી જુદી રમત આદરી. પૈસો મન જુદા પાડે છે જ.

પરિગ્રહની મૂર્ચ્છા ન ઊતરી હોય તો આ સાધુઓની ત્યાગ અવસ્થામાં પણ મન બગડે. જ્ઞાનીઓ એક પ્રશ્ન પૂછે છે: નરકનાં બંધનો બંધાવનાર કોણ? તો કે' મન.

પ્રસન્નચંદ્ર રાજર્ષિ તપસ્વી છે, ત્યાગી છે, પણ બે રાજસેવકોની વાત સાંભળી મન બગડ્યું. મનથી યુદ્ધે ચડ્યા અને સાતમી નરકના દળિયા બાંધ્યાં. પણ એ તો જ્ઞાની હતા, જરીવારમાં સમજી ગયા. મનને ઠેકાણે લાવ્યા,

અને ફૂંક મારતાં લોટ ઊડી જાય, તેમ કર્મના દળિયાને ઉડાડી મૂકીને જ્ઞાનની પ્રાપ્તિ કરી.

આ બાજુ દીકરાએ કાળાં બજારનું ધન સાચવવા નાની તિજોરી રાખી, બાપે મોટી તિજોરી રાખી. દીકરો ન હોય ત્યારે પેલી નોટો કાઢી બાપ એકલો ગણે અને મનમાં મલકાય.

દ્રવ્ય એવી વસ્તુ છે કે જે સાથે આવવાનું નથી, આવ્યા ત્યારે લાવ્યા નથી, છતાં વચગાળામાં માણસને નચાવી મારે છે. અનાદિકાળની મૂર્ચ્છા આત્માને રખડાવી મારે છે, તે મૂર્ચ્છાને તોડવા માટે વસ્તુતત્ત્વ સાંભળી, વિચારી હૃદયમાં ઉતારવાનું છે.

દીકરાથી બાપે પાંચ લાખ રૂપિયા ખાનગીમાં ભેગા કરેલ. તિજોરી મોટી હતી. તેમાં બેસી એ ગણતો હતો. તેટલામાં દીકરાને આવતો જોયો. એટલે બાપ તિજોરીમાં પેસી ગયો, અંદર સંતાઈ ગયો. તિજોરીનું બારણું બંધ થઈ ગયું. તિજોરીને ખોલવાનો હાથો બહાર હોય છે. દીકરો ઓરડામાં આવી, બાપ નથી એમ માનીને ચાલ્યો જાય છે. બાપ અંદર મૂંઝાય છે, હવા આવતી નથી, ઘણી લાતો મારે છે પણ તિજોરી ઊઘડતી નથી. અંદર નોટો ઘણી પડી છે, પણ આવી દશા થાય ત્યારે નોટો શું કામ આવે ? અંદર બેઠો બેઠો રિબાય છે, તેની ખબર કાઢનારું ત્યાં કોઈ નથી.

મહાપુરુષો કહે છે : 'ધન કોઈક વાર તનને મારે.' બાપ તિજોરીમાં બેઠો છે, બહાર નીકળવું છે, પણ બારણું બંધ થઈ ગયું છે. હવા મળતી નથી એટલે ટળવળી–

ટળવળીને મરી જાય છે. ત્રણ દિવસ સુધી પુત્ર અને સ્વજનોએ તપાસ કરી પણ પત્તો ન લાગ્યો. પછી તિજોરીમાં કેટલું ધન છે તે જોવા માટે ખોલી તો અંદરથી કોહવાઈ ગયેલો બાપ નીકળ્યો !

લક્ષ્મી કેવી દશા કરે છે તે જુઓ! ઘણા તો લક્ષ્મી માટે જન્મ્યા અને લક્ષ્મી માટે મરવાના! રૂપિયા ખાતર જન્મે અને રૂપિયા ખાતર મરે એવા તો ઘણા ય મળવાના. પણ આત્મા ખાતર જન્મે અને આત્મા ખાતર મરે તેવા તો વિરલ જ હોય છે.

ગુરુ એવા જોઈએ જે શિષ્યના હિતનો ઉપદેશ આપે. પરિગ્રહ આદિના સંગથી છોડાવે. પણ ગુરુઓ જ જો વ્રતોને પોતાના જીવનમાં આચરતાં ન હોય, અને પોતે પરિગ્રહમાં ડૂબેલા હોય તો તેમના ઉપદેશની ધારી અસર થતી થતી.

રત્નાકરપચીશીના કર્તા રત્નાકરસૂરિજી મહારાજ સુંદર ઉપદેશક હતા. તેમણે એક ચંદરવો રાખેલો, ચંદરવામાં મોતી મઢેલાં. શ્રાવકોને વ્યાખ્યાનમાં પરિગ્રહના અનર્થો સમજાવે અને પૂછે કે : 'સમજ્યા?' તે વખતે એક રૂ નામનો શ્રાવક હતો, તે હોશિયાર અને ગંભીર હતો. તે કહે, 'સાહેબ નથી સમજ્યા!' આ વાક્ય દ્વિઅર્થી છે. જેમ સામાન ઉપાડનાર કહે: 'શેઠ મજૂર! શેઠ મજૂર!' રત્નાકરસૂરિજી મહારાજ જુદી જુદી રીતે પરિગ્રહ અંગેનું વર્ણન કરે છે. પણ પેલા કહે છે કે 'સાહેબ હજી નથી સમજ્યા.' રત્નાકરસૂરિ મહારાજ વિચાર કરે છે. વિચાર કરતાં તેમને સમજાય છે કે, જ્યાં સુધી મને આ મોતીની મમતા છે ત્યાં સુધી ગમે તેટલો ઉપદેશ આપું તેની અસર

થવાની જ નહિ. એટલે તેમણે મોતીને વાટીને ફેંકી દીધાં. બીજે દિવસે હૃદયની વિશુદ્ધિથી સુંદર ઉપદેશ આપ્યો ત્યારે શ્રાવક કહે કે, 'સાહેબ હવે સમજ્યા.'

અમારા મનમાંથી પરિગ્રહ નીકળ્યો, સંસારની વસ્તુને વામી નાખી, હવે મનમાં અને તનમાં પરિગ્રહની મમતા શી! આવતી કાલનો વિચાર અમારે શા માટે કરવાનો હોય? અઢાર પાપસ્થાનક ખમાવી 'એગોહં નત્થિ મે કોઈ, નાહમન્નસ્સ કસ્સઈ'નું ચિંતન કરનારા તેઓ હમેશ એમ વિચારે કે, જગતના આ બધા પૌદ્ગલિક સંબંધો પરના છે, આત્માના નથી. તે માટે જ કહ્યું છે: કુક્ષીસંબલ મુનિવર ભાખ્યા!

સિકંદર હિંદ ઉપર વિજય મેળવી પાછા ફરતાં પોતાના માણસોને સાચા સાધુની શોધ માટે મોકલે છે. સિકંદરના માણસો એક સાધુ પાસે આવે છે અને કહે છે કે, આપને સિકંદર બોલાવે છે.

સાધુ કહે છે: સિકંદર કોણ?

સિપાહી: અમારો બાદશાહ.

સાધુ: જો તેણે ઇંદ્રિયોને જીતી હોય તો એ સાચો રાજા, નહિતર એ ગુલામ.

સિકંદર પોતે સાધુ પાસે આવે છે અને વિચારે છે: મારી પાસે આવવા માટે લોકો તરફડે છે, જ્યારે આ સાધુ આવવા ના પાડે છે.

સિકંદર સાધુને કહે છે: 'આપ અમારે ત્યાં આવો. ઘણો ઉપકાર થશે.' સાધુ કહે છે: 'ઉપકાર તો જ્યાં હશું ત્યાં થશે. આંબો જ્યાં હશે ત્યાં ઉપકાર કરશે, ફૂલ જ્યાં હશે ત્યાં સુવાસ ફેલાવશે.' સાધુનું આવું કહેવું

સાંભળી સિકંદર તલવાર કાઢે છે. સાધુ તે જોઈ હસી પડે છે અને કહે છે: 'આત્મા અમર છે. જેની ચામડી ઉતારી નાખવામાં આવી છતાં જરાય સ્ખલિત ન થયા તેવા ગુરુના અમે વારસદાર છીએ.' આ ધૈર્ય અને તેજ જોઈ સિકંદર નમી પડે છે.

એટલે ગુરુ કોણ? હિતોપદેશક. તમારું ભલું કેમ થાય, તમારા દુર્ગુણો કેમ નીકળી જાય, તમારો આત્મા પવિત્રકેમ બને તેનું અહર્નિશ ચિંતન તેનાં મનમા હોય. પારસમણિને લોખંડ અડે અને તે સોનું ન થાય તો કાં એ સાચો પારસમણિ નથી, કાં એ સાચું લોખંડ નથી; અગર તો સાચો સ્પર્શ થયો નથી. તેમ ગુરુ પાસે જઇએ અને પાપ માટે પશ્ચાત્તાપ ન થાય, આત્મનિરીક્ષણ ન થાય તો સમજવું કે આપણે ખરી રીતે ગુરુ પાસે ગયા નથી, ગયા છતાં તેમનો બરાબર સ્પર્શ આત્માએ કર્યો નથી, તેમને બરાબર સમજ્યા નથી.

શિષ્ય એવા હોય કે ગુરુના એકેએક વાકય લઇને ઘૂંટયા કરે. પણ આજે ઉપદેશ સોંઘો થઈ ગયો છે. શ્રોતા એવા હોવા જોઇએ, જાણે કોરી ભૂમિ. વરસાદ પડે....અને જમીન એક બિંદુને પણ બહાર જવા ન દે, બિંદુએ બિંદુને બરાબર ચૂસી લે, તેવી જ રીતે આપણે પણ બ્લોટિંગપેપર થઇને આવીએ અને ઉપદેશને બરાબર ચૂસીને હૃદયમાં ઉતારી લઇએ તો ઘણા દુર્ગુણો ઓછા થઇ જાય અને આત્મા પવિત્ર બને. ગૌતમસ્વામી અને આનંદ જેવા શ્રાવકો પ્રભુના એકેએક વાકયને લઇને હૃદયમાં ઘૂંટતા.

સાચો શિષ્ય કોણ, કે જે ગુરુનો ભક્ત હોય. ગુરુ શિષ્યના કલ્યાણની આશા રાખે. શિષ્ય ગુરુ પાસે કલ્યાણની આશાથી આવે. ગુરુ પાસે સંસારના સુખો મેળવવા માટે આવવાનું

નથી. સટ્ટાના ભાવો આપનારા કે પૈસા માટે હાથ જોઈ આપવાનું કહેનારા ગુરુઓનું મોઢું જોવામાં પણ પાપ છે. ગુરુ પાસે તો આત્મશાંતિ માટે જ આવવાનું છે.

શિષ્યે પૂછ્યું: મોટામાં મોટો રોગ કયો?

તેના ઉત્તરમાં ગુરુએ કહ્યું: 'આ ભવ.'

સંસાર એ જ મોટો રોગ છે. સંસારમાં રખડવું એ જ મોટો રોગ છે. ટી. બી. નો રોગ થયો હોય અને તરત જ ડૉકટર પાસે જાય. એ ડૉકટરના વચન ઉપર કેટલો વિશ્વાસ? એટલો વિશ્વાસ ગુરુ ઉપર ખરો? ડૉકટર કહે તે પ્રમાણે ટ્રિટમેન્ટ કરો, અને અમે કહીએ તો? કદાચ એમ પણ માનો કે એવા રોગ તો થોડાક જોઇએ! આ બધી સંસારના પદાર્થોની આસક્તિ એ રોગ છે તેમ તમે જાણો છો, પણ તે દૂર કરવા માટે પ્રયત્ન કરતા નથી.

મુંબઈ શહેરમાં એક ટોળામાંથી કોઇની રૂપિયા ૧૦૦ ની નોટ પડી ગઈ તે એક ગુરખાના જોવામાં આવી. એણે એકદમ ઉપાડી ખીસામાં મૂકી દીધી અને ટ્રેનમાં બેઠો. પણ રસ્તામાં જોયું તો ખીસું કપાઇ ગયેલું. તેનું મોઢું એકદમ ફિક્કું પડી ગયું. મુસાફરોએ પૂછ્યું: 'શું થયું?' ગુરખાએ કહ્યું: '૧૦૦ રૂપિયાની નોટ ગઇ.' મુસાફરોએ કહ્યું: 'આવી રીતે બહારના ખિસ્સામાં રખાય?' ગુરખો કહે: 'મને રસ્તામાંથી મળેલી. ઉતાવળમાં બહારના ખીસામાં મૂકી દીધેલી.'

એ વખતે પેસેંજરોમાંના એક ચિંતકે કહ્યું: 'તમે એમ માની લો કે તમને રૂપિયા ૧૦૦ મળ્યા જ નથી. તે રૂપિયા તમારા હતા જ નહિ. અમને મળ્યા નથી તેથી

અમને શોક નથી, તમને મળ્યા એટલે થયું કે મારા ગયા. પણ વાસ્તવિક રીતે રૂપિયા તમારા હતા જ નહિ.' પેલાને પણ તે વાત ગળે ઊતરી ગઇ.

અહીં તમારે પણ એ વિચાર કરવાનો છે કે તમારું શું છે? આવ્યા ત્યારે કાંઇ હતું નહિ, અને જાવ ત્યારે પણ કાંઇ સાથે આવનાર નથી. પેલી ૧૦૦ રૂપિયાની બાબત કરતાં પણ આપણી દશા બૂરી છે. આ પ્રમાણે માણસ વિચાર કરે તો કોઈ પણ સંયોગોમાં અફસોસ ન થાય. પેલાએ રૂપિયા ૧૦૦ની નોટ પોતાની માની અને ગઈ એટલે અફસોસ થયો. આ બધું પોતાનું માન્યાનું જ દુઃખ છે. પોતાનું ન માનો તો છોડવાનું જરાય દુઃખ નહિ થાય. આ સમજવા માટે મહાપુરુષો કહે છે કે ભવરોગ એવો છે કે જેથી ચારે બાજુથી ભેગું ભેગું અને ભેગું કરવાનું જ મન થાય. માટે મોટામાં મોટો રોગ ભવસંસાર જ છે. સાધક પૂછે છેઃ આ રોગની દવા શી? **किमौषधं तस्य?**

ભવરૂપી રોગનું ઔષધ શું, કે જેના વડે એ રોગથી છૂટી શકાય? તેનો ઉત્તર આપતાં કહે છે કે વિચાર એ જ સૌથી મોટામાં મોટું ઔષધ છે. વિચારો. તમે વ્યાખ્યાન સાંભળો ત્યારે આ બધી વસ્તુઓનો વિચાર આવે પણ ઘરે ગયા પછી શું? તમે તો પૌદ્ગલિક સુખોની પ્રાપ્તિનો વિચાર કરો છો, પણ વિચારવા યોગ્ય તો આત્મિક વિચારણા છે. હંમેશાં સવારે ઊઠતાં વિચાર કરવો જોઈએ કે હું કોણ? કયાંથી આવ્યો? કયાં જવાનો? મારું સ્વરૂપ શું?

આ વસ્તુઓનો હંમેશા વિચાર કરવાનો છેઃ પેલા તીર્થનું નામ શું? સિદ્ધાચલ. આ નામ ગમે તેવું છે. એ

નામ ગર્ભિત રીતે જણાવે છે કે સિદ્ધા ચલ; એટલે કે સીધે રસ્તે ચાલો. આડાઅવળા ગયા તો મરી જવાના. અહીં આવનારા દરેક સીધા ચાલે, વિચાર કરીને આગળ વધે. હું કોણ? મારું સ્વરૂપ શું? અત્યારે કેવી દશામાં છું? હું પૂર્ણસ્વરૂપી છું, આનંદઘન છું. સ્વભાવદશામાં રહેનારા માટે આ પૌદ્‌ગલિક પદાર્થો સાથે કાંઈ લાગેવળગે નહિ. લૂગડાને ઘીમાં જબોળી એને દીવાસળી ચાંપવામાં આવે તો ઘી અને લૂગડું બધું બળી જવાનું અને જ્યોત જ્યોતમાં મળવાની. ભોગ અને શરીર બન્ને એમ જ બળી જવાનાં. એક ચૈતન્ય જ ત્રણે કાળમાં અખંડ રહેવાનું. દરેક ભવમાં ભોગની વસ્તુઓ તો મળવાની છે, પણ ચૈતન્યસ્વરૂપી એવો હું આ દેહમાં ઘડીએ ઘડીએ કેમ રમી રહ્યો છું? આ વિચાર આવ્યા પછી વિચાર આવશે કે હું કયાં જવાનો છું? જેવી કરણી કરી હશે તે પ્રમાણે જવાનું છે. જીવનનું સરવૈયું કાઢો તો ખબર પડે કે તમે કેવાં કેવાં પાપો કર્યાં છે, કેવાં કેવાં સારાં કામો કર્યાં છે. જમા-ઉધારનો સરવાળો કરી પછી જુઓ કે કયું પલ્લું નમતું છે? એ પ્રમાણે ગતિનો પણ વિચાર કરો.

## હું કોણ? કયાંથી આવ્યો? કયાં જવાનો?

આ ત્રણ વિચાર સવારે ઊઠીને પાંચ મિનિટ પણ કરો. આપણે આપણો 'વિચાર' કરવાનો છે. ધરતીકંપ થાય અને જીવન નાશ પામે એવા જીવન માટે કાંઈ તૈયારી ન હોય તો આપણા જેવું ગમાર કોણ? એથી રોજ 'વિચાર' કરવો કે હું કોણ? હું તો શરીરથી અને ઈન્દ્રિયથી પર એવો આત્મા. હું કોણ એ વિચાર કરો તો તલવાર અને મ્યાન જેમ જુદાં છે તેવું ભેદજ્ઞાન શરીર અને આત્મા માટે થશે. હું આત્મા છું એવું જ્ઞાન જેને થઈ ગયું તે સમજશે કે જેમ

તલવાર મ્યાનમાં રહે છે તેમ આત્મા શરીરમાં રહે છે. અને છતાં શરીરથી તે જુદો છે.

અજ્ઞાની ભોગો માટે વલખાં મારે, તલસે. તે જ ભોગો જ્ઞાની સાધુ પાસે આવે તો તે તેની સામું પણ ન જુએ. સ્થૂલભદ્ર સામે કોણ હતું ? છતાં તેના મનનો દોરો હાલ્યો નહિ. તમે ઓરડામાં જમવા બેઠા હો, દૂધપાક આવે, તેમાં કસ્તૂરી કેસર બધું નાખેલું હોય પણ ખબર પડે કે દૂધપાકમાં કોઇ ઝેરી વસ્તુ પડેલી છે તો તેવા દૂધપાકને તમે અડકશો ? નહિ જ અડકો. ભોગો માટે પણ તેવું જ છે. જ્યારે ખબર પડે કે આ ભોગો મને મારી નાખનાર છે, સંસારમાં રખડાવનાર છે ત્યારે એ ભોગોની લાલસા દૂર થશે. પણ એ માટે દૃષ્ટિ કેળવવી જોઇએ.

રથનેમિ ગુફામાં ધ્યાનમાં બેઠા છે. રાજીમતીને ત્યાં આવેલ જોઇને ધ્યાનથી ભ્રષ્ટ થાય છે. રાજીમતી પાસે ભોગની પ્રાર્થના કરે છે. રથનેમિને રાજીમતી સમજાવે છે :

> અશુચિ કાયા, મળમૂત્રની ક્યારી,
> એવડી તમને કેમ લાગી પ્યારી ?

એ રીતે રાજીમતીએ રથનેમિને ભેદજ્ઞાન સમજાવ્યું. દૃષ્ટિ ફરી ગઇ. ઉપદેશનો અંકુશ લાગ્યો. રથનેમિ બદલાઈ ગયા અને આત્મસિદ્ધિ સાધી ગયા.

આપણને પણ ભેદજ્ઞાન થાય તે માટે સંસાર–રોગનું ઔષધ બતાવતાં તે કહે છે કે 'વિચાર.' એવા વિચારવાન બનો, કે આ જ જીવનમાં પોતાનું કલ્યાણ કરવાનું છે. વિચાર વિના ઘેટાની જેમ દોડાદોડ કરો તો કપાઈ મરવાની દશા પ્રાપ્ત થાય.

આજના વ્યાખ્યાનમાં ચાર પ્રશ્નો અને ચાર ઉત્તરો એક શ્લોકમાં સમજાવ્યા છે.

પ્ર૦ : ગુરુ કોણ?

ઉ૦ : હિતોપદેશ આપે તે.

પ્ર૦ : શિષ્ય કોણ?

ઉ૦ : ઉપદેશને જીવનમાં ઉતારે તે.

પ્ર૦ : રોગ કયા?

ઉ૦ : ભવચક્ર, સંસારચક્ર.

પ્ર૦ : રોગની મુક્તિનો ઉપાય શો.

ઉ૦ : વિચારોની સતત જાગૃતિ.

આ ચાર પ્રશ્નો અને તેના ઉત્તરોને જે સતત વિચારે તે આ ભવચક્રમાંથી પાર ઊતરી આત્માનું કલ્યાણ સાધી શકે છે. આપ સર્વે આ ચાર વસ્તુ સમજી આત્માનું કલ્યાણ સાધો.

# સિંહણના પુત્ર છો,
# સિંહ બનજો

**સં**સારમાં જીવન જીવવા માટે પણ શિક્ષા અને દીક્ષાની જરૂર હોય છે.

કલિકાલસર્વજ્ઞ ભગવાન હેમચન્દ્રાચાર્યજી મહારાજે રાજા કુમારપાળને જીવન જીવવા માટેની તેમ જ ન્યાયથી રાજ્ય ચલાવવા માટેની જીવનશિક્ષા આપી હતી.

એમણે શિક્ષાની દીક્ષા અને દીક્ષાની શિક્ષા આપતી વખતે એક સુભાષિત કહ્યું હતું. આ સુભાષિત આપણે માટે ખૂબ ઉપયોગી છે.

**एकेनापि सुपुत्रेण, सिंही स्वपिति निर्भयं**
**सहैव दशभिः पुत्रैः भारं वहति गर्दभीः**

સિંહણને એક જ સંતાન હોવા છતાં એ નિર્ભય હોય છે. કારણ કે એને ખાતરી હોય છે કે વનમાં પર્યટન કરતો એનો દીકરો વખત આવે રક્ષણ કરવાનો જ છે. આ વાતને લીધે એના જીવનમાં શાંતિ હોય છે.

જ્યારે બીજી બાજુ, દશ દશ બચ્ચાં આસપાસ ફરતાં હોવા છતાં પણ, બિચારી ગધેડીને શાંતિ નથી. એને રેતીના થેલા ઉપાડવા પડે છે અને ડફણાં ખાવાં પડે છે.

આમ, દશ દશ દીકરા હોવા છતાં ગધેડીને શાંતિ નથી, જ્યારે સિંહણને એક જ સંતાન હોવા છતાં શાંતિ છે, નિર્ભયતા છે.

એ જ વાત હું તમને કહું છું. કહો, તમે કેવા બનશો?

તમે એકલા હોવા છતાં પણ તમારે લીધે તમારી માતાને, તમારા પિતાને, તમારા બાંધવોને અને તમારા શિક્ષકોને શાંતિ અને સુખ હોય એમ કેમ બને? તમારા વિચાર, તમારી વાણી અને તમારું વર્તન જોઈને તમારા માબાપ, તમારા શિક્ષકો અને તમારા સ્વજનો મનમાં પ્રસન્ન થાય એવું કંઈક કરો તો જ. તમને જોઈને એમનું અંતર આનંદના ઉછાળા મારે, અને 'કેવા સરસ સદ્ગુણો છે, કેવું શ્રેષ્ઠ વાચન અને કેવી સત્ય મધુર વાણી છે, કેવું નિર્દોષ અને નિષ્કલંક વર્તન છે, કેવું એકાગ્ર અધ્યયન છે, અને કેવી સુંદર જીવન–વ્યવસ્થા છે!' આવી અહોભાવના એમના મનમાં જાગે તો જ તમારું જીવ્યું સાર્થક!

તમે ઓછું ભણ્યા હો તો ચાલશે, પણ જીવન જીવવાની કલાહીનતા હશે તો નહિ ચાલે. તમારી જીવનકલા જોઈને તો ગામના લોકો અને વડીલોની આંખ સ્નેહ અને સદ્ભાવથી છલકાઈ જાય કે, 'વાહ, આ છોકરાનું બોલવુંચાલવું હરવુંફરવું, રમવુંજમવું અને બેસવુંઊઠવું કેવું કલામય છે!'

તમે આવા બની શકો તો જ તમે સિંહબાલ કહેવાઓ.

અને, જો તમારા જીવનની અવ્યવસ્થા જોઈને તમારા વડીલોના દિલમાં ગમગીની પેદા થાય, તમારી કટુ વાણી સાંભળીને, તમારું અસદ્ વર્તન નિહાળીને, તમારો દુર્વ્યવહાર જોઈને પોતાના દીકરા તરીકે તમને ઓળખાવતાં તમારા માબાપ શરમાય, તમને પોતાના શિષ્ય તરીકે ઓળખાવતાં તમારા ગુરુજનો ય ગભરાય અને તમને પોતાના મિત્ર તરીકે ઓળખાવતાં તમારો સાચો મિત્ર અકળાય તો તમારું જીવ્યું નિરર્થક! તો, તમારામાં અને પેલી ગર્દભીના બચ્ચામાં કાંઈ ફરક નહિ!

*તમારે કેવા બનવું અને કેવા નહિ એ તો તમારે* વિચારવાની વાત છે.

અને આ સાંભળ્યા પછી કેવા બનવું એ તમારે નક્કી કરવાનું છે.

તમે એવું વર્તન કેળવો કે તમને જોઈને તમારા શિક્ષક, ભલે તમે તેમની પાસે એક જ વર્ષ ભણ્યા હો, છતાં એ ગૌરવ લે અને કહે કે આ મારો વિદ્યાર્થી છે. તમારા માબાપને એમ થાય કે આ અમારો કુળદીપક છે. આ કુળદીપક જ અમારી પાછળ અમારા વિચારની, અમારા આચારની અને અમારા સંસ્કારની જ્યોતને જલતી રાખવાનો છે. તમારા મિત્રને પણ થાય કે આ તો મારો સાથીદાર છે. જીવનની મૂંઝવણભરી ખીણમાંથી સાંગોપાંગ બહાર નીકળવા માટે આ જ મારો સહારો છે.

કહો, તમને આવા બનવું ગમે ને?

આવા બનવું હોય તો જીવન જીવવાની સાચી દિશા આજથી જ નક્કી કરો અને તે મુજબ જીવનને આકાર આપો.

તમને થશેઃ આ રીતનો નિર્ણય શી રીતે લઈ શકાય?

આવો હું તમને રસ્તો બતાવું.

તમારે જો જીવન જીવવાની સાર્થકતા માણવી હોય તો તમારી સોબત સારી રાખો. દિલ નીડર રાખો અને મનને કેળવણી આપો.

સત્સંગ, નિર્ભયતા અને મનની કેળવણી જો જીવનમાં હશે તો જ જીવન ઊર્ધ્વગામી બની રહેશે.

જીવનને ઊર્ધ્વગામી બનાવનારી આ જ શિક્ષા અને દીક્ષા છે.

# ગણેશ–ઉત્સવનું રહસ્ય

**ગ**ણેશઉત્સવ ઉજવતાં પહેલાં તમારે ગણેશનું રહસ્ય સમજવું જોઈએ. પરંપરાની પૂજાથી કંઈ નહિ વળે. દરેક વાત પાછળ રહેલ રહસ્યનું દર્શન થાય તો જ એમાંથી સત્ત્વ અને શક્તિ જડે.

આજે લોકોનાં ગૃહજીવન તૂટ્યાં છે, એકતાને બદલે જ્યાંત્યાં છિન્નભિન્નતા દેખાય છે, કારણ કે પ્રાચીન વસ્તુઓ પાછળ રહેલ ભાવના ભુલાણી છે ને વસ્તુનું સ્થૂલ સ્વરૂપ જ લોકો સામે ઊભું રહ્યું છે. ગણેશ પાછળ પણ એવું જ કંઈક જોવા મળે છે.

ગણેશ શબ્દનો અર્થ સમજો. એની વ્યુત્પત્તિ શી છે? ગણ એટલે સમુદાય. ગણ એટલે મંડળી. ગણ એટલે જૂથ. એનો ઈશ એટલે સ્વામી. ઇશ એટલે નેતા. ઈશ એટલે પતિ કે ઉપરી. સમુદાયનો જે ઉપરી હોય તે ગણેશ. સમાજના નેતાનાં લક્ષણ આમાં પડ્યાં છે. એની આકૃતિ અને પ્રકૃતિનું આ પ્રતીક છે. ગૃહસ્વામી, દેશસ્વામી અને સમાજસ્વામી એવો આ પ્રતીકનો અર્થ સમજવાનો છે.

સારા કાર્યનો પ્રારંભ કરતાં પહેલાં ગણેશને એટલે કે વડીલને વંદન કરાય છે. ગણેશાય નમઃ કહી સામાન્ય સમૂહ સામે નૈતૃત્વનું ભાવપ્રતીક મૂકવામાં આવ્યું.

ગણેશની પ્રતિમા જુઓ. એનું ઉદર મોટું છે. એક ભાઈ મને કહે: એ તો લાડવા ભરવા માટે છે! મેં કહ્યું: ના, ભાઈ ના. એ આખી દુનિયાની વાતો પચાવવા માટે છે. જેને દરિયા જેવું પેટ છે તે જ ઘરનો વડીલ કે સમાજનો નેતા બનવાને યોગ્ય ગણાય. જે છીછરા પેટવાળો છે તે ન તો ઘરનો કે ન તો સમાજનો; ન તો દેશનો કે ન દુનિયાનો અગ્રણી બની શકે.

જેને આગળ આવવું છે તેણે પેટ મોટું રાખવું એ આ પ્રતીકની ભાષા છે.

આજે માણસનું પેટ કેવું છીછરું બન્યું છે! કોઈની જરાક વાત જાણતો હોય તો કહેતો ફરે: 'હું એનું બધું જાણું છું.' અને જેની વાત જાણતો હોય એને ડરાવતો ફરે કે 'કહી દઈશ'. અને અવસર મળે તો ચોરામાં બેસી વાતને લાંબી કરી કહે પણ ખરો. માણસ પાસે પૈસો આવ્યો છે પણ એની પાસેથી ગંભીરતા સરકતી જાય છે.

ગણેશપૂજા કરનારે ગણેશને સાગરમાં પધરાવતાં પહેલા સાગરની ગંભીરતાનો ગુણ લેવો જોઈએ. સાગરને તળિયે અસંખ્ય હીરા-મોતી છે, છતાં એ કેવો ગંભીર અને મર્યાદાવાળો છે!

ગણેશની આંખો ઝીણી છે. પેટ મોટું પણ આંખ ઝીણી. ઝીણી આંખ એ સૂક્ષ્મ દૃષ્ટિનું પ્રતીક છે. નેતા સ્થૂલ દૃષ્ટિ કે સ્થૂલ બુદ્ધિવાળો ન હોય. સ્થૂલ દૃષ્ટિ વસ્તુના હૃદયને પારખી કે પામી શકતી નથી. માણસ ઝીણી નજરથી જુએ તો જ એને વસ્તુનું હૃદય જડે અને વાતનું દર્શન થાય.

સૂક્ષ્મ દૃષ્ટિવાળો માણસ આજનો, કાલનો અને પરમ દિવસનો પણ વિચાર કરતો હોય છે. આ દૃષ્ટિના અભાવે

યોગના બદલે ભોગની હવા વધતી જાય છે. લોકો પણ એક જ વિચાર કરતા થઈ ગયા છે, કે ગમે તેમ કરી ભોગનાં સાધન ભેગાં કરો. સુખની લંપટતા વધી છે. પ્રામાણિકતા, આત્મા અને પરમાત્માની વાતો ભૂતકાળની ભુલાતી સ્મૃતિ જેવી બની રહી છે.

સ્થૂલબુદ્ધિના કારણે માણસ ભોગ, કંચન અને કામની રેસમાં ઊતર્યો છે અને તેથી જ નાનામાં નાના માણસથી માંડી મોટા મોટા પ્રધાનો સુધી લુચ્ચાઈ, લંપટપણું, સંગ્રહ અને મારામારી જોવા મળે છે.

એક દિવસ એવો હતો કે સત્તાનું મસ્તક સંતોના ચરણોમાં રમતું અને નમતું. વિનય અને નમ્રતાથી નૃપતિઓ પણ ત્યાગીઓની અનુજ્ઞા અને આજ્ઞા લેતા. ત્યારે આજે સાધુસમાજના પ્રમુખ ગૃહસ્થી માણસો બની બેઠા છે. જેના પ્રમુખ ગૃહસ્થી નેતા હોય એ સાધુસમાજમાં પણ શું માલ હોય તે સમજી શકાય તેમ છે.

*ઝીણી નજર–સૂક્ષ્મ દૃષ્ટિ કેળવવાની ખૂબ જરૂર છે.* આ દૃષ્ટિ આવતાં માત્ર શરીર અને સંપત્તિનો વિચાર નહિ રહે પણ આત્મા અને પરમાત્માનો પણ રહેશે.

ત્રીજી વાત: ગણેશના કાન મોટા છે. સમાજના અગ્રણીના કાન વિશાળ અને ખુલ્લા હોય તો તે સૌનું સાંભળી શકે. એ પૂર્વગ્રન્થિથી બંધાઈ ન જાય તો વાતના પૂર્ણ સત્યને એ પામી શકે.

અગ્રણી એમ કહે કે હું કોઈનું ય સાંભળવા તૈયાર નથી. મારી પાસે સમય નથી. હું કહું તે સાંભળો. તો બીજા લોકો પણ એનું શા માટે સાંભળે ? જે બીજાનું સાંભળવા

તત્પર નથી તેને સાંભળવા બીજા પણ તત્પર નથી. આવા એક કાનના માણસોથી જ સમાજ નાના નાના જૂથમાં વહેંચાઈ જાય છે. આવા માણસો મદદરૂપ અને ઉપકારક થવાને બદલે નુકસાનકારક અને અપકારક બની બેસે છે. માટે કાન મોટા રાખી યોગ્ય માણસની યોગ્ય અને ઉચિત વાત સાંભળવી જોઈએ અને પછી સાર-અસારનો વિવેક કરવો જોઈએ.

ગણેશનું નાક લાંબું છે. એનો અર્થ એ કે દૂર દૂર રહેલી વાતને પણ સૂંઘી સૂંઘીને લેવી જોઈએ, ઘરમાં શું બને છે તે વડીલે ધ્યાનમાં રાખવું જોઈએ. સમાજની શી અવસ્થા છે તે નેતાએ લક્ષ્યમાં રાખવું જોઈએ. મેં એક ગામડામાં એક આગેવાનને જોયેલા. તે જ્ઞાતિમાં સૌ જમ્યા પછી જ જમે. ગામમાં કયાંય કોઇ મુસીબત હોય તો તે પહેલા હાજર થાય. કોઇ કામ કરવાનું હોય તો પોતે એની પહેલ કરે. કોઇ ભૂખ્યું સૂતું હોય તો એની ખબર રાખે ને બીજે દિવસે એને ત્યાં અનાજ પહોંચતું કરે. આવો પુરુષ ગામનો ગણ-પતિ જ કહેવાય ને?

હાથીને સૂંઢ હોય છે તે ફળ પણ લે અને પથ્થર પણ લે; પણ ફળને મોંમાં મૂકે, પથ્થરને ફેંકી દે. તેમ આગેવાન પાસે પણ બંને પ્રકારની વાત અને વ્યક્તિ આવે. તેમાં સારાનો સ્વીકાર કરે અને ખરાબને દૂર કરે. નાકનું કામ સુગંધ લેવાનું છે અને દુર્ગન્ધને દૂર કરવાનું છે.

ગણેશનું વાહન શું છે? ઊંદર. ગણેશદાદા આવડા મોટા અને ઊંદર આવો નાનો! શું તે વાહનને યોગ્ય છે? તમને નવાઈ નથી લાગતી? ઊંદર પર ગણપતિ બેસે તો એનો બાપડાનો તો પાપડ જ થઈ જાય ને? ના, પણ આ પ્રતીકના

સંકેતનો અર્થ તમારે સમજવાનો છે. માણસ ભલે મોટો હોય પણ એનું સૈન્ય નાના માણસોનું બનેલું હોય–નાના માણસો મોટાના વિચારોનું વાહન હોય. ખૂણામાં અને ગલીઓમાં રહેલી વ્યથા અને કથાને પણ એ લાવી શકે અને નેતાના વિચારોને એ નીચલા થર સુધી પણ પહોંચાડી શકે. આ કામ નાના માણસો વિના કોણ કરે?

એટલે અગ્રણી નાનામાં નાની વ્યક્તિને પણ માન આપે. નાના માણસોની બહુમતિથી ચૂંટાઈને ઉપર ગયા પછી એ પ્રજાને ભૂલી ન જાય, નાના માણસે કરેલાં ત્યાગ અને અર્પણને એ વિસરી ન જાય.

નાનાને નાનો ન સમજતાં નાનામાં રહેલી મોટાઈને પણ એ જોતાં શીખે. એ ભૂલી ન જવાય કે નાના અને સામાન્ય દેખાતા નયસારમાં પણ ભગવાન મહાવીરનો આત્મા છુપાયો છે અને ભિક્ષુકમાં સમ્રાટ સંપ્રતિનો આત્મા વસેલો છે. માટે નાની વ્યક્તિને પણ આદર અને માન આપવાની ભાવના કેળવવાની છે.

આ રીતે વિચાર અને વિવેકથી વિચારશો તો જણાશે કે ગણેશ એટલે સમાજ–નેતૃત્વનું પ્રતીક. આ સદ્‌ગુણો તમને જડે તો જ તમારો શ્રમ સફળ થાય.

---

તા. ૧૮–૯–૬૪ના રોજ સિક્કાનગર સદાશિવ સ્ટ્રીટના ગણેશોત્સવ સમિતિના આશ્રયે આપેલું પ્રવચન

# મૈત્રીની મંગળ ભાવના

ઘણાખરા ધર્મો ધર્મના ફળનું જ વર્ણન કરે છે, પણ જૈનદર્શનની વિશિષ્ટતા એ છે કે, ધર્મના સ્વરૂપનું દર્શન કરાવ્યા પછી જ ધર્મના ફળનું વર્ણન કરે છે.

ધર્મથી સુખ મળે છે, શાંતિ મળે છે. આ થયું ધર્મનું ફળ. આ ફળની બાબતમાં દુનિયાના બધા જ ધર્મો અને દર્શનકારો એકમત છે, પણ ધર્મના સ્વરૂપમાં મતભેદ છે. ધર્મ કહેવો કોને? આ પ્રશ્ન આવતાં જ કોકડું ગૂંચવાય છે.

એક તોલા સોનાના ૧૪૦ રૂપિયા મળે એ તો થયું સોનાનું ફળ, પણ સોનું કહેવું કોને? એ થયો સોનાના સ્વરૂપનો પ્રશ્ન.

કસોટી પર પાર ઊતરે, અગ્નિપરીક્ષામાં ઉત્તીર્ણ થાય, તેજાબમાં શ્યામ ન પડે અને છેદમાં દગો ન જણાય, તેનું નામ સોનું. આ થયું સ્વરૂપ. તેમ જૈનધર્મ કહે છે કે, જેમાં મૈત્રીનો આનંદ હોય, પ્રમોદની પ્રસન્નતા હોય, કારુણ્યની મૃદુતા હોય અને માધ્યસ્થનો સૌમ્ય સમભાવ હોય તેનું નામ ધર્મ. એટલે જે ધર્મનાં અનુષ્ઠાનમાં જીવોનો વધ હોય, પશુઓનો સંહાર હોય, હિંસાની આગ હોય, વેરની જ્વાળા હોય, તે ધર્મ સ્વરૂપમાં ખોટો છે, ભલે એ પોતાને ધર્મ કહે, પણ તે પિત્તળ છે.

એટલે જ તો ધર્મનો સંપૂર્ણ ઉપસંહાર કરતાં એક સ્થળે કહ્યું છે કે—

**' मित्रस्य चक्षुषा पश्य ।'**

આપણે આપણી ચાલુ આંખોથી જગતને જોઈએ છીએ એના કરતાં મિત્રની આંખથી જોઈએ તો જગત કોઈ જુદું જ જણાય. આજ આપણને ક્યાંક દોષ દેખાય છે, તો ક્યાંક રોષ દેખાય છે; ક્યાંક વેર દેખાય છે, તો ક્યાંક ઝેર દેખાય છે, પણ મિત્રની આંખથી જોતાં દોષ ગૌણ જણાશે અને ગુણની પ્રશંસા વધશે. મિત્રનું હૈયું મિત્રને દોષ માટે એકાંતમાં પ્રેમથી ઠપકો આપી ગુણની સુવાસ પ્રસરાવશે. મિત્રનું પ્રત્યેક કામ પોતાનું કામ માની અભિન્નતાથી એ કાર્યને સુંદર રીતે પૂર્ણ કરવા પ્રયત્ન કરશે.

મૈત્રીપૂર્ણ મનને બીજો પણ એક સહજ લાભ છે. કોઈનું પણ કોઈ કાર્ય કરવા છતાં એને કદી ગર્વ નહિ આવે. કોઈ એની પ્રશંસા કરશે કે, 'તમે તો ખૂબ કર્યું' તો એ નમ્રભાવે એટલું જ કહેશે: 'આમાં મેં શું કર્યું છે? આ તો મારું કર્તવ્ય હતું.' મૈત્રી વિના આવી કર્તવ્યભાવના જાગતી નથી.

અને સુંદર કાર્ય ન કર્યાનો અનુતાપ પણ મૈત્રી વિના સંભવિત નથી. 'રે, કેવા મારા સંયોગ કે આવું સુંદર કાર્ય કરવાનો સમય હતો; છતાં હું મારા પ્રમાદ કે અશક્તિને કારણે આ કાર્ય ન કરી શક્યો.'

વિશ્વના સંવાદમય અસ્તિત્વનો પાયો એ મૈત્રી છે.

અહિંસાના કરુણામય તત્ત્વોને આ મૈત્રીભાવ વિના કોણ જીવંત રાખી શકે તેમ છે?

વેર એ તો કાંટો છે. એ જ્યાં વાગ્યો હોય ત્યાં સ્વસ્થતા ન હોય. વેરથી ભરેલા ચિત્તવાળો ધર્મસાધના કરી ન શકે, અને કદાચ કોઇ સંજોગોમાં કરે તો એ અનુષ્ઠાન, એ ક્રિયાના મૈત્રી ન હોવાથી એમાં એને સ્વસ્થતા ન લાધે, સમાધિનો લાભ ન થાય, પ્રસન્નતાનો અનુભવ ન થાય. સુરભિ વિનાના ફૂલની જેમ એ પ્રસન્નતાનો પમરાટ ન પ્રસરાવી શકે. માટે જ કહ્યું છે કે—

**'मैत्र्यादिभावसंयुक्तं तद्धर्मः परिकित्र्यते ।'**

મૈત્રી અંગે પંડિત ઓમકારનાથજીએ પૂછેલો એક પ્રશ્ન મને યાદ આવે છે. ઓમકારનાથજી એક નમતી સાંજે મને મળવા આવ્યા, સાથે એમના શાગિર્દ હતા. મેં એમને કહ્યું:

'પંડિતજી! માલકોશમાં કંઈક ન સંભળાવો?' અને એમણે એક ભજન લલકાર્યું. એ પદને એમણે અડધો કલાક ઘૂંટ્યું. ખંડનું વાતાવરણ માલકોશના સૂરમય બની ગયું. સંગીત થંભ્યું, પણ વાતાવરણમાં માલકોશની કોઇ અજબ છાયા પ્રસરી ગઈ. પંડિતજી કહે: 'મહારાજશ્રી, મારી સાથે બેઠેલા આ ગવૈયાંમાંથી કોઇ આ ખંડમાં દુર્ગા ગાય તો હું પાંચ હજાર રૂપિયા હારી જાઉં.' મેં પૂછ્યું, 'એમ કેમ?' એમણે કહ્યું: 'રાગની એક ઘેરી અસર હોય છે. સંપૂર્ણ આરોહ–અવરોહ સાથે પૂર્ણ કરેલાસૂરમાં એવું એક વિશિષ્ટ વાતાવરણ જામી ગયું હોય છે કે જેમાં કોઈ બીજો રાગ ગાઇ શકાય જ નહિ; અને કોઈ ગવૈયો ગાવા જાય તો ફરી એ માલકોશ પર જ આવીને ઊભો રહે. રાગની આ એક અસર છે.' ત્યારે મેં કહ્યું: 'પંડિતજી! રાગની જેમ અસર છે, તેમ વૈરાગ્યની પણ એક અસર છે. ભગવાન

મહાવીરની વૈરાગ્યમય મૈત્રીની એવી એક અસર હોય છે કે એમાં જન્મજાત વૈરી આવે તો પણ એ વેરની અસરને ભૂલી જાય. સાપ અને નોળિયો, ગાય અને વાઘ, ઊંદર અને બિલાડી સામસામા બેસે પણ વેરભાવ સંભારી જ ન શકે. એ વાતાવરણમાં મૈત્રીની એક એવી કરુણાપૂર્ણ મધુર અસર હોય છે.' કે ત્યાં વેર ટકી જ ન શકે.

એક દીવામાંથી હજાર દીવા પ્રગટે છે, તેમ હૃદયમૈત્રી-માંથી વિશ્વમૈત્રી પ્રગટે છે. એક દાણો વાવીએ તો એમાંથી હજારો દાણા ઊગે, તેમ આપણાં હૈયામાં મૈત્રીનો એક દાણો હોય તો એમાંથી જ વિશ્વમૈત્રીના અનેક ભાવ પ્રસરે.

મૈત્રી વિના ક્ષમા નથી, અને ક્ષમા વિના મુક્તિ નથી.

તો મૈત્રી આદિ ભાવોનો મંગળમય પ્રકાશ આપણા અનુષ્ઠાનોના અણુઅણુમાંથી પ્રગટો એવી શુભેચ્છા.